RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 23-05-2026 I VOL : 12 I Issue : 67 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

મને હોય તો મમરા પણ સારા લાગે અને જો મન દુઃખ હોય તો કાજુ બદામ પણ ખોરા લાગે

3  અમિત શાહનો હુંકાર : વીણી-વીણીને ઘૂસણખોરને દેશમાંથી બહાર કાઢીશું..

4  બેદરકારી કે બેજવાબદારી: એક દાયકામાં ચારધામ યાત્રામાં અંદાજે 1300 લોકોનાં મોત

6  સોનાક્ષી-ઝહીર પર 'મેલોડી ટોફી' ટ્રેન્ડનો રંગ ચડ્યો!

7  IPLની સૌથી સ્માર્ટ ટીમ ગુજરાત ટાઈટન્સની પાંચ સિઝનમાં ચોથી વખત પ્લેઓફમાં એન્ટ્રી

## એક નજર...

### જાહ્નવીનાં નખરાંઓથી પેડ્ડી ફિલ્મની ટીમ થઇ તંગ



સાઉથની ફિલ્મ 'પેદ્દી'ની ટીમ જાહ્નવી કપૂરનાં નખરાંઓથી નારાજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન જાહ્નવીના એટિટયુડથી અન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે. આ ફિલ્મમાં જાહ્નવીનો રોલ બહુ કપાઈ ગયો હોવાથી હવે તે પ્રમોશન વખતે નખરાં દેખાડી રહી હોવાનું કહેવાય છે. મુંબઈમાં ટ્રેલર લોન્ચ વખતે જાહ્નવી એક કલાક મોડી આવી હતી. પરિણામે રામ ચરણ મીડિયાકર્મીઓના પ્રશ્નોત્તરીથી બચવા કારમાં જ બેસી રહ્યો હતો. પ્રમોશન માટે સમયસર પહોંચેલા અન્ય કલાકારોએ પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

# PM મોદીનો મંત્રીઓને આદેશ- ફાઇલો અટકવી ના જોઈએ...!

## આફ્રિકાથી આવતા મુસાફરો પર રાખવામાં આવશે કડક નજર, ઍરપૉર્ટ પર સ્ક્રીનિંગ વધારાયું

નવી દિલ્હી

નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુરુવારે કેન્દ્રીય મંત્રી પરિષદની એક અત્યંત મહત્ત્વની અને લાંબી બેઠક યોજાઈ હતી. લગભગ સાડા ચાર કલાક ચાલેલી આ મેરેથોન બેઠકમાં પીએમ મોદીએ તમામ મંત્રીઓને આગામી સમય માટે સ્પષ્ટ રોડમેપ આપી દીધો છે. આવતા મહિને કેન્દ્રમાં મોદી સરકાર પોતાના સફળ




12 વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે, તે પહેલાં જ યોજાયેલી આ હાઈ-લેવલ મીટિંગથી રાજકીય ગરમાવો આવી ગયો છે.

પીએમ મોદીએ પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી શેર કરતાં લખ્યું: ગઈકાલે મંત્રી પરિષદની ખૂબ જ ફળદાયી બેઠક થઈ. અમે 'ઇઝ ઑફ લિવિંગ' (સરળ જીવન), 'ઇઝ ઑફ ડૂઈંગ બિઝનેસ' (વેપારમાં સરળતા)ને પ્રોત્સાહન આપવા અને આપણા સહિયારા સપના 'વિકસિત ભારત'ને સાકાર કરવા માટે સુધારાને કેવી રીતે આગળ વધારવા તે અંગે વિચારો અને શ્રેષ્ઠ પદ્ધતિઓની આપ-લે કરી.'

સૂત્રોના જણાવ્યા અનુસાર, બંધ બારણે યોજાયેલી આ બેઠકમાં વડાપ્રધાને મંત્રીઓને મંત્રીઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ભૂતકાળમાં શું થયું તે ભૂલી જાઓ, હવે માત્ર ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો. તેમણે સ્પષ્ટ કર્યું કે દરેક મંત્રાલયે 'વિકસિત ભારત 2047'ના વિઝનને નજરમાં રાખીને કામ કરવું પડશે. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે સુધારાઓ માત્ર કાગળ પર ન રહેવા જોઈએ, પરંતુ તેનાથી સામાન્ય નાગરિકો માટે શાસન વ્યવસ્થા વધુ ઝડપી, સરળ અને અસરકારક બનવી જોઈએ.

આ હાઈ-પ્રોફાઈલ મીટિંગમાં 9 મહત્ત્વના વિભાગો દ્વારા વડાપ્રધાન સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં કૃષિ, વન, શ્રમ, માર્ગ પરિવહન, કોર્પોરેટ અફેર્સ, વિદેશ મંત્રાલય, વાણિજ્ય અને ઊર્જા મંત્રાલયનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે ઑફિસોમાં બિનજરૂરી અમલદારશાહીના કારણે ફાઈલો અટકવી ન જોઈએ. ફાઈલોની અવરજવર સુપરફાસ્ટ થવી જોઈએ જેથી ઉપલબ્ધ સમયનો મહત્તમ સદુપયોગ થઈ શકે.

# 'માતા-પિતા IAS હોય તો સંતાનોને અનામત કેમ આપવી જોઇએ?' : SC

અમદાવાદ

દેશમાં અન્ય પછાત વર્ગ (OBC) અનામત અને ક્રીમી લેયરની જોગવાઈઓને લઈને સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી છે. આ સુનાવણી દરમિયાન દેશની સર્વોચ્ચ અદાલતે એક મોટી અને તીખી ટિપ્પણી કરતાં સવાલ ઉઠાવ્યો છે કે, જો કોઈ ઉમેદવારના માતા-પિતા બંને IAS (આઈએએસ) અધિકારી હોય, તો તેવી સ્થિતિમાં ઉમેદવારને અનામતનો લાભ શા માટે મળવો જોઈએ? કોર્ટની આ ટિપ્પણી બાદ દેશમાં ફરી એકવાર ક્રીમી લેયરની મર્યાદા અને અનામતના માપદંડોને લઈને ચર્ચા તેજ બની છે.

આ મહત્ત્વની ટિપ્પણી જસ્ટિસ બી. વી. નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેંચ દ્વારા કેસની સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી. સુનાવણી વખતે જસ્ટિસ નાગરત્નાએ અનામતના મૂળ સિદ્ધાંતને રેખાંકિત કરતાં જણાવ્યું હતું કે, અનામતનો અસલી હેતુ સમાજના એવા લોકો સુધી ફાયદો પહોંચાડવાનો છે જેઓ વાસ્તવમાં પછાત, શોષિત અને વંચિત છે. તેમણે સવાલ કરતાં પૂછ્યું કે, જ્યારે કોઈ પરિવાર દેશની સૌથી ઊંચી વહીવટી સેવાઓ(Group A) સુધી પહોંચી ચૂક્યો હોય, ત્યારે તેમના બાળકોને આગળ અનામતનો લાભ આપવાનું શું ઔચિત્ય હોઈ શકે?

સુનાવણી દરમિયાન કોર્ટમાં પક્ષ રાખતા વકીલ શશાંક રત્નૂએ સ્પષ્ટતા કરી હતી કે, અધિકારીઓને માત્ર તેમના ઊંચા પગારના કારણે નહીં, પરંતુ સમાજ અને વહીવટીતંત્રમાં તેમની સ્થિતિ(Status)ના કારણે ક્રીમી લેયર અંતર્ગત અનામતના લાભથી બહાર રાખવામાં આવે છે. તેમણે બેંચને જણાવ્યું કે ગ્રૂપ એ(Group A)ના તમામ કર્મચારીઓ આ દાયરામાં આવે છે અને કેટલાક વિશેષ કિસ્સાઓમાં ગ્રૂપ બી(Group B)ના કર્મચારીઓને પણ આ અંતર્ગત બહાર રાખવામાં આવે છે.

# ગુજરાત સહિત 10 રાજ્યોમાં રાજ્યસભા ચૂંટણીની જાહેરાત

## ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર કાર્યક્રમ અનુસાર, દેશના 10 રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે

અમદાવાદ

દેશમાં ખાલી થઈ રહેલી રાજ્યસભાની બેઠકોને લઈને ચૂંટણી પંચે (Election Commission) એક મોટું જાહેરનામું બહાર પાડીને ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. ગુજરાત અને મધ્યપ્રદેશ સહિત દેશના 10 રાજ્યોની કુલ 24 રાજ્યસભા બેઠકો પર આગામી જૂન મહિનામાં ચૂંટણી યોજાશે.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર કાર્યક્રમ અનુસાર, દેશના 10 રાજ્યોની 24 રાજ્યસભા બેઠકો પર પેટાચૂંટણી (અથવા દ્વિવાર્ષિક ચૂંટણી) યોજાવા જઈ રહી છે. આ બેઠકો પર આગામી 18 જૂન 2026 ના રોજ સવારે 9 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ તે જ દિવસે સાંજે 5 વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવાશે અને રાત સુધીમાં તમામ પરિણામો સ્પષ્ટ થઈ જશે. પંચના જણાવ્યા મુજબ, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા 20 જૂન 2026 સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

આ ચૂંટણીમાં જે 10 રાજ્યો સામેલ છે તેમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમનો સમાવેશ થાય છે.

આ યાદીમાં સૌથી વધુ 4-4 બેઠકો ગુજરાત, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાંથી ખાલી થઈ રહી છે. જ્યારે રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહની બેઠકો ખાલી થશે.

જે 24 રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ જૂન અને જુલાઈ 2026માં સમાપ્ત થઈ રહ્યો છે, તેમાં દેશના અનેક મોટા રાજકીય ચહેરાઓ સામેલ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, મધ્યપ્રદેશના પૂર્વ સીએમ દિગ્વિજય સિંહ અને દેશના પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડા જેવા વરિષ્ઠ નેતાઓની બેઠકો પર ફરીથી પ્રતિનિધિઓ ચૂંટવામાં આવશે.

રાજ્યસભામાં સંખ્યાબળ જાળવી રાખવા માટે ભાજપ અને વિપક્ષી ગઠબંધન બંને પોતપોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત થઈ ગયા છે.

મતદાન પ્રક્રિયાને સંપૂર્ણપણે પારદર્શી અને નિષ્પક્ષ રાખવા માટે ચૂંટણી પંચે ખાસ ઓબ્ઝર્વર્સ (પર્યવેક્ષકો) ની નિમણૂક કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે પંચે એક કડક આદેશ જારી કર્યો છે કે મતદાન દરમિયાન મતદારોએ (ધારાસભ્યોએ) માત્ર રિટર્નિંગ ઓફિસર દ્વારા આપવામાં આવતી ખાસ જાંબલી (Purple) રંગની સ્કેચ પેન નો જ ઉપયોગ કરવાનો રહેશે. જો કોઈ સભ્ય અન્ય કોઈ પણ પેન અથવા રંગથી બેલેટ પેપર પર નિશાન કરશે, તો તેનો વોટ અમાન્ય (રદ) ગણવામાં આવશે.

## NEWS TRACK

### માર્કો રુબિયોનું મોટું નિવેદન: "ભારત અમારો શાનદાર સહયોગી"

મિડલ ઈસ્ટ(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલી ભીષણ સૈન્ય કટોકટી અને હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી નાકાબંધી વચ્ચે ભારત માટે વૈશ્વિક સ્તરેથી એક ખૂબ જ રાહત સમાન અને મોટા સમાચાર સામે આવ્યા છે. પોતાના ચાર દિવસીય ભારત પ્રવાસ પર આવતા પહેલા અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ નવી દિલ્હીને અસીમિત એનર્જી (ઓઇલ અને ગેસ) આપવાની મોટી જાહેરાત કરી છે. પોતાના સત્તાવાર ભારત પ્રવાસના બરાબર એક દિવસ પહેલાં મિયામી ખાતે પત્રકારો સાથે વાતચીત કરતી વખતે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારત સાથેના સંબંધોને સર્વોચ્ચ ગણાવ્યા છે. રુબિયોએ સ્પષ્ટ શબ્દોમાં ખાતરી આપી છે કે, 'વોશિંગ્ટન ભારતને એટલી ઊર્જા (ઓઇલ અને ગેસ) વેચવા માટે સંપૂર્ણ તૈયાર છે, જેટલી નવી દિલ્હી અમારી પાસેથી ખરીદવાની ઈચ્છા રાખે છે.' તેમણે ભારતને અમેરિકાનો એક બહેતરીન અને અત્યંત મજબૂત ભાગીદાર ગણાવ્યો હતો. વિદેશ મંત્રી રુબિયોએ આ દરમિયાન વધુ એક મહત્ત્વની આર્થિક જાહેરાત કરતાં જણાવ્યું કે, વેનેઝુએલાના અંતરિમ રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગેઝ પણ આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં ભારતને કાચું ઓઇલ વેચવાના મુદ્દે આખરી મહોર વાગશે.

### મસ્કની કંપની xને ઓસ્ટ્રેલિયામાં 4.65 લાખ ડોલરનો દંડ કરાયો

સોશિયલ મીડિયા સાઇટ એક્સનો મુસીબતો પીછો છોડતી લાગતી નથી. ઓસ્ટ્રેલિયન જજે એક્સ કોર્પોરેશનને ૬.૫૦ લાખ ઓસ્ટ્રેલિયન ડોલર (૪.૬૫ લાખ અમેરિકન ડોલર)નો દંડ ફટકાર્યો છે. ઓનલાઇન ઓબ્ઝર્વરને ૨૦૨૩માં બાળકોની જાતીય સતામણીના વિષયના સંદર્ભમાં વિગતો પૂરી પાડવામાં નિષ્ફળ જવા બદલ આ દંડ ફટકારવામાં આવ્યો છે. ફેડરલ કોર્ટના જજ માઇકલ વ્હીલહને ટેક્સાસ સ્થિત સોશિયલ મીડિયા જાયન્ટને ઈસેફટી કમિશ્નર જુલી ઇનમાન ગ્રાન્ટને ૪૫ દિવસની અંદર એક લાખ ઓસ્ટ્રેલિયન ડોલર (૭૧ હજાર અમેરિકન ડોલર)ની ચૂકવણી કરવા આદેશ આપ્યો છે. આ ચુકાદાના પગલે એક્સન ત્રણ વર્ષની કાયદાકીય લડાઈનો અંત આવ્યો છે. તેમા એક્સની દલીલ હતી કે તે ઈસેફટી કમિશનના સવાલોનો જવાબ આપવા બંધાયેલું નથી. તેના કારણે કોર્ટે કંપનીની બરોબરની ઝાટલણી કાઢી હતી. એક્સે કબૂલ્યુ હતું કે ઓસ્ટ્રેલિયા ઓનલાઇન સેફટી એક્ટનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે. આ કાયદા મુજબ ઈસેફટીના સવાલોનો જવાબ આપવાનો હોય છે. આ જવાબ ન આપવા બદલ કંપનીને ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ નોટિસ ગઈ હતી.

# અંકલેશ્વરમાં ખાખી શરમાઇ, બુટલેગરો હરખાયા: એસપી સાહેબ, તમારી નાકની નીચે ચાલતા મોતના આ કાળા કારોબાર પર ક્યારે પડશે હથોડો?

## પોલીસના આશીર્વાદથી અંકલેશ્વર બન્યું ક્રાઇમનું એપીસેન્ટર: ભરૂચ એલસીબીની મહેરબાની અને વહીવટદારોની મલાઇના સનસનાટીપૂર્ણ ખુલાસા!

અંકલેશ્વર

રાજ્ય સરકાર ભલે કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત અમલની ગુલબાંગો પોકારે, પરંતુ ભરૂચ જિલ્લામાં કાયદાના રક્ષકો જ ભ્રષ્ટાચારના કાદવમાં ખદબદી રહ્યા છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ગણાતું અંકલેશ્વર આજે કેમિકલના ઉત્પાદન માટે નહીં, પણ ગેરકાયદેસર દેશી-વિદેશી દારૂ અને મોતના કાળા કારોબાર માટે હેડલાઈન્સમાં છે. અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની નાકની નીચે જ દેશી દારૂનું મસમોટું નેટવર્ક ચલાવતો બુટલેગર રમેશ વસાવા કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યો છે. સ્થાનિક પોલીસ અધિકારીઓ ગાંધીનગરના આદેશોની ઐસીતૈસી કરીને, પોતાની ખિસ્સા ભરવાની ભૂખ સંતોષવા આ મોતના વેપારી સામે નતમસ્ત થઈને ઊભા છે.

અંકલેશ્વર GIDCના શ્રમિક વિસ્તારો અને રેલ્વે સ્ટેશનની પાછળ આવેલી ઝૂંપડપટ્ટીઓમાં રમેશ વસાવાના ગુંડાઓ સરેઆમ ઝેર વેચી રહ્યા છે. ફેક્ટરીઓમાંથી નીકળતા જોખમી અને એસિડિક કેમિકલનો ઉપયોગ કરીને આ દેશી દારૂ બનાવવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ગરીબ શ્રમિકો અને યુવાનો આ સ્લો-પોઈઝન પીને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. જનતાની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલી પોલીસ આ મોતના તાંડવની ભાગીદાર બનીને તમાશો જોઈ રહી છે. શું આ અધિકારીઓ કોઈ મોટા 'લઠ્ઠાકાંડ'ની અને માસૂમોની લાશોના ઢગલા થવાની રાહ જોઈ રહ્યા છે?

આ આખા કાળા સામ્રાજ્યની પાછળ રમેશ વસાવાનો જમણો હાથ ગણાતો વહીવટદાર દત્તુ સક્રિય છે. પોલીસ બેડાની અંદરની ચર્ચાઓ મુજબ, અંકલેશ્વર GIDC... પોલીસ સ્ટેશનથી લઈને ભરૂચ LCB સુધી લાખો રૂપિયાના હપ્તા પહોંચાડવાની જવાબદારી આ દત્તુના શિરે છે. જ્યારે ખાખી વર્દી જ બુટલેગરોના એજન્ટોના કટકા પર નભવા લાગે, ત્યારે સામાન્ય જનતા ન્યાય અને સુરક્ષા માટે ક્યાં કાનૂનનો દરવાજો ખટખટાવે?

ભરૂચ જિલ્લામાં માત્ર દારૂ જ નહીં, જુગારની ક્લબો પણ બેખોફ ચાલી રહી છે. સૌથી ભયાનક બાબત એ છે કે, જો કોઈ દેશભક્ત કે જાગૃત નાગરિક ભરૂચ LCBના પીઆઈને આ અડ્ડાઓ અંગે ગુપ્ત માહિતી આપે, તો તે માહિતી ગણતરીની મિનિટોમાં બુટલેગરો સુધી પહોંચી જાય છે! ત્યારબાદ પોલીસના છૂપા આશીર્વાદથી એ નાગરિક પર બર્બરતાપૂર્વક હુમલા કરવામાં આવે છે. માહિતી આપનારાઓને જ ખતમ કરી દેવાની આ લિંક પોલીસની દાનત પર સૌથી મોટો સવાલિયા નિશાન લગાવે છે.

અંકલેશ્વરમાં ખાખીનો ખોફ એટલો ઓગળી ગયો છે કે હવે મહિલા બુટલેગરો પણ મેદાને પડી છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, નવી નગરીમાં ઝૂંપડા બાંધીને ભારતી અને જ્યોતિ નામની મહિલા બુટલેગરો આખું જુગારધામ ચલાવી રહી છે. અહીં ખુલ્લેઆમ ત્રણ પત્તી, વરલી મટકા, ટીરિયું અને ચકલી-પોપટ નામનો જુગાર રમાડવામાં આવે છે. અંકલેશ્વર શહેર જાણે દારૂ અને જુગારનું ઓફિશિયલ હબ બની ગયું છે. પૈસાની લાલચમાં આંધળા બનેલા પોલીસ અધિકારીઓ અંકલેશ્વરના યુવાધનને બરબાદીના ખાઈમાં ધકેલી રહ્યા છે. જ્યારે પણ ઉપરથી દબાણ આવે ત્યારે માત્ર નીલ રેડ બતાવીને કાગળ પર સબ સલામત હોવાના નાટક કરવામાં આવે છે!

સૂત્રો પાસેથી મળતી સનસનાટીપૂર્ણ વિગતો અનુસાર, GIDC પોલીસ સ્ટેશનના પીઆઈ ઠાકોર અને ભરૂચ LCB પીઆઈ માટે આ વિસ્તાર સોનાની લગડી સમાન બની ગયો છે. દર મહિને ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો હપ્તો સાહેબો સુધી ટાઈમસર પહોંચી જાય છે.

પોલીસ વિભાગમાં ચર્ચા છે કે આ ભ્રષ્ટ અધિકારીઓ જિલ્લાના એક ઉચ્ચ પોલીસ અધિકારીના 'કમાઉ દીકરા' તરીકે પ્રોટેક્શન મેળવી રહ્યા છે, જેના કારણે એસપી સાહેબ પણ જિલ્લાની વાસ્તવિકતાથી અજાણ હોવાનું નાટક કરી રહ્યા છે. આ પ્રકારની ખુલ્લેઆમ હપ્તાખોરી આડકતરી રીતે ગુજરાત સરકારની છબી ખરડીને તેને ઉથલાવવાનું મોટું ષડયંત્ર છે.

અંકલેશ્વરની જનતા હવે કાગળિયાની તપાસથી છેતરાવાની નથી. જો ભરૂચ એસપી દ્વારા તાત્કાલિક ધોરણે તટસ્થ અધિકારીઓ મોકલી અડ્ડાઓ પર ધાડ પાડવામાં નહીં આવે અને કડક એક્શન લેવામાં નહીં આવે, તો જનતા પોતે રસ્તા પર ઉતરીને કાયદો હાથમાં લેશે અને ન્યાય માંગશે, જેની સંપૂર્ણ જવાબદારી ભરૂચ પોલીસ પ્રશાસનની રહેશે! હવે જોવાનું એ રહે છે કે એસપી સાહેબમાં ખાખીનો પાવર બચ્યો છે કે પછી બુટલેગરોનો વહીવટ જીતી જાય છે?




### પાક્કો ગુજરાત ન્યૂઝના સણસણતા સવાલો અને SPને ખુલ્લી ચેલેન્જ

- સવાલ 1: ભરૂચ જિલ્લા પોલીસ વડા (SP) આ ભ્રષ્ટ પીઆઈ ઠાકોર, એ ડિવિઝન પોલીસ અને LCB પીઆઈ વિરુદ્ધ ક્યારે કડક સસ્પેન્શનના પગલાં લેશે? કે પછી વહીવટની આંચ છેક ઉપર સુધી નડી રહી છે?
- સવાલ 2: ગૃહમંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રીના આદેશોને બુટના તળિયે કચડનારા બુટલેગર રમેશ, વહીવટદાર દત્તુ અને નવી નગરીની ભારતી-જ્યોતિને ક્યારે જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે?
- સવાલ 3: શું ભરૂચ એસપી સાહેબ ગાંધીનગરની ટીમો આવીને રેડ પાડે તેની રાહ જોઈ રહ્યા છે, કે પછી પોતાની સત્તાનો ઉપયોગ કરી તાત્કાલિક ધોરણે આ તમામ અડ્ડાઓ પર સ્પેશિયલ ઓપરેશન હાથ ધરી ખાખીની લાજ બચાવશે?

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# યુવતીઓને PSIની ઓળખ આપી લાખો રૂપિયા પડાવનારો હાઈપ્રોફાઈલ ગઠિયો ઝડપાયો

ગાંધીનગર

પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) તરીકેનો ખોટો વટ પાડીને માસૂમ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવનારા અને તેમની પાસેથી લાખો રૂપિયા પડાવનારા એક રીઢા નકલી પોલીસ અધિકારીને પોલીસે ઝડપી પાડ્યો છે. ખાખી વર્દીનો રોફ બતાવીને ગુના આચરતા આ ભેજાબાજની ધરપકડ થતાં જ અનેક યુવતીઓ છેતરાઈ હોવાના ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના સેવાઈ રહી છે. મળતી વિગતો અનુસાર, પકડાયેલો આરોપી સોશિયલ મીડિયા પર અને જાહેરમાં પોતે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર હોવાની ખોટી ઓળખ આપતો હતો. તે યુવતીઓ સાથે મિત્રતા કેળવી, લગ્નની લાલચ આપી અથવા તો કાયદાકીય કામો પતાવી દેવાના બહાને વિશ્વાસ જીતતો હતો. એકવાર યુવતીઓ તેની જાળમાં ફસાઈ જાય, એટલે તે અલગ-અલગ મજબૂરીઓ બતાવીને તેમની પાસેથી ઓનલાઈન અને કેશમાં લાખો રૂપિયા પડાવી લેતો હતો.

આવી રીતે ફૂટ્યો ભાંડો

એક જાગૃત યુવતીને આ નકલી પીએસઆઈની વર્તણૂક અને વાતો પર શંકા જતાં તેણે પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસ કરતા જ સામે આવ્યું કે આ નામે કોઈ સત્તાવાર અધિકારી પોલીસ વિભાગમાં છે જ નહીં. જેથી પોલીસે છટકું ગોઠવીને આ નકલી પીએસઆઈને રંગેહાથ ઝડપી લીધો હતો.

પોલીસે આરોપી પાસેથી નકલી આઈડી કાર્ડ, પોલીસ લોગો વાળી વસ્તુઓ અને મોબાઈલ ફોન જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગઠિયાએ અત્યાર સુધીમાં અનેક યુવતીઓને લાખો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. પોલીસે લંપટ નકલી પોલીસ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને અન્ય કોઈ યુવતીઓ આનો ભોગ બની છે કે કેમ તે દિશામાં પૂછપરછ શરૂ કરી છે.

# ભાયાવદરના ખુનની કોશિશના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી રાજકોટ રેન્જ પોલીસ

રાજકોટ

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હેઠળના જિલ્લાઓમાં ગુનાઓ આચરીને નાસતા-ફરતા ગુનેગારોને શોધી કાઢવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એન.મોરી, બી.સી. મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા તેમની સ્ટાફ ટીમ દ્વારા ટેકનિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.સી.મીયાત્રા તથા સ્ટાફના કુલદીપસિંહ ચુડાસમા, વકારભાઈ આરબ, શિવરાજસિંહ ઝાલા, દિવ્યેશભાઈ સુવા અને નિકુલભાઈ પંપાણીયાને ચોક્કસ બાતમી મળી હતી કે ભાયાવદર પોલીસ સ્ટેશનના ખૂનની કોશિષના ગુનામાં નાસતો-ફરતો એક રીઢો આરોપી ઉપલેટા વિસ્તારમાં છુપાયેલો છે.બાતમીના આધારે રેન્જ પોલીસે ઉપલેટાના વડાળી ગામની અવાવરુ સીમ વિસ્તારમાંથી આરોપી અલીમામદ ઉર્ફે પટપટીયો તૈયબભાઈ ઓસમાણભાઈ શેઠા (ઉંમર વર્ષ ૫૫, રહે. પડવલા ગામ, તા. ઉપલેટા, મૂળ રહે. ધારાગઢ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા) ને ઝડપી પાડ્યો હતો.

આ પકડાયેલ આરોપી અગાઉ ખૂન, ખૂનની કોશિષ, મારામારી, હથિયાર અને બળાત્કાર જેવા ગંભીર પ્રકારના આશરે ૧૧ જેટલા ગુનાઓમાં પકડાઈ ચૂકેલો રીઢો ગુનેગાર છે અને હાલમાં તે ભાયાવદર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૫૧(૩), ૩(૫) ના ખૂનની કોશિષના ગુનામાં નાસતો-ફરતો હતો. પોલીસે આરોપીને પકડીને આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભાયાવદર પોલીસ સ્ટેશનને સોંપી આપ્યો છે.

# કળિયુગમાં પણ માનવતા જીવે છે! ત્યજી દેવાયેલી નવજાત બાળકી માટે મહિલા સફાઈકર્મી બની 'દેવદૂત'

ગાંધીનગર

જ્યાં એક તરફ આધુનિક યુગમાં માનવીય સંવેદનાઓ સુકાઈ રહી છે, ત્યાં બીજી તરફ સમાજમાંથી હજુ પણ માનવતા સાવ ભૂંસાઈ નથી તેનો જીવતો-જાગતો કિસ્સો સામે આવ્યો છે. કોઈ પાષાણ હૃદયની જનેતા પોતાની લોહીના અંશ એવી નવજાત બાળકીને રસ્તા પર ત્યજી દીધી હતી, પરંતુ એક મહિલા સફાઈકર્મીની સતર્કતા અને માતૃત્વના કારણે આ માસૂમનો જીવ બચી ગયો છે. વહેલી સવારે જ્યારે એક મહિલા સફાઈકામદાર વિસ્તારમાં સફાઈ કરી રહી હતી, ત્યારે નજીકના સૂમસામ ખૂણામાંથી કોઈ નવજાત શિશુના રડવાનો ધીમો અવાજ સંભળાયો હતો. સફાઈકર્મીએ તુરંત જ અવાજની દિશામાં જઈને જોયું તો કપડામાં લપેટેલી, હજુ હમણાં જ જન્મેલી એક માસૂમ બાળકી ત્યાં અસહાય હાલતમાં પડી હતી. ભલે જન્મ આપનારી માતા પથ્થર દિલ બની કચરામાં ફેંકી ગઈ, પણ કચરો સાફ કરનારી સફાઈકામદાર મહિલાએ મમતાનો પાલવ પાથરી બાળકીને છાતીએ સરસી ચાંપી દીધી હતી. મહિલા સફાઈકર્મીએ જરાય સમય ગુમાવ્યા વિના આસપાસના લોકોને એકઠા કર્યા અને તાત્કાલિક પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. બાળકીને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલના આઈસીયુ (ICU) વોર્ડમાં ખસેડવામાં આવી હતી. સમયસર સારવાર મળી જતાં તબીબોના જણાવ્યા અનુસાર હાલ બાળકી સંપૂર્ણ સુરક્ષિત અને સ્થિર છે. આ ઘટનાને પગલે પોલીસે અજાણી માતા સામે ગુનો નોંધી, સીસીટીવી (CCTV) ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. બીજી તરફ, પોતાની ફરજની સાથે માનવતાની સુવાસ ફેલાવનારી આ મહિલા સફાઈકર્મીની ઉમદા કામગીરીને આખું ગુજરાત સલામ કરી રહ્યું છે. ખરેખર, કપડાં ભલે કચરાથી મેલા થતા હોય, પણ આ મહિલાનું દિલ સોનાનું છે.

# કાનૂનના પહેરા વચ્ચે મિલન: વરરાજા જેલમાંથી 4 કલાકના પેરોલ પર છૂટ્યો

ગોપાલગંજ

પ્રેમ ગમે તેવા કપરા સંજોગોમાં પણ પોતાનો રસ્તો શોધી લે છે, તેનો જીવતો-જાગતો અને અનોખો કિસ્સો બિહારના ગોપાલગંજ જિલ્લામાંથી સામે આવ્યો છે. અહીં કાયદાના કડક પહેરા અને પોલીસ બંદોબસ્ત વચ્ચે એક અનોખા લગ્ન સંપન્ન થયા હતા. એક કેદી યુવકને કોર્ટ દ્વારા માત્ર ૪ કલાક માટે જેલમાંથી પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો હતો, જે દરમિયાન તેણે પોતાની પ્રેમિકા (મંગેતર) સાથે લગ્ન પ્રભુતામાં પગલાં માંડ્યા હતા અને લગ્નવિધિ પૂર્ણ થતાં જ તે નવવધૂને મૂકીને પાછો જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, આ અનોખા લગ્ન ગોપાલગંજના પ્રખ્યાત થાવે દુર્ગા મંદિરમાં યોજાયા હતા. યુવક કોઈ કાનૂની કેસના કારણે જેલમાં સજા કાપી રહ્યો હતો. પરંતુ, પ્રેમિકા સાથે તેના લગ્ન અગાઉથી નક્કી થયેલા હોવાથી, લગ્નની વિધિ પૂર્ણ કરવા માટે કોર્ટ સમક્ષ પેરોલની માંગણી કરવામાં આવી હતી. માનવતાવાદી અભિગમ દાખવીને કોર્ટે માત્ર ૪ કલાકની મર્યાદિત પેરોલ મંજૂર કરી હતી. લગ્નના મુહૂર્ત સમયે વરરાજાને પોલીસ પ્રોટેક્શન સાથે જેલમાંથી સીધો થાવે મંદિર લાવવામાં આવ્યો હતો. મંદિરમાં બંને પરિવારોની હાજરીમાં, વૈદિક મંત્રોચ્ચાર સાથે વર-કન્યાએ સાત ફેરા ફર્યા હતા. આ લગ્નમાં શરણાઈના સૂર સાથે પોલીસની સાયરનનો અવાજ પણ ગૂંજતો રહ્યો હતો. લગ્નની વિધિ અને સિંદૂરદાન પૂરું થતાં જ, વરરાજાએ પત્નીને વિદાય આપવાના બદલે પોતે પોલીસ વાનમાં બેસીને જેલ તરફ વિદાય લીધી હતી. સોશિયલ મીડિયા પર આ અનોખા લગ્નની તસવીરો અને વીડિયો ભારે વાયરલ થઈ રહ્યા છે અને લોકો આ અદભુત પ્રેમ કહાનીની ચર્ચા કરી રહ્યા છે.

## ગુજરાત સરહદેથી પાપનું 'સિસ્ટમેટિક' હફ્તારાજ

# દિગ્ગજ નેતાના ભાઈ અને વહીવટદાર સુરેશ ચૌધરીની જુગલબંધી

બનાસકાંઠા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અને કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક એવો ભયાનક અને સ્ફોટક ખુલાસો 'પાક્કો ગુજરાત' સામે આવ્યો છે, જે ગાંધીનગર સુધીની આખી સિસ્ટમને હચમચાવી મુકશે. રાજસ્થાન સરહદેથી ગુજરાતમાં પ્રવેશતા ઝેરીલા ડ્રગ્સ અને દારૂના કન્ટેનરો કોઈ ચોરીછૂપીથી નહીં, પણ ઉત્તર ગુજરાતના એક અતિ વગદાર અને દિગ્ગજ રાજકીય નેતાના સગા ભાઈના ઈશારે અને તેના પરમ વફાદાર માણસ સુરેશ ચૌધરીના કાળા વહીવટ હેઠળ ધમધમી રહ્યા છે. ચૌધરી સમાજના આ મોટા નેતાની સીધી છત્રછાયા અને આશીર્વાદ હોવાથી વહીવટદાર સુરેશ ચૌધરી સામે આંખ ઊંચી કરવાની પણ કોઈ અધિકારીની હિંમત નથી.

સૂત્રોના પાકા અને સનસનાટીભર્યા અહેવાલ મુજબ, બનાસકાંઠા એસપી પ્રશાંત સુંબેના કથિત ખાસ વહીવટદાર તરીકે ઓળખાતો આ સુરેશ ચૌધરી આખા જિલ્લામાં બુટલેગરો અને ડ્રગ માફિયાઓ પાસેથી લાખો-કરોડો રૂપિયાની સત્તાવાર ઉઘરાણીનું નેટવર્ક ચલાવે છે. સત્તાધારી નેતાના ભાઈના પાવરના જોરે સુરેશ ચૌધરી એટલો બેફામ બન્યો છે કે તેને કોઈ પણ પ્રકારની અડચણ વિના હપ્તા વસૂલવા માટે ખુદ એસપી બંગલે જ આશરો આપવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે! આ કરોડોની કાળી કમાણીનો મસમોટો હિસ્સો છેક ઉપર સુધી પહોંચતો હોવાની આશંકા સેવાઈ રહી છે.

બીજી તરફ, રેન્જ આઈજી સાહેબના નામે તોડબાજી અને વસૂલાત કરવા માટે પૂર્વ LCB કર્મચારી રાજેશ પરમાર અને રેન્જ આઈજી સેલના પીએસઆઈ એસ. જે. પરમારને સ્પેશિયલ મેદાનમાં ઉતારાયા છે. આ બંને જવાનો અગાઉ બનાસકાંઠા એલસીબીમાં લાંબો સમય પાપ આચરી ચૂક્યા હોવાથી, કયો બુટલેગર કયા રસ્તેથી કન્ટેનર લાવે છે તેની એક-એક કુંડળી સુરેશ ચૌધરીની આ આખી ટોળકી સુધી પહોંચાડે છે.




ખાખીના પ્રોટેક્શન સાથે ૫ બોર્ડરો બની 'સુરેશ ચૌધરીનો ગ્રીન કોરિડોર'

રાજકીય વગ અને ખાખીના સીધા સપોર્ટથી જિલ્લાની પાંચ સૌથી સંવેદનશીલ આંતરરાજ્ય બોર્ડરો બુટલેગરો માટે ખુલ્લી મૂકી દેવાઈ છે:

૧. ગુન્દરી બોર્ડર
૨. નેનાવા બોર્ડર
૩. અમીરગઢ ચેકપોસ્ટ
૪. અંબાજી છાપરી બોર્ડર
૫. જાંબુડી ચેકપોસ્ટ

બેખોફીની હદ તો જુઓ, સુરેશ ચૌધરી પોતે નક્કી કરે છે કે કયું કન્ટેનર કયા કલાકે બોર્ડર ક્રોસ કરશે. એટલું જ નહીં, આ કન્ટેનરો કોઈ પકડી ના પાડે તે માટે તેની અંદર સેફ પેસેજ તરીકે સ્પેશિયલ પ્રોટેક્શન માટે એક પોલીસ કર્મચારીને બેસાડવામાં આવે છે, જે હદ બદલાતા જ બદલાઈ જાય છે! સ્ટેટ મોનિટરિંગ સેલ (SMS) પણ બનાસકાંઠા જિલ્લામાં માત્ર નાના માછલાઓને પકડીને સંતોષ માને છે અને પોતાની કામગીરી બતાવે છે, મોટા મગરમચ્છોને અડવાની પણ કોઈની તાકાત નથી.

'પાક્કો ગુજરાત'ના સિસ્ટમને હલાવી નાખતા સળગતા સવાલો

૧. રાજ્યના ગૃહ મંત્રી (Home Minister) ની કાયદો અને વ્યવસ્થાની વાતો શું માત્ર સ્ટેજ પરથી ભાષણો ઠોકવા પૂરતી જ સીમિત છે?

૨. સુરેશ ચૌધરી નાના બુટલેગરોને પકડાવીને કરોડોનો કાળો કારોબાર કરતા આંતરરાજ્ય તસ્કરોને કોના ઈશારે છાવરી રહ્યો છે?

૩. ચૌધરી સમાજના એ વગદાર નેતા કોણ છે, જેના ખોફના કારણે ઉચ્ચ આઈપીએસ (IPS) અધિકારીઓ પણ ઘૂંટણિયે પડી ગયા છે?

૪. શું કથિત વહીવટદાર સુરેશ ચૌધરી સરહદી બનાસકાંઠાના માધ્યમથી આખા ગુજરાતને ક્રાઈમ અને નશાખોરીમાં ધકેલવા માંગે છે?

**SP બંગલેથી ઓપરેટ થાય છે કરોડોનું ડ્રગ્સ-દારૂનું નેટવર્ક!**

ધ્રૂજતા અને મોં છુપાવતા તંત્રનો લૂલો બચાવ

આ મહાખોલાસા અંગે જ્યારે 'પાક્કો ગુજરાત'ની ટીમે બનાસકાંઠા એસપી સાહેબનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો તો તેમણે ડરના માર્યા ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધું છે. આ અહેવાલની ગંભીરતા બાદ એલસીબી પીઆઈ પણ ગોળ-ગોળ અને તોડછડાઈભર્યા જવાબ આપીને વાત ટાળી રહ્યા છે, જ્યારે રેન્જ આઈજીએ આ બાબતે અજાણ હોવાનો દાવો કરીને પલ્લું ઝાડી લીધું છે. સમગ્ર જિલ્લામાં આ રાજકીય આકાઓ અને વહીવટદારનો એટલો ખોફ છે કે કોઈ અધિકારી મોં ખોલવા તૈયાર નથી. જો આ ગેરકાયદેસર હથિયાર, દારૂ અને ડ્રગ્સના નેટવર્ક મામલે ગાંધીનગરથી સીધી સેન્ટ્રલ એજન્સી દ્વારા તપાસ નહીં થાય, તો સરહદી બનાસકાંઠા ગુજરાતના યુવાધનને બરબાદ કરવાનું મુખ્ય કેન્દ્ર બની જશે.

## વડોદરાની દીકરી પ્રિયંકા પુરોહિતને

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે મળ્યો સર્વોચ્ચ 'રાષ્ટ્રપતિ ગાઇડ્સ પુરસ્કાર'

વડોદરા

વડોદરા શહેર અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારતા એક અગત્યના સમાચાર સામે આવ્યા છે. ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ અંતર્ગત આપવામાં આવતો સર્વોચ્ચ અને પ્રતિષ્ઠિત એવો 'રાષ્ટ્રપતિ ગાઈડ્સ પુરસ્કાર' વડોદરાની દીકરી કુ. પ્રિયંકા મહેન્દ્રકુમાર પુરોહિતને એનાયત કરવામાં આવ્યો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના વરદ હસ્તે પ્રિયંકાને આ સર્ટીફીકેટ અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી.



પ્રિયંકા પુરોહિતે માત્ર ૭ વર્ષની કુમળી વયે સ્કાઉટ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. બાળપણથી જ દેશસેવા, શિસ્ત અને સાહસના સંસ્કારો સાથે તે આગળ વધી હતી. દર વર્ષે એક-એક કઠિન પરીક્ષાઓ પાસ કરીને અને વિવિધ કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તેણે પોતાની ક્ષમતા સાબિત કરી હતી. આ અવિરત મહેનતના પરિણામે જ્યારે પ્રિયંકા ધોરણ-૯ માં અભ્યાસ કરતી હતી, ત્યારે જ તેને પ્રતિષ્ઠિત 'રાજ્યપાલ પુરસ્કાર' પણ પ્રાપ્ત થયો હતો.

કુ. પ્રિયંકાને આ રાષ્ટ્રીય પુરસ્કાર વર્ષ ૨૦૨૦ માં જ જાહેર થઈ ગયો હતો, પરંતુ વૈશ્વિક મહામારી અને અન્ય કારણોસર વિલંબ થતાં છેક વર્ષ ૨૦૨૬ માં આ પુરસ્કાર સત્તાવાર રીતે એનાયત થયો છે. જોકે, લાંબા ઈન્તઝાર બાદ મળેલી આ સફળતાનો આનંદ બેવડાઈ ગયો છે.

સ્કાઉટ અને ગાઈડ્સ ક્ષેત્રે દેશનું સર્વોચ્ચ શિખર સર કરનાર પ્રિયંકા પુરોહિતે શિક્ષણમાં પણ કાઠું કાઢ્યું છે. હાલમાં તેઓ રાજકીય વિજ્ઞાન (Political Science) વિષય સાથે અનુસ્નાતક (Post-Graduation) ની પદવી મેળવી ચૂક્યા છે અને ઉજ્જવળ ભવિષ્ય માટે વિવિધ કારકિર્દી વિષયક સ્પર્ધાત્મક પરીક્ષાઓની જોરશોરથી તૈયારી કરી રહ્યા છે.

કોઈપણ બાળકની સફળતા પાછળ તેના પરિવારનો હાથ હોય છે.

પ્રિયંકાની આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ તેના માતા-પિતા સુશ્રી અલ્પાબેન અને શ્રી મહેન્દ્રકુમાર પુરોહિતનો સતત પ્રોત્સાહન અને ઉત્સાહવર્ધક સહયોગ રહ્યો છે. દીકરીની આ રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિથી વડોદરાના શૈક્ષણિક જગત અને સ્કાઉટ-ગાઈડ પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

'પાક્કો ગુજરાત' તરફથી દેશનું નામ રોશન કરનાર દીકરી પ્રિયંકા અને તેના પરિવારને ખૂબ-ખૂબ અભિનંદન અને ભવિષ્યની કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છાઓ!

# વાઘોડિયા લૂંટકાંડનો પર્દાફાશ: MPની કુખ્યાત 'વાસોનિયા ગેંગ'ના બે સાગરીતો ઝડપાયા

વડોદરા

વાઘોડિયા ટાઉનમાં આવેલા 'ડી. સી. જ્વેલર્સ'ના વેપારી પર જીવલેણ હુમલો કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડની સનસનાટીભરી લૂંટ ચલાવનાર આંતરરાજ્ય ગેંગનો વડોદરા ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ચકચારી લૂંટકાંડમાં સામેલ મધ્યપ્રદેશની કુખ્યાત 'વાસોનિયા ગેંગ'ના મુખ્ય સૂત્રધાર સહિત બે સાગરીતોને પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યા છે.

જીલ્લા પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલે પત્રકાર પરિષદમાં આ સફળ ઓપરેશનની વિગતો આપતા જણાવ્યું હતું કે, ઘટનાની ગંભીરતાને જોઈને એલ.સી.બી. અને સ્થાનિક પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ટેકનિકલ સોર્સ અને વાઘોડિયાથી લઈને છેક મધ્યપ્રદેશ સરહદ સુધીના અંદાજે ૪૫૦ જેટલા સીસીટીવી (CCTV) ફૂટેજ ફંફોસી નાખ્યા હતા. આ સઘન તપાસના અંતે કડીઓ મળતા જ વડોદરા ગ્રામ્ય પોલીસે મધ્યપ્રદેશમાં સ્થાનિક પોલીસ સાથે મળીને એક સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું.

મુખ્ય આરોપીઓ જેલના સળિયા પાછળ

પોલીસે આ લૂંટના મુખ્ય આરોપી રમેશ પરમાર સહિત બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ કુખ્યાત વાસોનિયા ગેંગ ખાસ લૂંટના ઈરાદે જ મધ્યપ્રદેશથી વડોદરા આવી હતી અને રેકી કરીને જ્વેલર્સને નિશાન બનાવ્યા હતા.

## ચોમાસા પહેલા રાજ્ય સરકાર એલર્ટ મોડમાં

# ઉર્જામંત્રી ઋષિકેશ પટેલની તમામ ઉર્જા કંપનીઓને તાકીદ



ગાંધીનગર

તાજેતરના વર્ષોમાં ચોમાસા દરમિયાન વીજ શોર્ટ સર્કિટ, કરંટ લાગવા અને ટ્રાન્સફોર્મર બ્લાસ્ટ જેવી ઘટનાઓ સામે આવતી રહી છે. આથી આ વર્ષે સરકાર પહેલેથી જ સાવચેતીના પગલાં લઈ રહી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

સરકારે વીજ કંપનીઓને હાઈ રિસ્ક વિસ્તારોની ઓળખ કરી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું છે. ખાસ કરીને શહેરોમાં રસ્તા ઉપર લટકતા વાયર, ખુલ્લા ડિસ્ટ્રિબ્યુશન બોક્સ અને ખરાબ ઈલેક્ટ્રિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાથમિકતા આપીને સુધારવાની સૂચનાઓ આપવામાં આવી છે.

ચોમાસાની શરૂઆત પહેલા સરકાર દ્વારા લેવાયેલા આ પગલાંને લઈને સામાન્ય લોકોમાં પણ રાહતની લાગણી જોવા મળી રહી છે. જો સમયસર તમામ કામગીરી પૂર્ણ થશે તો વરસાદી સીઝનમાં વીજ પુરવઠા અને સલામતી સંબંધિત સમસ્યાઓમાં ઘટાડો થઈ શકે છે. Electrical Engineering ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે ચોમાસા દરમિયાન વીજ અકસ્માતોની સંભાવના વધુ રહેતી હોય છે. ખાસ કરીને ખુલ્લા વાયર, નબળી ઈલેક્ટ્રિક લાઈન અને જર્જરિત ટ્રાન્સફોર્મર મોટી દુર્ઘટનાઓનું કારણ બની શકે છે. આથી સમયસરની તપાસ અને મેન્ટેનન્સ અત્યંત જરૂરી બને છે. ઉર્જા વિભાગ દ્વારા વીજ કંપનીઓને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો અને પાણી ભરાતા વિસ્તારોમાં વધુ સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. વરસાદી સીઝનમાં અનેક વખત વૃક્ષો વીજ લાઈન પર પડતા હોવાના બનાવો બને છે, જેના કારણે વીજ પુરવઠો ખોરવાય છે અને અકસ્માતો સર્જાય છે. રાજ્ય સરકારનો પ્રયાસ છે કે ચોમાસા દરમિયાન સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે અને વીજ પુરવઠો સતત જળવાઈ રહે. આ માટે ફીલ્ડ સ્ટાફ, ઈમરજન્સી રિપેર ટીમ અને કંટ્રોલ રૂમને પણ સજ્જ રાખવાની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે લોકોની સુરક્ષા સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. તેમણે અધિકારીઓને નિયમિત મોનીટરીંગ અને સ્થળ પર જઈ તપાસ કરવાની પણ સૂચના આપી છે.

## રક્ષક જ બન્યા ભક્ષક?

# 25થી વધુ સિંહોના સુરક્ષિત આવાસ સમાન જંગલનો વિનાશ કરનારા વન વિભાગ સામે ઉઠ્યા ગંભીર સવાલો!

ગાંધીનગર

વિશ્વભરમાં માત્ર ગુજરાતના ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં જોવા મળતા એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે સરકાર કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે. પરંતુ, ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ કંઈક જુદી જ હોવાનું સામે આવ્યું છે. ૨૫થી વધુ સિંહોના આવાસ સમાન એક અત્યંત સુરક્ષિત અને ઘેઘૂર જંગલ વિસ્તારનો વિનાશ કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. સૌથી ગંભીર બાબત એ છે કે, આ વિનાશ પાછળ અન્ય કોઈ નહીં, પરંતુ જેમના પર વન રક્ષણની જવાબદારી છે તે વન વિભાગ (Forest Department) સામે જ ગંભીર આંગળીઓ ચિંધાઈ રહી છે. સ્થાનિક સૂત્રો અને વન્યજીવ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જે જંગલ વિસ્તારમાં ૨૫ કરતાં વધુ સિંહો કાયમી વસવાટ કરતા હતા અને જ્યાં તેમનો સુરક્ષિત કોરિડોર હતો, ત્યાં કોઈ ચોક્કસ પ્રોજેક્ટ, ગેરકાયદેસર દબાણ અથવા વહીવટી લાપરવાહીના કારણે મોટા પાયે વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે. લીલાછમ જંગલનો નાશ થતાં સિંહોના કુદરતી આવાસ છીનવાઈ ગયા છે. આના કારણે હવે સિંહો ખોરાક અને આશ્રયની શોધમાં માનવ વસાહતો અને રેવન્યુ વિસ્તારો તરફ ફંટાય તેવી પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે, જે ભવિષ્યમાં માનવ-વન્યજીવ સંઘર્ષ (Man-Animal Conflict) ને આમંત્રણ આપી શકે છે.

## ગુજરાત પોલીસની મહત્વની એડવાઈઝરી!

# ડિજિટલ લૂંટારુઓથી સાવધાન : વસ્તી ગણતરી (સેન્સસ)ના બહાને ઓનલાઇન છેતરપિંડીનું મોટું કૌભાંડ

ગાંધીનગર

ટેક્નોલોજીના આ યુગમાં સાયબર ગુનેગારો સામાન્ય નાગરિકોની મહેનતની કમાણી લૂંટવા માટે અવનવા નુસખા અપનાવતા હોય છે. હાલમાં ડિજિટલ દુનિયામાં વસ્તી ગણતરી (Census) ના નામે નાગરિકોને શિકાર બનાવવાનું એક ખૂબ જ મોટું અને વ્યવસ્થિત સાયબર કૌભાંડ સામે આવ્યું છે. આ કપટી તત્વોની છેતરપિંડીથી રાજ્યના નાગરિકો સુરક્ષિત રહે અને સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે હેતુથી ગુજરાત પોલીસ દ્વારા એક અત્યંત મહત્વની એડવાઈઝરી જાહેર કરીને લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે.




શું છે આ સાયબર માફિયાઓની નવી મોડસ ઓપરેન્ડી?

સાયબર એક્સપર્ટ્સ અને પોલીસના જણાવ્યા અનુસાર, ગઠિયાઓ નાગરિકોને ફોન કોલ, એસએમએસ (SMS) અથવા વોટ્સએપ પર સંપર્ક કરે છે. તેઓ પોતે વન વિભાગ, મહેસૂલ કે કેન્દ્ર સરકારના વસ્તી ગણતરી વિભાગના સત્તાવાર અધિકારી હોવાનો ઢોંગ કરે છે. વસ્તી ગણતરીના ડેટા અપડેટ કરવાના બહાને તેઓ નાગરિકો પાસેથી આધાર કાર્ડ, પાન કાર્ડ કે બેંકની વિગતો જેવી અત્યંત ગુપ્ત અને વ્યક્તિગત માહિતી માંગે છે. એટલું જ નહીં, વેરિફિકેશનના નામે એક શંકાસ્પદ લિંક અથવા ઓટીપી (OTP) મોકલીને ગણતરીની સેકન્ડોમાં લોકોના બેંક ખાતા ખાલી કરી નાખવામાં આવે છે.

ગુજરાત પોલીસની એડવાઈઝરી: શું ધ્યાન રાખવું?

રાજ્યના સાયબર ક્રાઈમ સેલ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે:

1 સરકાર ક્યારેય પણ ફોન પર કે અજાણી લિંક દ્વારા ઓનલાઈન વસ્તી ગણતરી માટે ગુપ્ત નાણાકીય વિગતો કે ઓટીપી માંગતી નથી.

2 કોઈપણ અજાણ્યા નંબર પરથી આવેલી એપીકે (APK) ફાઈલ કે વેબ લિંક પર ક્લિક કરવું નહીં.

3 વસ્તી ગણતરી કે અન્ય સરકારી સર્વેના નામે દબાણ કરતા શંકાસ્પદ ફોન કોલ્સ અંગે તાત્કાલિક સ્થાનિક પોલીસ અથવા સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવવી.

પોલીસ તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે કે લોભામણી કે ડરામણી વાતોમાં આવ્યા વગર જાગૃતતા જ એ જ સાયબર ક્રાઈમ સામેનું સૌથી મોટું શસ્ત્ર છે. સહેજ પણ બેદરકારી આર્થિક નુકસાન નોતરી શકે છે.

પાક્કો ગુજરાત

શનિવાર | 23 મે 2026 | અમદાવાદ

### પાકિસ્તાન-બાંગ્લાદેશ સરહદ પર 'સ્માર્ટ બોર્ડર' સુરક્ષા સિસ્ટમ લાગુ થશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો હુંકાર : વીણી-વીણીને ઘૂસણખોરને દેશમાંથી બહાર કાઢીશું..

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર આગામી એક વર્ષની અંદર પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની લગભગ 6000 કિલોમીટર લાંબી સરહદ પર "સ્માર્ટ બોર્ડર" સુરક્ષા સિસ્ટમ લાગુ કરશે. આ અંતર્ગત ડ્રોન, રડાર, સ્માર્ટ કેમેરા અને અન્ય આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરહદની દેખરેખ મજબૂત કરવામાં આવશે, જેથી ઘૂસણખોરી અને દાણચોરીને સંપૂર્ણપણે રોકી શકાય.

દિલ્હીમાં BSFના રુસ્તમજી મેમોરિયલ લેક્ચર અને BSF ઈન્વેસ્ટિચર સેરેમનીને સંબોધતા શાહે કહ્યું કે સરકારની ગેરકાયદેસર ઘૂસણખોરી અંગે ઝીરો ટોલરન્સ નીતિ છે. તેમણે કહ્યું કે દેશમાં રહેતા દરેક ગેરકાયદેસર ઘૂસણખોરની ઓળખ કરવામાં આવશે અને તેને પાછો મોકલવામાં આવશે.

**શાહે કહ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરી માત્ર સરહદ સુરક્ષાનો મુદ્દો નથી**

અમિત શાહે કહ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરી માત્ર સરહદ સુરક્ષાનો મુદ્દો નથી. તેમણે BSF જવાનોને કહ્યું કે તેઓ આ પ્રયાસને સફળ ન થવા દે અને સરહદ સુરક્ષાને વધુ મજબૂત કરે. ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં એક હાઈ-પાવર ડેમોગ્રાફી મિશન શરૂ કરશે. તેનો ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક ફેરફારો સંબંધિત બાબતોનું નિરીક્ષણ કરવું અને સુરક્ષા એજન્સીઓને સહયોગ આપવાનો રહેશે.

ગૃહમંત્રીએ જણાવ્યું કે આગામી એક વર્ષમાં સરહદ પર એક મજબૂત સુરક્ષા ગ્રીડ તૈયાર કરવામાં આવશે. સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ હેઠળ BSFને આધુનિક સાધનો આપવામાં આવશે. ડ્રોન, રડાર અને એડવાન્સ કેમેરાની મદદથી સરહદના સંવેદનશીલ વિસ્તારો પર ચોવીસ કલાક નજર રાખવામાં આવશે.

તેમણે કહ્યું કે BSFની સ્થાપનાના 60મા વર્ષમાં આ પ્રોજેક્ટને લાગુ કરવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવશે. તેનો હેતુ સરહદને વધુ સુરક્ષિત અને ઘૂસણખોરી માટે લગભગ અભેદ્ય બનાવવાનો છે. શાહે કહ્યું કે ઘૂસણખોરી અને પશુઓની તસ્કરીના રસ્તાઓ બંધ કરવા માટે BSFને પોતાની સૂચના વ્યવસ્થા વધુ મજબૂત કરવી પડશે. તેમણે જવાનોને રાજ્ય પોલીસ, જિલ્લા પ્રશાસન અને ગ્રામ્ય સ્તરના મહેસૂલી અધિકારીઓ સાથે સંકલન વધારવા અપીલ કરી. શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરાની સરકારોના સહયોગથી સીમા સુરક્ષાને વધુ મજબૂત કરવામાં આવશે.



### કમલ હાસનની દેશવાસીઓને મોટી અપીલ

## 'ઊર્જા બચાવો, આર્થિક સંકટ સામે સજ્જ થવાનો સમય આવ્યો'

આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિ ક્યારે થાળે પડશે તે નક્કી ન હોવાથી, ભારતે પણ આર્થિક અને ઊર્જા સુરક્ષાની દ્રષ્ટિએ આત્મનિર્ભર અને સજાગ બનવું પડશે

**નવી દિલ્હી**

પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)માં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને ઈરાન સાથે જોડાયેલા સંઘર્ષની વૈશ્વિક અસરો હવે ભારત સુધી પહોંચવાની આશંકા સેવાઈ રહી છે.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સાઉથના સુપરસ્ટાર અને મક્કલ નીધિ મૈયમ (MNM) પક્ષના વડા તેમજ સાંસદ કમલ હાસને દેશવાસીઓને એક વીડિયો સંદેશ જાહેર કરીને મોટી ચેતવણી અને અપીલ કરી છે. તેમણે સાવચેતીના પગલારૂપે દેશમાં ઊર્જા (એનર્જી)ની બચત કરવા પર ખાસ ભાર મૂક્યો છે.

કમલ હાસને પોતાના વીડિયો સંદેશમાં જણાવ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ઈરાન અને અન્ય દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની સીધી અસર દુનિયાભરની અર્થવ્યવસ્થાઓ અને ક્રૂડ ઓઈલ સહિતની ઊર્જા આપૂર્તિ (એનર્જી સપ્લાય) પર પડી રહી છે. વૈશ્વિક બજારમાં તેલની તંગી અને મોંઘવારીનું જોખમ તોળાઈ રહ્યું છે. 'દુનિયાના અનેક દેશોએ અત્યારથી જ ઊર્જાની બચત કરવા માટે આકરા નિયમો લાગૂ કરી દીધા છે. સિંગાપુરના વડા પ્રધાને પણ પોતાના નાગરિકોને આવનારા કઠિન સમય અને આર્થિક પડકારો માટે તૈયાર રહેવા સ્પષ્ટ કહી દીધું છે. આપણે પણ આ વૈશ્વિક સંકટને હળવાશથી ન લેવું જોઈએ.'

સાંસદ કમલ હાસને ભારતીય નાગરિકોને અપીલ કરી છે કે, જો આપણે અત્યારથી જ વીજળી, ઈંધણ અને અન્ય ઊર્જા સ્ત્રોતોનો વિવેકપૂર્ણ ઉપયોગ અને બચત નહીં કરીએ, તો ભવિષ્યમાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિ ક્યારે થાળે પડશે તે નક્કી ન હોવાથી, ભારતે પણ આર્થિક અને ઊર્જા સુરક્ષાની દ્રષ્ટિએ આત્મનિર્ભર અને સજાગ બનવું પડશે. કમલ હાસનનો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે અને લોકોમાં જાગૃતિ ફેલાવી રહ્યો છે.

### હવે પાપી વાલીઓનો વારો..!

## NEET પેપર લીક કાંડમાં દેશનો સૌથી મોટો ધડાકો : 5 રાજ્યોમાં વેચાયું હતું પેપર

**નવી દિલ્હી**

દેશના લાખો પ્રામાણિક વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલાયેલા NEET પરીક્ષાના પેપર લીક કાંડમાં દરરોજ એવા ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે, જે શિક્ષણ જગતને હચમચાવી મુકે તેવા છે. તપાસ એજન્સી CBI (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન)ની આક્રમક તપાસમાં ખુલાસો થયો છે કે, આ આખું કૌભાંડ કોઈ એકાદ સેન્ટર પૂરતું સીમિત નહોતું, પરંતુ NEETનું લીક થયેલું પેપર દેશના અલગ-અલગ ૫ રાજ્યોમાં ધૂમ વેચાયું હતું! લાખો-કરોડો રૂપિયાની લેતીદેતી કરીને આખા દેશના મેરિટ લિસ્ટનો કચરો કરી નાખવામાં આવ્યો હતો. CBIના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, પેપર ખરીદવામાં અને વેચવામાં મહારાષ્ટ્ર આખા દેશમાં સૌથી મોખરે રહ્યું છે.



મહારાષ્ટ્રમાં સૌથી વધુ કિંમત ચૂકવીને પેપરના સોદા કરવામાં આવ્યા હતા. જ્યારે આ કાળા કારોબારમાં વીરભૂમિ ગણાતું રાજસ્થાન બીજા ક્રમે રહ્યું છે. શિક્ષણના હબ ગણાતા રાજ્યો જ આ કૌભાંડના મુખ્ય એપીસેન્ટર બન્યા છે. આ સિવાય અન્ય ત્રણ રાજ્યોમાં પણ આ પેપરના સેટ કાળાબજારમાં વેચાયા હોવાના પાકા પુરાવા CBIના હાથે લાગ્યા છે.

પોતાના સંતાનોને શોર્ટકટથી ડૉક્ટર બનાવવા માટે જે વાલીઓએ કરોડો રૂપિયાના કાળા નાણાં ફેંકીને પેપર ખરીદ્યા હતા, હવે તેમનો કાળો ઈતિહાસ સામે આવવાનો છે. CBI હાલમાં એવા તમામ વાલીઓની એક 'બ્લેક લિસ્ટ' એટલે કે પાકી યાદી તૈયાર કરી રહી છે, જેમણે પોતાના બાળકો માટે આ લીક થયેલું પેપર ખરીદ્યું હતું.

આ યાદી ફાઈનલ થતાં જ કૌભાંડી વાલીઓની સામૂહિક ધરપકડનો દોર શરૂ થશે. આ મોટો ખુલાસો સામે આવ્યા બાદ દેશભરના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પૈસાના જોરે ડૉક્ટર બનવાનું સપનું જોનારા અને આખી સિસ્ટમને ખરીદી લેનારા આ માફિયાઓ તેમજ વાલીઓ સામે CBI હવે કેવા ઘાતક પગલાં ભરે છે, તેના પર આખા દેશની નજર છે.

## SCની ટિપ્પણી બાદ અસ્તિત્વમાં આવી 'કોકરોચ જનતા પાર્ટી'

સો. મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ અને X પર ગણતરીના દિવસોમાં જ આ પેજના લાખો ફોલોઅર્સ થઇ ગયા

**નવી દિલ્હી**

દેશના બેરોજગાર યુવાનો અને વર્તમાન સિસ્ટમ સામે આક્રોશ વ્યક્ત કરવા માટે સોશિયલ મીડિયા પર એક અનોખી ડિજિટલ મૂવમેન્ટ શરૂ થઈ છે, જેનું નામ છે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP). સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત દ્વારા તાજેતરમાં કોર્ટ સુનાવણી દરમિયાન બેરોજગાર યુવાનોને લઈને કરાયેલી એક ટિપ્પણી બાદ આ ડિજિટલ પાર્ટીની સ્થાપના કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને X પર ગણતરીના દિવસોમાં જ આ પેજના લાખો ફોલોઅર્સ થઈ ગયા છે. આ અનોખી પાર્ટીના સ્થાપક ૩૦ વર્ષના અભિજીત દીપકે છે, જેઓ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના વતની છે અને હાલ અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન્સમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યા છે. અભિજીત અગાઉ આમ આદમી પાર્ટી (AAP) માટે સોશિયલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ તરીકે કામ કરી ચૂક્યા છે. ગત ૧૫ મે ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટમાં એક સુનાવણી દરમિયાન સીએજેઆઈ સૂર્યકાંતે ટિપ્પણી કરી હતી કે, 'કોકરોચની જેમ એવા યુવાનો છે, જેમને આ વ્યવસાયમાં રોજગાર મળતો નથી, તેઓ સોશિયલ મીડિયા કે આરટીઆઈ એક્ટિવિસ્ટ બનીને દરેક પર હુમલો કરે છે.' જો કે વિવાદ વધતા બીજા જ દિવસે તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈરાદો યુવાનોની ટીકા કરવાનો નહોતો. પરંતુ આ ટિપ્પણીથી આક્રોશમાં આવેલા અભિજીતે ૧૬ મેના રોજ જ સોશિયલ મીડિયા પર 'કોકરોચ જનતા પાર્ટી' પેજ બનાવી દીધું, જે યુવાનોમાં ભારે લોકપ્રિય બન્યું છે. તાજેતરમાં આ સંગઠનનું મુખ્ય X એકાઉન્ટ બ્લોક થતાં તેમણે 'કોકરોચ ઈઝ બેક' નામથી નવું એકાઉન્ટ પણ શરૂ કર્યું છે.

CJPએ પોતાની વેબસાઈટ પર પોતાને આળસુ અને બેરોજગારોનો અવાજ ગણાવી એક રસપ્રદ મેનિફેસ્ટો જાહેર કર્યો છે, જેમાં ૫ મુખ્ય વાયદા કરવામાં આવ્યા છે:

૧. નિવૃત્ત ચીફ જસ્ટિસને રાજ્યસભામાં મોકલવા જેવી ઈનામની રાજનીતિ બંધ કરવી.

૨. કોઈ માન્ય મત ડિલીટ થવા પર મુખ્ય ચૂંટણી કમિશનર સામે UAPA હેઠળ કાર્યવાહી કરવી.

૩. મહિલાઓને સંસદથી કેબિનેટ સુધી ૫૦ ટકા અનામત આપવી.

૪. મોટા ઉદ્યોગપતિઓ (અંબાણી-અદાણી) સાથે જોડાયેલી મીડિયા સંસ્થાઓના લાઈસન્સ રદ કરવા અને કથિત 'ગોદી મીડિયા' એન્કરોના બેંક ખાતાઓની તપાસ કરવી.

૫. પક્ષપલટો કરનારા ધારાસભ્યો કે સાંસદો પર ૨૦ વર્ષ સુધી કોઈ પણ સરકારી પદ મેળવવા કે ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો.

બીજી તરફ, સોશિયલ મીડિયા પર અભિજીતની વધતી લોકપ્રિયતાથી મહારાષ્ટ્રમાં રહેતા તેના માતા-પિતા ભગવાન દીપકે અને અનિતા દીપકે ભારે ચિંતામાં મુકાયા છે. તેમણે એક મરાઠી ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, દેશના વર્તમાન વાતાવરણને જોતા તેમને ડર છે કે ભારત પરત ફરવા પર તેમના દીકરાની ધરપકડ થઈ શકે છે.

## યુવાનોને કીડા સમજવાની ભૂલ સરકારને ભારે પડશે લોક ગાયિકા નેહા સિંહ રાઠોડનો સૌથી મોટો પલટવાર

**નવી દિલ્હી**

દેશના રાજકારણ અને સળગતા મુદ્દાઓ પર અવાજ ઉઠાવવા માટે જાણીતા પ્રખ્યાત ભોજપુરી લોક ગાયિકા નેહા સિંહ રાઠોડે આ વખતે સત્તાના ગલિયારાઓમાં એવો રાજકીય ગરમાવો લાવી દીધો છે, જેનાથી હડકંપ મચી ગયો છે. તાજેતરમાં 'કોકરોચ જનતા પાર્ટી'ને લઈને દેશના યુવાનોમાં ફાટી નીકળેલા આક્રોશ વચ્ચે નેહા સિંહ રાઠોડે એક વીડિયો પોસ્ટ જાહેર કરી છે. તેમણે સીધા શબ્દોમાં કેન્દ્ર સરકારની નીતિઓ અને સિસ્ટમ પર અત્યાર સુધીનો સૌથી તીખો વ્યંગ્ય કર્યો છે.

નેહા સિંહ રાઠોડે સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને સત્તાધીશોને ચેતવણી આપતા કહ્યું કે, ઉધઈએ આ દેશને ખોખલો કરી



નાખ્યો છે, પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. હવે આ કોકરોચ તે ઉધઈને ખાઈ જશે. કોકરોચ પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરી ચૂક્યા છે અને આ જ કારણે હવે ઉધઈમાં ડરનો માહોલ સ્પષ્ટ જોઈ શકાય છે. તેમણે વધુમાં આક્રોશ સાથે કહ્યું કે, દેશના ભણેલા-ગણેલા બેરોજગાર યુવાનોને કીડા સમજવાની જે ભૂલ સરકાર અને આ સિસ્ટમે કરી છે, તે તેમને ખૂબ જ ભારે પડવાની છે.

**યુવાનોના અપમાન પર ભડક્યો ગુસ્સો**

નેહા સિંહ રાઠોડનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે NEET પેપર લીક, રેકોર્ડતોડ બેરોજગારી અને મોંઘવારીને લઈને યુવાનોનો ગુસ્સો સાતમા આસમાને છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણી બાદ અસ્તિત્વમાં આવેલી 'કોકરોચ જનતા પાર્ટી' તરફ ઈશારો કરતા નેહાએ સ્પષ્ટ કર્યું કે, યુવાનોના આ ડિજિટલ આંદોલનને હવે દબાવી શકાય તેમ નથી. જ્યારે યુવાનોના હક અને તેમના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવે છે, ત્યારે વ્યવસ્થા સામે આવો જ મહાસંગ્રામ છેડાય છે.

## MPના ટ્વિશા શર્મા મોત કેસમાં નવો ટ્વિસ્ટ!

**મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પોસ્ટમોર્ટમની અરજીને લઈ બન્ને પક્ષના વકીલો વચ્ચે ઉગ્ર દલીલો થઈ, જેમાં અરજીકર્તા તરફથી બીજા પોસ્ટમોર્ટમની જરૂરિયાત માટે ભાર મુકવામાં આવ્યો. તો બીજી બાજુ આરોપી પક્ષના વકીલે સમગ્ર મામલે વિરોધ કર્યો. બચાવપક્ષના વકીલોએ એ તર્ક આપ્યો કે AIIMSના તબીબો દ્વારા કરવામાં આવેલું પહેલું પોસ્ટમોર્ટમ પર્યાપ્ત છે. બીજીવાર પોસ્ટમોર્ટમ કરવું એ મેડિકલક્ષેત્રના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના અપમાન સમાન છે. બચાવપક્ષના વકીલોએ એ આરોપ પણ લગાવ્યા કે બીજીવાર પોસ્ટમોર્ટમ કરવું એટલે તપાસ પક્ષની નિષ્પક્ષતા અને તબીબોની ક્ષમતા પર સવાલ ઉઠાવવા સમાન છે.

## PM મોદીને ઝાલમુરી ખવડાવનાર દુકાનદારને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી : પાકિસ્તાનથી આવ્યો વીડિયો કોલ

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પશ્ચિમ બંગાળ પ્રવાસ દરમિયાન તેમને પ્રખ્યાત સ્થાનિક વાનગી ઝાલમુરી ખવડાવીને હેડલાઈન્સમાં આવેલા એક દુકાનદારને જાનથી મારી નાખવાની સનસનાટીભરી ધમકી મળી છે. આ ધમકી કોઈ સ્થાનિક સ્તરેથી નહીં પરંતુ છેક પાકિસ્તાનથી વીડિયો કોલ દ્વારા આપવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ધમકી આપનારે દુકાનદાર અને તેના પરિવારને બોમ્બથી ઉડાવી દેવાની વાત કહી છે, જેના કારણે



સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે.

મળતી વિગતો અનુસાર, પીડિત દુકાનદાર થોડા સમય પહેલા પીએમ મોદીના કાર્યક્રમમાં ઝાલમુરી બનાવવા માટે ભારે ચર્ચામાં આવ્યો હતો. પીએમ મોદીએ તેની ઝાલમુરીના વખાણ પણ કર્યા હતા. ત્યારથી તે સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે જાણીતો બન્યો હતો. જોકે, આ લોકપ્રિયતા હવે તેના માટે મુશ્કેલીનું કારણ બની ગઈ છે. દુકાનદારના મોબાઈલ ફોન પર પાકિસ્તાનના આંતરરાષ્ટ્રીય નંબર પરથી એક વીડિયો કોલ આવ્યો હતો. કોલ કરનારે સીધી જ ભાષામાં ધમકી આપી કે પીએમ મોદીને ઝાલમુરી ખવડાવવાનું પરિણામ ભોગવવું પડશે અને ટૂંક સમયમાં જ તેના ઘરને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય ધમકીભર્યા કોલ બાદ ગભરાયેલા દુકાનદારે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મામલો દેશના વડાપ્રધાન સાથે જોડાયેલો હોવાથી અને કોલ પાકિસ્તાનથી આવ્યો હોવાથી કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ અને સાયબર ક્રાઈમની ટીમ પણ તપાસમાં જોડાઈ છે. પોલીસે દુકાનદારના ઘર અને દુકાનની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરી દીધી છે.

## "દરરોજ ભાવ વધે છે અને આવક ઘટે છે" : કોંગ્રેસ અધ્યક્ષ

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો !

**નવી દિલ્હી**

દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ હવે સીમા વટાવી દીધી છે, જેના કારણે સામાન્ય માણસનું જીવવું દુષ્કર બની ગયું છે. આ ગંભીર મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરતા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, વર્તમાન શાસનમાં દેશના સામાન્ય નાગરિકો, મધ્યમ વર્ગ અને ગરીબોની કમર તૂટી ગઈ છે.



મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર આકરા સવાલો ઉઠાવતા સોશિયલ મીડિયા અને પત્રકાર પરિષદના માધ્યમથી ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સરકાર પર આક્ષેપ કરતા કહ્યું કે, 'દેશમાં દરરોજ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને આંબી રહ્યા છે, જ્યારે તેની સામે સામાન્ય જનતાની આવક સતત ઘટી રહી છે.' શાકભાજી, દૂધ, અનાજ અને ઈંધણના સતત વધતા ભાવોએ ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં ઉમેર્યું કે, સરકાર માત્ર મોટા દાવાઓ કરવામાં વ્યસ્ત છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર મોંઘવારીને નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. બેરોજગારી અને મોંઘવારીના બેવડા મારે જનતાની હાલત કફોડી કરી દીધી છે. જનતા હવે એક જ સવાલ પૂછી રહી છે કે, 'આ મોંઘવારી ક્યારે અટકશે?' અને લોકોને ક્યારે રાહત મળશે? આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે દેશના ખૂણે-ખૂણેથી મોંઘવારી સામે અવાજ ઉઠી રહ્યો છે. વિપક્ષે આ મુદ્દાને આગામી દિવસોમાં વધુ ઉગ્ર બનાવવાની અને રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી આપી છે.

### ખંડણી રેકેટ મામલે દરોડાની કાર્યવાહી

## બંગાળમાં ED પૂર્વ DCPના બંધ ઘરનું તાળું તોડી ઘરમાં ઘૂસી ગઈ

EDની ટીમોએ શુક્રવારે વહેલી સવારે 6 વાગ્યાની આસપાસ કોલકાતા અને મુર્શિદાબાદમાં વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળમાં કથિત ખંડણી અને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના નેટવર્કનો પર્દાફાશ કરવા માટે કેન્દ્રીય એજન્સી EDએ શુક્રવારે વહેલી સવારથી જ મોરચો સંભાળ્યો છે. કોલકાતા અને મુર્શિદાબાદમાં એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવતા વહીવટી અને રાજકીય આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

EDની ટીમોએ શુક્રવારે વહેલી સવારે 6 વાગ્યાની આસપાસ કોલકાતા અને મુર્શિદાબાદમાં વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ રેકેટ મુખ્યત્વે સોના પપ્પુ તરીકે ઓળખાતા શખ્સ અને કોલકાતા પોલીસના પૂર્વ ડેપ્યુટી કમિશનર



શાંતનુ સિંહા બિસ્વાસ દ્વારા ચલાવવામાં આવી રહ્યું હોવાના આક્ષેપ છે. સૌથી મોટી કાર્યવાહી મુર્શિદાબાદ જિલ્લાના કાંડી શહેરમાં જોવા મળી. અહીં પૂર્વ પોલીસ અધિકારી શાંતનુ સિંહા બિસ્વાસના આલીશાન પૈતૃક આવાસ પર EDની ટીમ પહોંચી હતી. આ ઘર છેલ્લા એક અઠવાડિયાથી બંધ હતું. EDના અધિકારીઓએ શરૂઆતમાં આસપાસના લોકો સાથે પૂછપરછ કરી અને ત્યારબાદ ઘરનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. ખાસ વાત એ છે કે, શાંતનુ બિસ્વાસની બહેન ગૌરી સિંહા બિસ્વાસ હાલમાં કાંડી નગરપાલિકાના ઉપપ્રમુખ છે. જો કે, દરોડા દરમિયાન તેઓ પણ ઘરે હાજર નહોતા. શાંતનુ સિંહા કોલકાતાના હાઈ-પ્રોફાઈલ કાલીઘાટ પોલીસ સ્ટેશનના પૂર્વ ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ અને ડેપ્યુટી કમિશનર રહી ચૂક્યા છે. તેઓ હાલમાં જમીન કૌભાંડ અને નાણાકીય છેતરપિંડીના એક કેસમાં પહેલેથી જ EDની કસ્ટડીમાં છે.

### કાર્યકરોની મહેનત પર વ્યક્ત કર્યો ભરોસો

## કોંગ્રેસના પુનરુત્થાન પર પ્રિયંકા ગાંધીનો મોટો દાવો : એક દિવસ નંબર વન પાર્ટી બનીને ઉભરીશું

**નવી દિલ્હી**

આગામી રાજકીય પડકારો વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પાર્ટી સંગઠન અને પાયાના સ્તરે કામ કરી રહેલા કાર્યકરોનો ઉત્સાહ વધારતા એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે તેમને કોંગ્રેસની વિચારધારા અને પોતાના કાર્યકરોની દિવસ-રાતની મહેનત પર પૂરો ભરોસો છે. પ્રિયંકા ગાંધીના આ નિવેદને આગામી ચૂંટણીઓની તૈયારીઓમાં લાગેલા કોંગ્રેસના કાર્યકરોમાં એક નવો જોશ ભરી દીધો છે.

પાર્ટીના એક આંતરિક કાર્યક્રમ અને સોશિયલ મીડિયાના માધ્યમથી કાર્યકરોને સંબોધિત કરતા પ્રિયંકા ગાંધીએ સ્પષ્ટ કર્યું કે પરિવર્તન રાતોરાત નથી આવતું, પરંતુ સતત સંઘર્ષ કરવાથી સફળતા ચોક્કસ મળે છે. તેમણે સંગઠનની મજબૂતી પર ભાર મૂકતા કહ્યું કે દેશની જનતા આજે પણ કોંગ્રેસ તરફ આશાભરી નજરે જોઈ રહી છે.

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, મને મારા સંગઠનની તાકાત અને દેશના ખૂણે-ખૂણામાં હાજર અમારા



કાર્યકરોની સખત મહેનત પર અતુટ વિશ્વાસ છે. દેશમાં આજે જે રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓ છે, તેને જોતા મને પૂરો ભરોસો છે કે એક દિવસ એવો ચોક્કસ આવશે જ્યારે કોંગ્રેસ ફરીથી દેશની નંબર વન રાજકીય શક્તિ બનીને ઉભરશે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે પ્રિયંકા ગાંધીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાર્ટી પોતાને રાષ્ટ્રીય સ્તરે નવા સ્વરૂપે સ્થાપિત કરવાના પ્રયાસોમાં લાગેલી છે.

પાક્કો ગુજરાત
શનિવાર । 23 મે 2026 । અમદાવાદ



## તંત્રી લેખ...


## નારીને અબળા સમજવાની ભૂલ ન કરતા: તે સૃષ્ટિનું સર્જન પણ છે અને સંજોગો સામે લડનારી સિંહણ પણ!

યુગો બદલાયા, સદીઓ બદલાઈ અને બદલાયો છે સમયનો પ્રવાહ! પરંતુ જો આજે પણ કોઈના મનમાં એવો વહેમ હોય કે નારી 'અબળા' છે, તો એ વહેમ મનમાંથી કાઢી નાખજો. નારી ક્યારેય કમજોર નહોતી, નથી અને ક્યારેય રહેશે પણ નહીં. જે હાથ ઘરના પારણાંને પ્રેમથી ઝૂલાવી શકે છે, જે હાથ પરિવાર અને સંબંધોને સ્નેહના દોરે બાંધી શકે છે; એ જ હાથ સમય આવ્યે અન્યાયની ગરદન પકડવાની તાકાત પણ ધરાવે છે.

સર્જનહાર પણ એ જ, અને રણચંડી પણ એ જ!

કુદરતે સ્ત્રીને અપાર ધૈર્ય અને પ્રેમ આપ્યો છે, પણ એ ધૈર્યને તેની નબળાઈ સમજવાની ભૂલ ક્યારેય ન કરવી. તે સૃષ્ટિની સર્જનહાર છે, સમગ્ર જગતને જીવંત રાખનારી શક્તિ છે. પરંતુ જ્યારે-જ્યારે તેના આત્મસન્માન પર પ્રહાર થાય છે, જ્યારે તેના પરિવાર કે તેના હક પર આંચ આવે છે, ત્યારે એ માયાળુ નારી સંજોગો સામે લડનારી અડીખમ યોદ્ધા બનીને ઊભી રહે છે. તે અન્યાય સામે અવાજ ઉઠાવતા અચકાતી નથી, તે નમશે પણ નહી અને ઝૂકશે પણ નહીં.

ઉંબરાથી લઈને સંસદ સુધી ડંકો!



આજની નારીએ સાબિત કરી દીધું છે કે તેની ક્ષમતાઓની કોઈ સીમા નથી.

ઘરનો ઉંબરો: જ્યાં તે સંસ્કાર અને સંસ્કૃતિનું જતન કરે છે.

દેશની સંસદ: જ્યાં તે રાષ્ટ્રના નિર્માણ માટે નીતિઓ ઘડે છે.

ન્યાયની ખુરશી: જ્યાં બેસીને તે કાયદો અને સમાનતાનું રક્ષણ કરે છે.

વ્યાપાર જગત હોય, વિજ્ઞાન ક્ષેત્ર હોય, રમતગમતનું મેદાન હોય કે સરહદની સુરક્ષા–દરેક જગ્યાએ આજે નારીની ક્ષમતાનો ડંકો વાગી રહ્યો છે. તે માત્ર ઘર ચલાવનારી ગૃહલક્ષ્મી નથી, તે દેશની અર્થવ્યવસ્થા અને શાસનને મજબૂત કરનારી શક્તિ છે.

'સિંહણ ક્યારેય કોઈના ભરોસે નથી જીવતી, તે પોતાનો રસ્તો જાતે જ બનાવે છે.'

પોતાના ભાગ્યની વિધાતા

કોઈના ટેકા વિના, મુશ્કેલ પરિસ્થિતિઓની છાતી પર પગ મૂકીને આગળ વધવું એ નારીનો સ્વભાવ છે. સિંહણ જેમ જંગલમાં પોતાના દમ પર જીવે છે અને શિકાર કરે છે, તેમ જ આજની પ્રગતિશીલ નારી સમાજના બંધનો અને રૂઢિચુસ્ત વિચારોને તોડીને પોતાનો રસ્તો જાતે કંડારે છે. તેને હવે કોઈના ખોટા આશરાની કે સહાનુભૂતિની જરૂર નથી. તે સ્વનિર્ભર છે, સ્વાભિમાની છે.

'પાક્કો ગુજરાત'નો આખરી સંદેશ:

નારી એ સન્માનનું બીજું નામ છે. તેની સહનશીલતા એ તેની મર્યાદા છે, કમજોરી નહીં. આવો, આજે આપણે સૌ સાથે મળીને નારીના આ અખંડ સ્વરૂપને, તેની અદમ્ય ચેતનાને અને તેની ક્ષમતાને સલામ કરીએ. કારણ કે જ્યાં નારીનું સન્માન છે, ત્યાં જ સાચી પ્રગતિ છે!

## ઉનાળામાં હાથ-પગમાં સોજા ચડી જાય છે? તો તરત ડોક્ટરની સલાહ લો

ઉનાળામાં ઘણીવાર હાથ-પગમાં સોજો આવી જાય છે. મોટાભાગના લોકો તેને અવગણે છે, આ 'હીટ એડિમા'નો સંકેત હોઈ શકે છે. ગરમી વધવા પર શરીર પોતાને ઠંડુ રાખવા માટે ઘણા ફેરફારો કરે છે, જેની અસર રક્તવાહિનીઓ અને ફ્લૂઇડ બેલેન્સ પર પડે છે. પરિણામે, પગ, ઘૂંટીઓ અથવા હાથમાં હળવો સોજો આવે છે. આ સ્થિતિ સામાન્ય રીતે ખતરનાક નથી હોતી, પરંતુ તે વારંવાર થવું કોઈ આંતરિક સમસ્યાનો સંકેત હોઈ શકે છે. હીટ એડિમા મુખ્યત્વે શરીરના થર્મોરેગ્યુલેશન (શરીરનું તાપમાન નિયંત્રિત કરવાની પ્રક્રિયા) ની આડઅસર છે.

જ્યારે બહારનું તાપમાન વધે છે, ત્યારે શરીર પોતાને ઠંડુ રાખવા માટે ત્વચાની નજીક રહેલી રક્તવાહિનીઓને ફેલાવે છે. આને 'વેસોડાઈલેશન' કહેવાય છે.

આનાથી રક્ત પ્રવાહ ત્વચા તરફ વધે છે જેથી ગરમી બહાર નીકળી શકે. પરંતુ આ જ પ્રક્રિયામાં નસોની અંદરનું દબાણ બદલાઈ શકે છે.

દબાણ બદલાવાથી પ્રવાહીની કેટલીક માત્રા કેપિલરીમાંથી બહાર નીકળીને આસપાસના પેશીઓમાં જમા થવા લાગે છે.

ગ્રેવીટીને કારણે આ પ્રવાહી નીચેની તરફ જાય છે, તેથી પગ, ઘૂંટીઓ અને ક્યારેક હાથમાં સોજો દેખાય છે.

જો વ્યક્તિ લાંબા સમય સુધી ઊભો રહે કે બેઠો રહે, તો બ્લડ સર્ક્યુલેશન ધીમું પડી જાય છે. આનાથી પેશીઓમાં પ્રવાહી વધુ માત્રામાં જમા થવા લાગે છે. તે સામાન્ય રીતે શરીરના તે ભાગોને વધુ અસર કરે છે જ્યાં પ્રવાહી સરળતાથી જમા થઈ શકે છે. સૌથી વધુ અસરગ્રસ્ત ભાગો- પગ ઘૂંટીઓ પગનો નીચેનો ભાગ (પિંડીઓ) ક્યારેક હાથ અને આંગળીઓ. , હીટ એડિમા સામાન્ય રીતે આપમેળે ઠીક થઈ જાય છે. શરીરની થર્મોરેગ્યુલેશન પ્રક્રિયા તાપમાન સંતુલિત કરે છે. ઠંડી જગ્યાએ આરામ કરવાથી સોજો ઓછો થાય છે. પગને ઊંચા રાખવાથી ફ્લૂઇડનો જમાવ ઘટે છે. મીઠું ઓછું લેવાથી વોટર રિટેન્શન (શરીરમાં પાણી જમા થવું) ઓછું થાય છે. જો સોજો લાંબા સમય સુધી રહે, દુખાવો કે લાલાશ હોય તો ડૉક્ટરની સલાહ લો. જો આ સ્થિતિ વારંવાર બની રહી હોય તો તે શરીરની કોઈ આંતરિક સમસ્યાનો સંકેત હોઈ શકે છે. જો સોજો વારંવાર થાય અથવા ગરમી ન હોવા છતાં દેખાય, તો ડૉક્ટરની સલાહ લો. આ કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યા (જેમ કે હાર્ટ ફેલ્યોર) નો સંકેત હોઈ શકે છે. કિડની રોગમાં શરીર વધારાનું પ્રવાહી બહાર કાઢી શકતું નથી, જેનાથી સોજો આવે છે. લિવર રોગમાં પણ પ્રવાહી સંતુલન બગડી શકે છે. હોર્મોનલ અસંતુલન અથવા કેટલીક દવાઓના કારણે પણ આવું થઈ શકે છે. હીટ એડિમા સામાન્ય રીતે હળવો હોય છે, પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તરત જ ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે- સોજો અચાનક ખૂબ વધી જાય અથવા ઝડપથી ફેલાવા લાગે. સોજા સાથે તીવ્ર દુખાવો, લાલાશ અથવા ત્વચા ગરમ લાગે. શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા છાતીમાં દબાણ અનુભવાય. એક જ પગમાં સોજો, દુખાવો અને લાલાશ હોય. સોજો ઘણા દિવસો સુધી મટે નહીં અથવા વારંવાર થાય. પેશાબ ઓછો આવે અથવા શરીરમાં ભારેપણું લાગે. હીટ એડિમા અને ડીપ વેઇન થ્રોમ્બોસિસ (DVT) બંનેમાં સોજો દેખાઈ શકે છે, પરંતુ તેના કારણો, લક્ષણો અને ગંભીરતા અલગ હોય છે- 1. કારણ હીટ એડિમા: ગરમીમાં રક્તવાહિનીઓ ફેલાવાથી પ્રવાહી જમા થાય છે.

## સંઘર્ષોની આગમાંથી બનેલ રાખમાં ફરી ક્યારેય આગ ન લાગે



અગ્નિમાંથી જન્મેલી પરમ શાંતિ

જ્યારે કોઈ વૃક્ષ લીલુંછમ હોય, ત્યારે તેને કુહાડીના ઘા પણ વાગે છે અને પાનખરની હોળી પણ તેને બાળે છે. પણ જ્યારે એ જ વૃક્ષ સમયના ચક્રમાં વટવૃક્ષ બની, પોતાની અંદરના તમામ મોહ, લીલાશ અને કમજોરીઓને હોમીને સાવ શાંત થઈ જાય છે, ત્યારે એ વિરાટતા પાછળ જે વધે છે, તે છે 'રાખ'. રાખ એ કોઈ નબળાઈની નિશાની નથી, પણ એ તો અગ્નિની પણ પરાકાષ્ઠા છે. જે પોતે જ સર્વોચ્ચ અગ્નિમાંથી પસાર થઈને શુદ્ધ થઈ ચૂક્યું છે, તેને ફરીથી સળગાવવાની તાકાત બ્રહ્માંડના કોઈ અંગારામાં નથી હોતી.

આગ હંમેશા ત્યાં જ લાગે છે જ્યાં હજી કંઈક બળવાનું બાકી હોય! લાકડામાં આગ લાગે, કાગળમાં આગ લાગે, પણ જે પહેલેથી જ બળીને ખાખ થઈ ગયું છે, તેને કોઈ માચીસ ફરી કઈ રીતે સળગાવી શકે? જીવનમાં પણ જ્યારે સંઘર્ષો, આઘાતો અને પરિસ્થિતિઓની થપાટો ખાઈને મન અંદરથી સાવ સ્થિર અને શાંત થઈ જાય છે, ત્યારે એના પર દુનિયાના કોઈ અપમાન, ઈર્ષ્યા કે ક્રોધના કડવા વેણની કોઈ અસર નથી થતી. વ્યક્તિત્વ એ સ્તરે પહોંચી જાય છે જ્યાં દુનિયા તેને સળગાવવા આવે તો પોતે જ શાંત થઈને પાછી ફરે છે.

જ્યારે રણમાં નવો વંટોળ કે વાવાઝોડું આવે છે, ત્યારે તે રેતીના ઢગલાઓને ક્ષણભરમાં ઉડાડી મૂકે છે, કારણ કે રેતી હજી કાચી છે, અસ્થિર છે. પણ એ જ રણની વચ્ચે વર્ષોની ગરમી અને ટાઢ વેઠીને કાળી પડેલી જે જૂની શિલા (ખડક) હોય છે, તેને એ વંટોળ અડકીને પણ કશું બગાડી શકતો નથી. એ ખડક એટલો મજબૂત થઈ ગયો છે કે હવે તે વાવાઝોડાની સામે સ્મિત કરે છે. જે મન અંદરથી 'રાખ' જેવું સ્થિર બની ગયું છે, તેની ચેતના એ તપેલા ખડક જેવી છે, જેને બહારની કોઈ આંધી હલાવી શકતી નથી.

નદીના વહેણમાં તણાઈ આવતા લાકડાના ટુકડાઓ એકબીજા સાથે ભટકાઈને બહુ અવાજ કરે છે અને ઘસાતા રહે છે. પણ સમુદ્રના કિનારે જે પથ્થરો સદીઓથી ઊભા છે, તેમના પર રોજ લાખો મોજાં પછડાય છે. એ પથ્થરો કોઈ પ્રતિકાર નથી કરતા, કોઈ વળતો ગુસ્સો નથી કરતા. તેઓ મોજાંની થપાટો ખાઈ-ખાઈને એટલા લીસા અને મજબૂત થઈ ગયા છે કે મોજાં પોતે જ મોટી ફેણ ઉઠાવીને આવે છે અને પથ્થરને અડીને શાંત પાણી થઈ જાય છે. શાંતિ એવી હોવી જોઈએ કે સામેવાળાનો ગુસ્સો સામે આવીને સાવ ઓગળી જાય.

જ્યારે એકલા ખૂણામાં બેસીને આંસુ સાર્યા હોય. એ દિવસો યાદ આવી જાય જ્યારે ક્ષમતા પર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, જ્યારે પોતાના જ લોકોએ પીઠ પાછળ ખંજર ભોંક્યું હતું અને એવું લાગતું હતું કે હવે જીવનમાં બધું જ સળગીને ખાખ થઈ ગયું છે. લોકો ધારતા હોય છે કે આ પરિસ્થિતિમાંથી હવે ક્યારેય બેઠા નહીં થઈ શકાય.

પણ ના, એ બરબાદી નથી હોતી, એ તો ઘડતર હોય છે! માણસ જ્યારે પરિસ્થિતિઓની ભઠ્ઠીમાં બળતો હોય, ત્યારે તેને લાગે છે કે પોતે નષ્ટ થઈ રહ્યો છે. પણ હકીકતમાં, તેની અંદર રહેલો ડર, કમજોરીઓ, લોકોની વાતોથી જલ્દી દુઃખી થઈ જવાની આદત અને અહંકાર આ બધું એ ભઠ્ઠીમાં બળીને ખાખ થઈ રહ્યું હોય છે.

અગ્નિપરીક્ષાઓમાંથી પાસ થઈને જે બહાર આવે છે, એ શુદ્ધ 'રાખ' છે. હવે તેની સામે કોઈ ગમે તેટલી નકારાત્મકતા લાવે, કોઈ ગમે તેટલી ઈર્ષ્યા કરે, કે કોઈ અપમાન કરવાની કોશિશ કરે; કોઈ ફરક નથી પડતો. કારણ કે જે દિવસો વેઠી લીધા છે, તેનાથી અઘરું બીજું કંઈ હોઈ ન શકે. મન અંદરથી એટલું સમૃદ્ધ અને શાંત થઈ જાય છે કે લોકો ક્રોધની આગ સળગાવવા મથે છે, પણ નિષ્ફળ જાય છે. કારણ કે રાખ બની ગયેલા અસ્તિત્વને સળગાવવાની તાકાત કોઈ માચીસમાં નથી હોતી.

જે હૃદય પોતાના હિસ્સાના આંસુ પીને સાવ શાંત થઈ ગયું હોય,તેને ડરાવવાની તાકાત હવે દુનિયાના કોઈ અંગારામાં નથી હોતી .અહંકાર અને ગુસ્સો સળગે છે, પરમ શાંતિ ક્યારેય નથી સળગતી.

જીવનમાં એવા સ્થિર બનો કે લોકો તમને સળગાવવા આવે, તો પોતે જ શાંત થઈ જાય.

**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

## પબ્લિક ટ્રાન્સપોર્ટનું સક્ષમ માળખું પણ રોજ કરોડો લિટર ફ્યુઅલ બચાવે

### ભારતમાં ક્યાંય લોકલ ટ્રાન્સપોર્ટની સારી વ્યવસ્થા નથી, કાર પુલિંગ કરવાની માનસિકતા નથી અને છતાં પેટ્રોલ-ડીઝલ બચાવવાની સુફિયાણી વાતો થાય છે



મિડલ ઈસ્ટમાં જે સમસ્યા સર્જાઈ છે તેના કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલ બચાવવાની હાકલ કરવામાં આવી છે. વિદેશી હુંડિયામણ બચાવવા અને અન્ય વસ્તુઓનો મર્યાદિત અને કરકસરયુક્ત ઉપયોગ કરવા માટે લોકોને સામાન્ય જીવન જીવવા અપીલ કરી છે. ખાસ કરીને વર્ક ફ્રોમ હોમ, કાર-પુલિંગ અને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની પણ અપીલ કરવામાં આવી છે. બીજી તરફ વડા પ્રધાને પોતાના કાફલામાં મોટો કાપ મુકી દીધો છે. તેમના પગલે ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નેતાઓએ કાફલો ઘટાડી દીધો છે. ઘણા અધિકારીઓ, જજ દ્વારા જાહેર પરિવહનનો ઉપયોગ શરૂ કરી દેવાયો છે.

વાસ્તવિકતા એવી છે કે, દેશમાં મોટા શહેરોને બાદ કરતા ક્યાંય જાહેર પરિવહનનું એવું માળખું જ નથી કે જેનો લોકો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે. સમગ્ર વિશ્વમાં નજર કરીએ તો એવા કેટલાય દેશો છે જ્યાં પબ્લિક ટ્રાન્સપોર્ટ જ એ સ્તરની છે કે લોકો પોતાના વાહનોનો ઉપયોગ ટાળે છે. ક્યાંક નિયમો એવા કડક છે અને ફી એવી તોતિંગ લેવાય છે જેથી લોકો પોતાના વાહનો લેવાનું ટાળે છે. કેટલાક દેશોએ જાહેર પરિવહન સાવ મફત રાખ્યું છે જેથી દેશમાં ગમે ત્યાં અને ગમે ત્યારે લોકો ફરી શકે છે. સૌથી મોટી વાત એ છે કે, સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ પરિવહન સેવાઓ છે. માત્ર નામની કે સ્લોગનો પૂરતી મર્યાદિત નથી. બીજી તરફ ભારતની વાત કરીએ તો અહીંયા શહેરોમાં બસ સેવાઓ છે, કેટલાક શહેરોમાં મેટ્રો છે, ગુજરાતમાં ક્યાંક ક્યાંક બીઆરટીએસ છે. આ સેવાઓ એવી રીતે ગોઠવાયેલી છે કે શહેરના દરેક વ્યક્તિને તેનો લાભ મળી શકે તેમ જ નથી. શહેરોના અનેક વિસ્તારોમાં મેટ્રો હોય તો બીઆરટીએસ ન હોય કે પછી સિટી બસ ન આવતી હોય. સિટી બસ આવતી હોય તો બાકીની સેવા ન હોય.


દેશના ગામડાઓની તો વાત જ થાય એવી નથી. અહીંયા આજેય અનેક અંતરિયાળ ગામો છે જ્યાં પરાણે એકાદી બસ આવે છે. લોકો પોતાના વાહનો રાખ્યા સિવાય ક્યાં જઈ શકતા જ નથી. માણસ બિમાર પડે તો એમ્બ્યુલન્સની સેવા પણ મળતી નથી. અનેક ગામડા અને વિસ્તારો એવા છે જ્યાં લોકો જાતે નદી પાર કરીને જાય છે. અહીંયા સરકાર હોડીની સેવા પણ આપી શકી નથી કે નદી ઉપર પુલ પણ બનાવી શકી નથી. શહેરોમાં પણ મૂડીવાદ, દેખાદેખી, સ્પર્ધાત્મકતા એવા મગજમાં ચડી ગયા છે કે લોકો પોતાના વાહનો લેવા પડાપડી કરી રહ્યા છે. એક જ ઘરમાં બે-ત્રણ ગાડીઓ, ચાર-પાંચ ટુ વ્હીલર હોય છે. સરવાળે લાખો રૂપિયાના પેટ્રોલનો ધુમાડો થાય છે.

પીએમ મોદી દ્વારા અપીલ કરવામાં આવે કે તેઓ પોતે ઉદાહરણ પૂરું પાડે પણ સ્થિતિ બદલાય તેવી શક્યતાઓ નહીવત છે. આપણે ત્યાં પ્રાઈવેટ વાહનો હોવા, મોંઘી ગાડીઓ હોવી અને ખાસ કરીને નેતાઓ, મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા મોંઘીદાટ ગાડીઓ સાથે સ્ટેટસ બતાવવું એક સામાન્ય બાબત થઈ ગઈ છે. લોકો પણ તેમાં જોડાતા જાય છે.

# બેદરકારી કે બેજવાબદારી: એક દાયકામાં ચારધામ યાત્રામાં અંદાજે 1300 લોકોનાં મોત

**કોરોનાકાળ પછી લોકોનાં ચારધામ યાત્રા દરમિયાન મોતના કિસ્સામાં વધારો થયો છે. ખાસ કરીને 2022થી આ આંકડો મોટો થતો ગયો છે. છેલ્લાં કેટલાક વર્ષોના અહેવાલ જોઈએ તો 2025માં સૌથી ઓછા 83 લોકોનાં મોત થયા હતા. તેની પહેલાં 2024 માં 246 લોકોનાં મોત થયા હતા. 2023 માં 149 લોકોનાં જ્યારે 2022માં 311 લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા હતા : આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધારે 30 લોકોનાં કેદરનાથના રસ્તામાં મોત થયા છે. 10 શ્રદ્ધાળુઓના બદરીનાથ જતા જ્યારે યમનોત્રી અને ગંગોત્રી ધામ જવા દરમિયાન અનુક્રમે 8 અને 7 યાત્રાળુઓનાં મોત થયા હતા.**

દેશમાં સનાતનના પ્રતિક સમાન અત્યંત પવિત્ર ગણાતી ચારધામ યાત્રા ચાલી રહી છે. ગત મહિને ૧૯ તારીખે આ યાત્રાનો પ્રારંભ થયો હતો. આ યાત્રાને એક મહિનો પૂરો થયો છે. અત્યાર સુધીમાં લાખો યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કર્યા છે. આ યાત્રાની સૌથી આઘાતજનક સ્થિતિ એ સામે આવી છે કે, આ પવિત્ર યાત્રા શરૂ થયાના એક મહિનામાં જ ૫૫ લોકોનાં ત્યાં મોત થયા છે. જાણકારોના મતે મોટાભાગે સ્વાસ્થ્ય કારણોસર લોકોનાં મોત થયા છે, કેટલાક કિસ્સામાં અકસ્માત કે બેજવાબદારી સામે આવ્યા છે. ખાસ કરીને હૃદયરોગ અને શ્વાસની સમસ્યા ધરાવતા લોકોનો સમાવેશ મૃતકોમાં થાય છે. ચિંતાજનક વાત એ છે કે, હજી તો એક જ મહિનાની યાત્રા થઈ છે અને તેમાં ૫૫ લોકોનાં મોત થયા છે. હજી તો યાત્રા ચાલશે અને તેમાં જો આંકડો મોટો થશે તો તે દેશ માટે ચિંતાનજક છે. તેનું મોટું કારણ એ છે કે, છેલ્લાં એક દાયકામાં એટલે કે ૨૦૧૬થી અત્યાર સુધીમાં અંદાજે ૧૩૦૦થી વધુ લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા છે. અહેવાલો જણાવે છે કે, ઉંચાઈમાં થતો આકસ્મિક ફેરફાર હૃદયરોગ અને શ્વાસની સમસ્યા ધરાવતા લોકો માટે જીવલેણ બની જાય છે. તેમાંય કોરોનાકાળ પછી લોકોનાં ચારધામ યાત્રા દરમિયાન મોતના કિસ્સામાં વધારો થયો છે. ખાસ કરીને ૨૦૨૨થી આ આંકડો મોટો થતો ગયો છે. છેલ્લાં કેટલાક વર્ષોના અહેવાલ જોઈએ તો ૨૦૨૫માં સૌથી ઓછા ૮૩ લોકોનાં મોત થયા હતા. તેની પહેલાં ૨૦૨૪માં ૨૪૬ લોકોનાં મોત થયા હતા. ૨૦૨૩માં ૧૪૯ લોકોનાં જ્યારે ૨૦૨૨માં ૩૧૧ લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા હતા. ૨૦૨૦-૨૦૨૧માં કોરોનાના કારણે આંકડો ખાસ આવ્યો નહોતો કારણ કે મર્યાદિત સંખ્યામાં લોકો જઈ શક્યા હતા. તેની પહેલાં ૨૦૧૯માં ૯૦ યાત્રાળુઓ, ૨૦૧૮માં ૧૦૬, ૨૦૧૭માં ૧૧૨ અને ૨૦૧૬માં માત્ર ૩૯ યાત્રાળુઓનાં ચારધામ યાત્રા દરમિયાન મોત થયા હતા. તાજેતરના વર્ષે એક જ મહિનામાં ૫૫ લોકોનાં મોત થવાના કારણે લોકોમાં ચિંતાની સ્થિતિ છે. આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધારે ૩૦ લોકોનાં કેદરનાથના રસ્તામાં મોત થયા છે. ૧૦ શ્રદ્ધાળુઓના બદરીનાથ જતા જ્યારે યમનોત્રી અને ગંગોત્રી ધામ જવા દરમિયાન અનુક્રમે ૮ અને ૭ યાત્રાળુઓનાં મોત થયા હતા. જાણકારોના મતે ચારધામ યાત્રામાં સૌથી વધારે મોત પાછળ કારણ સ્વાસ્થ્ય છે. ૭૫ ટકા મોત માટે પ્રી-એક્ઝિસ્ટિંગ હાર્ટ ડિસિઝ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટિસ, પલ્મોનરી એડિમા જેવા કારણે વધારે અસર કરનાર પરિબળ હતા. ઉલ્લેખનીય છે કે, આવા કિસ્સા દર વર્ષે બને છે અને દર વર્ષે લાખો લોકો ચારધામ યાત્રા માટે જતા હોય છે. યમુનોત્રી, ગંગોત્રી, બદરીનાથ અને કેદારનાથની યાત્રા દરમિયાન રજિસ્ટ્રેશન ફરજિયાત હોય છે. આ રજિસ્ટ્રેશન દરમિયાન સ્વાસ્થ્ય સંબંધી વિગતો આપવાની હોય છે. હેલ્થ સર્ટિફિકેટ આપવાના હોય છે. આ યાત્રા હાઈ અલ્ટિટ્યૂડ ઉપર થતી હોવાથી લોકોને શારીરિક સમસ્યાઓ થતી જ હોય છે. તેના કારણે જ હૃદય રોગ અને શ્વાસના રોગો સાથે સંકળાયેલા લોકોને આ યાત્રા ન કરવા સમજાવવામાં આવે છે. લોકોની બેજવાબદારી અને તંત્રીની બેદરકારીના કારણે દર વર્ષે ઘણા શ્રદ્ધાળુઓ પોતાનો જીવ ગુમાવે છે. ઉત્તરાખંડમાં આવેલા ચારધામ હાઈ અલ્ટિટ્યૂડવાળી જગ્યા કહેવાય છે. અહીંયા વાતાવરણ અત્યંત ઠંડુ અને બરફાચ્છાદિત હોય છે. અહીંયા ગરમીની સિઝનમાં પણ પર્વતોના શીખરો ઉપર બરફ પડેલો હોય છે. તેના કારણે સામાન્ય માણસો જે રોજિંદા સમયમાં લો અલ્ટિટ્યૂડ ઉપર રહેતા હોય છે તેમને અચાનક અહીંયા આવીને સમસ્યા થાય છે. જેમનું હૃદય મજબૂત હોય અને ફેફસાં સક્ષમ હોય તે લોકો જ અહીંયા આવી શકે છે. વૃદ્ધો, બિમાર અને હૃદય તથા ફેફસાંની બિમારી ધરાવતા લોકો માટે આ જગ્યા અત્યંત જોખમી છે. પરિસ્થિતિ એવી થાય છે કે, જ્યારે વધારે ઉંચાઈએ જવામાં આવે છે ત્યારે હવા પાતળી થાય છે, તેમાં ઓક્સિજનનું સ્તર ઓછું હોય છે અને તેના કારણે ફેફસાંને શ્રમ પડે છે. તેમાં ઓક્સિજન ઓછો આવે છે. તેના કારણે ફેફસાં અને હૃદય ઉપર જોર પડે છે. જાણકારો માને છે કે, કોઈપણ હાઈ અલ્ટિટ્યૂડ ઉપર જતા પહેલાં અન્ય કોઈ સ્થાને પર્વતારોહણનો અનુભવ કરવો જોઈએ. ચારધામ જવા દરમિયાન ચાલવાની કામગીરી ધીમી રાખવી જોઈએ. એક દિવસમાં ઓછી ઉંચાઈથી સીધા જ ૯૦૦૦ ફૂટની ઉંચાઈ સુધી ન જતું રહેવું જોઈએ. તેના કારણે સમસ્યા વધારે વકરે છે. એક વખત ૯૦૦૦ ફૂટ પહોંચીને આરામ કરવો જોઈએ. ત્યાં ઉંઘવાનો અભ્યાસ થાય ત્યારબાદ બીજા દિવસે માત્ર ૧૯૦૦ ફૂટ વધુ ઉપર જઈને ત્યાં રાત પસાર કરીને આરામનો અનુભવ કરવો જોઈએ. દરેક ૩૩૦૦ થી ૩૫૦૦ ફૂટ ઉપર પહોંચ્યા બાદ ત્યાં અનુકુલન સધાય તેની તકેદારી રાખવી જોઈએ. સ્વાસ્થ્ય જાણકારોના મતે જે લોકો હૃદય સંબંધી સમસ્યા ધરાવતા હોય છે તેમને આવી જગ્યાઓએ વધારે ભાર પડે છે અને હૃદયને અત્યંત શ્રમ પડે છે. હાઈ બ્લડપ્રેશર ધરાવતા લોકોને પણ આવા સ્થળે જવાથી હૃદયની ગતિ વધવી, લોહીનું દબાણ વધું જેવી સમસ્યાઓ અનુભવાય છે. ખાસ કરીને રાતના સમયે આવી સમસ્યા વધારે થતી હોય છે. જાણકારો માને છે કે, હાઈ અલ્ટિટ્યૂડ ઉપર રહેનારા લોકોને કુદરતી રીતે જ મજબૂત હૃદય હોય છે. તેમને હાર્ટ એટેક આવવા જેવી સમસ્યાઓ પણ ખૂબ જ ઓછી હોય છે અને તેમનું સરેરાશ આયુષ્ય પણ લાંબું હોય છે. જર્નલ ઓફ ધ અમેરિકન હાર્ટ એસોસિયેશન દ્વારા એક અહેવાલમાં જણાવાયું હતું કે, હાઈ બ્લડ પ્રેશર અને હાર્ટ ડિસિઝ ધરાવતા લોકોનું અહીંયા જવું મોટાભાગે ભયજનક હોય છે. ઘણા કિસ્સામાં તે જીવલેણ સાબિત થાય છે. અભ્યાસ પ્રમાણે ૧૦,૦૦૦ ફૂટથી વધુની ઉંચાઈએ જનારા લોકોને ઘણું જોખમ રહે છે. તેમને છાતીમાં દુ:ખાવો, થાક, ચક્કર આવવા, શ્વાસ લેવામાં મુશ્કેલી અને માથામાં સખત દુ:ખાવો જેવી સમસ્યાઓ થાય છે. આવા લોકોએ સમયાંતરે પાણી પીવું જોઈએ. તેમણે પોતાની શારીરિક તપાસ કરાવી લેવી જોઈએ. સૌથી પહેલાં તેમણે હાઈ અલ્ટિટ્યૂડની જગ્યાઓએ જતાં પહેલાં લો અલ્ટિટ્યૂડ અને મીડલ અલ્ટિટ્યૂટડની જગ્યાઓએ રાત રોકાઈને તેનો અભ્યાસ કરી લેવો જોઈએ. સંપૂર્ણ આરામ લેવો, હાઈડ્રેટેડ રહેવું અને શ્વસન પ્રક્રિયા ઉપર વધારે ભાર મુકવો અને તેનો વિશેષ અભ્યાસ કરવો જોઈએ. હૃદય રોગ અને બ્લડ પ્રેશરની દવાઓ પોતાની સાથે રાખવી અને ડોક્ટરો સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ. 4500 મીટરથી ઉંચાઈએ આવેલા સ્થાનો હાઈ અલ્ટિટ્યૂડમાં આવે છે ખાસ વાત એ છે કે, સમુદ્ર કિનારાથી ૬૫૬૦ ફૂટ સુધીની ઉંચાઈના વિસ્તારને લો અલ્ટિટ્યૂડ કહેવાય છે. ૬૫૬૦થી ૯૮૪૦ ફૂટની ઉંચાઈ સુધીના વિસ્તારને મિડિયમ અલ્ટિટ્યૂડ કહેવાય છે. સમુદ્ર તટથી ૯૮૪૦ ફૂટથી ઉંચા તમામ સ્થાનોને હાઈ અલ્ટિટ્યૂડ કહેવામાં આવે છે. અહીંયા શારીરિક સમસ્યાઓનો અનુભવ થતો હોય છે. ભારતમાં હાઈ અલ્ટિટ્યૂડના ત્રણ ફેઝ રાખવામાં આવ્યા છે. અહીંયા ૯૦૦૦ ફૂટથી ઉપરના વિસ્તારોને હાઈ અલ્ટિટ્યૂડ કહેવાય છે. તેમાં પહેલા ફેઝમાં ૯૦૦૦થી ૧૨,૦૦૦ ફૂટ સુધીના વિસ્તારો આવે છે. બીજા ફેઝમાં ૧૨,૦૦૦થી ૧૫,૦૦૦ ફૂટ સુધીના અને ત્રીજા ફેઝમાં ૧૫,૦૦૦ ફૂટથી ઉપરના વિસ્તારો આવે છે. ચારધામની યાત્રા દરમિયાન અંદાજે ૧૫,૦૦૦ (૪૫૦૦ મીટર) ફૂટની આસપાસ ચઢાણ કરવાનું હોય છે. ચારધામ યાત્રામાં ગઢવાલ હિમાલયમાં ઉંચાઈ વધારે છે. તેથી તેને હાઈ અલ્ટિટ્યૂડવાળી જગ્યા કહેવાય છે. ભારતીય સેના દ્વારા પણ આ વિસ્તારોને હાઈ અલ્ટિટ્યૂડ કહેવામાં આવ્યા છે. યમુનોત્રીની ઉંચાઈ ૩૨૯૧ મીટર, ગંગોત્રીની ઉંચાઈ ૩૪૧૫ મીટર અને કેદારનાથની ઉંચાઈ ૩૫૫૩ મીટર, બદ્રીનાથની ઉંચાઈ ૩,૩૦૦ મીટર જેટલી છે. સરેરાશ કેદારનાથ અને ગંગોત્રી માટે અનુક્રમે ૧૧,૭૦૦ અને ૧૦,૨૦૦ ફૂટ જેટલી ઉંચાઈએ જવું પડે છે. અહીંયા તાપમાન સખત ઠંડું હોય છે. વારંવાર તોફાની પવન આવે અને વરસાદ થતો હોય છે. હવાનું દબાણ ઓછું હોય છે. હવામાં ઓક્સિજનનું સ્તર પણ ઓછું હોય છે.દેશમાં સનાતનના પ્રતિક સમાન અત્યંત પવિત્ર ગણાતી ચારધામ યાત્રા ચાલી રહી છે. ગત મહિને ૧૯ તારીખે આ યાત્રાનો પ્રારંભ થયો હતો. આ યાત્રાને એક મહિનો પૂરો થયો છે. અત્યાર સુધીમાં લાખો યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કર્યા છે. આ યાત્રાની સૌથી આઘાતજનક સ્થિતિ એ સામે આવી છે કે, આ પવિત્ર યાત્રા શરૂ થયાના એક મહિનામાં જ ૫૫ લોકોનાં ત્યાં મોત થયા છે. જાણકારોના મતે મોટાભાગે સ્વાસ્થ્ય કારણોસર લોકોનાં મોત થયા છે, કેટલાક કિસ્સામાં અકસ્માત કે બેજવાબદારી સામે આવ્યા છે. ખાસ કરીને હૃદયરોગ અને શ્વાસની સમસ્યા ધરાવતા લોકોનો સમાવેશ મૃતકોમાં થાય છે. ચિંતાજનક વાત એ છે કે, હજી તો એક જ મહિનાની યાત્રા થઈ છે અને તેમાં ૫૫ લોકોનાં મોત થયા છે. હજી તો યાત્રા ચાલશે અને તેમાં જો આંકડો મોટો થશે તો તે દેશ માટે ચિંતાનજક છે. તેનું મોટું કારણ એ છે કે, છેલ્લાં એક દાયકામાં એટલે કે ૨૦૧૬થી અત્યાર સુધીમાં અંદાજે ૧૩૦૦થી વધુ લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા છે. અહેવાલો જણાવે છે કે, ઉંચાઈમાં થતો આકસ્મિક ફેરફાર હૃદયરોગ અને શ્વાસની સમસ્યા ધરાવતા લોકો માટે જીવલેણ બની જાય છે. તેમાંય કોરોનાકાળ પછી લોકોનાં ચારધામ યાત્રા દરમિયાન મોતના કિસ્સામાં વધારો થયો છે. ખાસ કરીને ૨૦૨૨થી આ આંકડો મોટો થતો ગયો છે. છેલ્લાં કેટલાક વર્ષોના અહેવાલ જોઈએ તો ૨૦૨૫માં સૌથી ઓછા ૮૩ લોકોનાં મોત થયા હતા. તેની પહેલાં ૨૦૨૪માં ૨૪૬ લોકોનાં મોત થયા હતા. ૨૦૨૩માં ૧૪૯ લોકોનાં જ્યારે ૨૦૨૨માં ૩૧૧ લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા હતા. ૨૦૨૦-૨૦૨૧માં કોરોનાના કારણે આંકડો ખાસ આવ્યો નહોતો કારણ કે મર્યાદિત સંખ્યામાં લોકો જઈ શક્યા હતા. તેની પહેલાં ૨૦૧૯માં ૯૦ યાત્રાળુઓ, ૨૦૧૮માં ૧૦૬, ૨૦૧૭માં ૧૧૨ અને ૨૦૧૬માં માત્ર ૩૯ યાત્રાળુઓનાં ચારધામ યાત્રા દરમિયાન મોત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોનાકાળ પછી લોકોનાં ચારધામ યાત્રા દરમિયાન મોતના કિસ્સામાં વધારો થયો છે. ખાસ કરીને 2022થી આ આંકડો મોટો થતો ગયો છે. છેલ્લાં કેટલાક વર્ષોના અહેવાલ જોઈએ તો 2025માં સૌથી ઓછા 83 લોકોનાં મોત થયા હતા. તેની પહેલાં 2024 માં 246 લોકોનાં મોત થયા હતા. 2023 માં 149 લોકોનાં જ્યારે 2022માં 311 લોકોનાં મોત ચારધામ યાત્રા દરમિયાન થયા હતા : આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધારે ૩૦ લોકોનાં કેદરનાથના રસ્તામાં મોત થયા છે. 10 શ્રદ્ધાળુઓના બદરીનાથ જતા જ્યારે યમનોત્રી અને ગંગોત્રી ધામ જવા દરમિયાન અનુક્રમે 8 અને 7 યાત્રાળુઓનાં મોત થયા હતા. જાણકારોના મતે ચારધામ યાત્રામાં સૌથી વધારે મોત પાછળ કારણ સ્વાસ્થ્ય છે.



# અન્નદાતાના પાક સાથે પાપનો ખેલ : પાનોલી GIDCની કંપનીમાંથી ઝડપાયું નકલી જંતુનાશક દવાઓનું મોટું નેટવર્ક!

## બ્રાન્ડ પ્રોટેક્શન ટીમ અને પાનોલી પોલીસનો સંયુક્ત સપાટો: પ્રોડક્શન મેનેજર સહિત માલિકો વિરુદ્ધ કોપીરાઇટ એક્ટ હેઠળ ગુનો દાખલ

**અંકલેશ્વર**

ગુજરાતના ખેડૂતો જે દવાને પોતાના પાકનું રક્ષણ સમજીને રાત-દિવસ લોહી-પાણી એક કરીને ખરીદે છે, તે જ દવામાં કેટલાક નફાખોર તત્વો નકલી લોગો લગાવીને કરોડોનું કૌભાંડ આચરી રહ્યા હોવાનો ભયાનક ખુલાસો થયો છે. અંકલેશ્વરની હબ ગણાતી પાનોલી જીઆઈડીસીમાં આવેલી પ્રશાંત એગ્રીક સર્વિસ નામની કંપનીમાં ચાલી રહેલા આ કાળા કારોબારનો પાનોલી પોલીસે પર્દાફાશ કર્યો છે. બ્રાન્ડેડ કંપની યુપીએલના નામે નકલી અને ડુપ્લીકેટ ખેતીવાડીની દવાઓ બનાવીને માર્કેટમાં ધકેલવાના આ રેકેટથી સમગ્ર પંથકના ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

આ આખા નેટવર્કની વિગતો મુજબ, બ્રાન્ડ પ્રોટેક્શનના ઈન્વેસ્ટિગેશન ઓફિસર આશિષ મહેશ જાંગડાને પાકી અને સચોટ માહિતી મળી હતી કે પાનોલી જીઆઈડીસીની પ્રશાંત એગ્રીક સર્વિસ કંપનીમાં નામચીન યુપીએલ (UPL) કંપનીની ડુપ્લીકેટ દવાઓનું ઉત્પાદન અને વેચાણ ધમધમી રહ્યું છે. માહિતી મળતા જ ઈન્વેસ્ટિગેશન ઓફિસર આશિષ જાંગડા અને સહાયક ઈન્વેસ્ટિગેશન ઓફિસર કુલદીપ કુશવાહા સહિતની ટીમે સ્થાનિક પાનોલી પોલીસને સાથે રાખીને કંપની પર આકસ્મિક દરોડો પાડ્યો હતો.

પોલીસ અને તપાસ ટીમને જોતા જ કંપનીના સંચાલકોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

કંપનીના પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા જ તપાસ ટીમ પણ ચોંકી ઉઠી હતી. ત્યાં મોટી નામાંકિત યુપીએલ કંપનીના બ્રાન્ડેડ કન્ટેનર અને લેબલ વાળી નકલી દવાઓનો મોટો જથ્થો તૈયાર પડ્યો હતો. પોલીસે સ્થળ પરથી રૂપિયા 4 લાખથી વધુની કિંમતનો આ નકલી જંતુનાશક દવાનો મુદ્દામાલ, પેકિંગ મટીરિયલ અને અન્ય સાધનો જપ્ત કર્યા છે. આ નકલી દવાઓ કયા-કયા વિસ્તારોમાં સપ્લાય થવાની હતી અને અત્યાર સુધી કેટલા ખેડૂતો આ પાપનો ભોગ બન્યા છે તે દિશામાં હવે તપાસ તેજ કરાઈ છે.

આ મામલે પાનોલી પોલીસે કડક વલણ અપનાવીને કંપનીના પ્રોડક્શન મેનેજર ધર્મેશ અરવિંદ હિરપરાની અટકાયત કરી છે. આ ઉપરાંત કંપનીના મૂળ માલિકો વિરુદ્ધ ખેડૂતો સાથે છેતરપિંડી, નકલી માલનું વેચાણ અને કોપીરાઈટ એક્ટ (Copyright Act) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડૂતોના સળગતા સવાલો:

1. આવી નકલી દવાઓ ફેક્ટરીઓમાં બને છે ત્યાં સુધી સ્થાનિક સરકારી ખેતીવાડી અધિકારીઓ કેમ ઘસઘસાટ ઊંઘતા રહે છે?

2. શું આ નકલી દવાના કારણે કેટલાય ખેડૂતોના પાક બરબાદ થયા છે તેની ભરપાઈ આ પાપી કંપનીના માલિકો કરશે?

3. આવી કંપનીઓ સામે માત્ર કોપીરાઈટ નહિ, પણ ખેડૂતોના જીવ સાથે રમત રમવા બદલ કડકમાં કડક પાસા (PASA) હેઠળ ગુનો કેમ દાખલ ન થવો જોઈએ? જો આવા નફાખોરો સામે ગાંધીનગરથી કડક પગલાં લેવામાં નહીં આવે, તો ધરતીપુત્રો દેવાના ડુંગર નીચે દબાઈ જશે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા પોલીસની કામગીરી પર નજર રાખશે.

### ડભોઇમાં સરકારી ગેરવ્યવસ્થાની આકરી ગરમી

# મોટી ગેરરીતિ : 1400 ખેડૂતોના રજીસ્ટ્રેશન રદ થતા આક્રોશ...!

**ડભોઇ**

એક તરફ ૪૨ ડિગ્રીની કાળઝાળ ગરમી વરસી રહી છે, તો બીજી તરફ સરકારી તંત્રની બેદરકારી ડભોઈ તાલુકાના અન્નદાતાઓને દઝાડી રહી છે. ડભોઈ એપીએમસી (APMC) ખાતે ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં થયેલી મોટી ગેરરીતિ સામે ખેડૂતોએ ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ચાલુ વર્ષે ડભોઈ તાલુકામાં જુવાર, બાજરી અને મકાઈનું બમ્પર ઉત્પાદન થયું છે. રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે (MSP) ખરીદી માટે ઓનલાઈન નોંધણી શરૂ કરાતા ૨૫૦૦ જેટલા ખેડૂતોએ દસ્તાવેજો અપલોડ કરી સ્લિપ મેળવી હતી. પરંતુ, ખરીદી વ્યવસ્થામાં બેઠેલા જવાબદાર અધિકારીઓની લાપરવાહીના કારણે અચાનક ૧૪૦૦ ખેડૂતોને બ્લોક કરી દેવાયા છે. ખેડૂતોને ચેક, તલાટીના દાખલા કે '૮-A' ના દસ્તાવેજના અભાવનું બહાનું બતાવી રજીસ્ટ્રેશન રદ કરાયું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે પોર્ટલ પર '૮-A' ફરજિયાત નહોતું, તો પછી ફોર્મ કેમ રદ થયા? સરકારના જાહેર કાર્યક્રમ મુજબ ૧ મે ૨૦૨૬ થી ખરીદી શરૂ થવાની હતી, જે ૨૦ મે સુધી પણ શરૂ થઈ નથી. આથી ખેડૂતો ખુલ્લા બજારમાં પાણીના ભાવે પાક વેચવા મજબૂર બન્યા છે. હાલ ચોમાસાની તૈયારીઓ વચ્ચે, જો માલ વેચાય નહીં તો આગામી વાવેતર કેવી રીતે કરવું તે મોટી મૂંઝવણ છે. આ અન્યાય સામે ખેડૂત હિત રક્ષક સમિતિ ના આગેવાનો ધવલ પટેલ, દીક્ષિત પટેલ, મેહુલ પટેલ, ગૌરાંગ પટેલ, ભરત પટેલ અને વિષ્ણુ પટેલ મેદાને આવ્યા છે.

### ડભોઇ ના મહુડી ભાગોળ વિસ્તારમાં

# નગરપાલિકાના ઉપપ્રમુખના જ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય : ગટરના ગંદા પાણીથી જનતા ત્રાહિમામ



**ડભોઇ**

ડભોઈ ના મહુડી ભાગોળ વિસ્તારમાં ગટરના ગંદા પાણીથી જનતા ત્રાહિમામ નગરપાલિકાના ઉપપ્રમુખના જ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ડભોઈ નગરપાલિકાના વિકાસના દાવાઓની પોલ ખોલતો એક કિસ્સો મહુડી ભાગોળ માછીવાડ ખાડા વિસ્તારમાંથી સામે આવ્યો છે ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે જેના કારણે સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે ગટરના ગંદા પાણીના ભરાવાને કારણે સમગ્ર વિસ્તારમાં લીલ જામી ગઈ છે અને ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે. સૌથી ચોંકાવનારી અને આશ્ચર્યજનક બાબત એ છે કે આ વિસ્તાર ડભોઈ નગરપાલિકાના ઉપપ્રમુખ નો વિસ્તાર છે સ્થાનિક લોકોમાં એ વાતને લઈને ભારે રોષ છે કે જેઓ નગરમાં અને અન્ય જગ્યાઓએ જઈને વિકાસની મોટી-મોટી વાતો કરે છે તેમના પોતાના જ ઘર આંગણે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે નગરપાલિકાના ઉપપ્રમુખ ના તેમના જ વિસ્તારના લોકો ગંદકી થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે મચ્છરોનો ત્રાસ અને રોગચાળાનો ભય. ભરાયેલા ગંદા પાણીના કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ અતિશય વધી ગયો છે. અસહ્ય દુર્ગંધ અને મચ્છરોના ત્રાસથી સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનીકોનો આક્ષેપ છે કે રાત-દિવસ ઘરમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું છે લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો આ ગંદકીના કારણે વિસ્તારમાં કોઈ મોટો જીવલેણ રોગચાળો ફાટી નીકળશે, તો તેનો જવાબદાર કોણ વહેલી તકે નિકાલ લાવવા જનતાની માંગ સમગ્ર મામલે સ્થાનિક રહીશોની માંગ છે કે નગરપાલિકાનું કુંભકર્ણ નિદ્રામાં સૂતેલું તંત્ર તાકીદે જાગે.

### 'રાજકીય આગેવાનો અને પોલીસની સાઠગાંઠથી ચાલે છે દારૂ-જુગારના અડ્ડા'

# સાંસદ મનસુખ વસાવાનો વિસ્ફોટક લેટરબોમ્બ

**રાજપીપળા**


પોતાના આખાબોલા સ્વભાવ અને સ્ફોટક નિવેદનો માટે જાણીતા ભાજપના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાએ ફરી એકવાર લેટરબોમ્બ ફોડીને નર્મદા જિલ્લા સહિત સમગ્ર રાજ્યના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. આ વખતે તેમણે નર્મદા પોલીસ અને બુટલેગરોની મિલીભગત પર ગંભીર આક્ષેપો કરતો સળગતો પત્ર સીધો ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને લખ્યો છે, જેને પગલે પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે, નર્મદા જિલ્લામાં મહારાષ્ટ્ર સરહદેથી મોટા પાયે ઝેરી અને કેમિકલયુક્ત ઈંગ્લિશ દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. આ કાળા કારોબારમાં તમામ રાજકીય પક્ષોના આગેવાનો અને પોલીસ અધિકારીઓની સીધી સાઠગાંઠ છે. ચોંકાવનારી વાત એ છે કે, સાંસદે પત્રમાં ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓ અને ડેડીયાપાડા તેમજ સાગબારા રૂટ પર આવતા પોલીસ સ્ટેશનોના પીએસઆઈ (PSI)ના નામ જોગ ઉલ્લેખ કર્યો છે, જેમાં આમલેથા પોલીસ સ્ટેશનનું નામ ખાસ હાઈલાઈટ કરાયું છે.

'યુવાધન ખતમ થઈ રહ્યું છે, બચાવી લેજો સાહેબ!'

પત્રમાં ભાવુક અપીલ કરતાં સાંસદે લખ્યું છે કે, આ દારૂ ઉમલ્લા, રાજપારડી, કરજણ અને શિનોર સુધી સપ્લાય થાય છે. ગાંધીના ગુજરાતમાં દારૂની આ રેલમછેલથી રાજ્યનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે.

આ ગંભીર મામલે સાંસદે એક પત્ર નર્મદા એસપી (SP)ને રૂબરૂ આપ્યો છે અને બીજો પત્ર ગૃહમંત્રીને મોકલી બુટલેગરો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. શાસક પક્ષના જ સાંસદે પોતાની સરકારના પોલીસ તંત્ર સામે મોરચો ખોલતાં પ્રશાસન હરકતમાં આવ્યું છે. હવે જોવાનું એ રહેશે કે ગૃહ વિભાગ અને નર્મદા પોલીસ વડા આ ભ્રષ્ટ અધિકારીઓ અને બુટલેગરોના નેક્સસ પર કેવા કડક એક્શન લે છે.




# ટ્રકને સાઇડ ન આપતા ડ્રાઈવરનું અપહરણ કરી મારપીટ, ચાર સામે FIR

## લીમડી નજીક બોલેરોમાં બેસાડી પીપલેટ ગામે લઈ જઈ હુમલો કર્યાનો આક્ષેપ

**દાહોદ**

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના મુંડાહેડા ગામના યુવક સાથે ટ્રકને સાઈડ ન આપવાના મામલે અપહરણ કરી મારપીટ કરાયાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત યુવકે ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ મુંડાહેડા સુથાર ફળીયાના રહેવાસી પૃથ્વીરાજ રમણભાઈ મુનિયા પોતાના પિતાના ટ્રક નં. GJ-23-Y-9791 લઈને મલવાસી ગામેથી ટ્રૂકમાં માટી ભરી લીમડી ઈંટ ભઠ્ઠા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન મલવાસી-મુંડાહેડા ચોકડી નજીક ગામનો રસ્તો સાંકડો હોવાથી પાછળથી આવતી બોલેરો ગાડીને ઓવરટેક કરવા માટે સાઈડ આપી શક્યા નહોતા. ફરિયાદ અનુસાર બાદમાં લીમડી-ચાકલિયા હાઈવે પર લીલવા ઠાકોર ગામના ફાટા નજીક બોલેરો ગાડીના ચાલકે ટ્રકને ઓવરટેક કરી ટ્રક આગળ ગાડી ઉભી રાખી હતી. ત્યારબાદ ગાડીમાંથી ઉતરેલા ચાર વ્યક્તિઓએ ટ્રકના ડ્રાઈવર સાથે ગાળો બોલી તેને ટ્રકમાંથી નીચે ઉતારી લાપટ-ઝાપટ તથા મુક્કા વડે માર માર્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ચારેય શખ્સોએ યુવકને જબરદસ્તી બોલેરો ગાડી નં. GJ-20-N-1764માં બેસાડી પીપલેટ ગામ તરફ લઈ ગયા હતા. રસ્તામાં પણ મારપીટ ચાલુ રાખી હતી. પીપલેટ ગામે એક મકાન આગળ લઈ જઈ ફરી માર મારતા "આજે તો આને સરખો કરી દેવાનો" જેવી ધમકીઓ આપી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. આ દરમિયાન પીડિતના કાકા ભગીરથભાઈ કલસિંગભાઈ મુનિયા તથા કુટુંબી અમરતભાઈ શંકરભાઈ મુનિયા પોલીસ સાથે સ્થળ પર પહોંચતા હુમલાખોરો મકાન પાછળના ખેતરોમાં ભાગી ગયા હતા. આસપાસના લોકો પાસેથી પૂછપરછ કરતાં મકાન સુરમલભાઈ સમુડાભાઈ ડીંડોડનું હોવાનું જાણવા મળ્યું હતું. ફરિયાદમાં પીપલેટ ગામના કાળુભાઈ સુરમલભાઈ ડીંડોડ, માનુભાઈ સમુડાભાઈ ડીંડોડ, રાકેશભાઈ સમુડાભાઈ ડીંડોડ તેમજ પેથાપુર ગામના રાકેશભાઈ શકરીયાભાઈ મુનિયાના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### ગુજરાતનું ચેરાપુંજી પાણી માટે તરસ્યું

# વલસાડના કપરાડામાં 45 ફૂટ ઊંડા કૂવામાં જીવના જોખમે પાણી ભરતી મહિલાઓ : 586 કરોડની એસ્ટોલ યોજના સુપર ફ્લોપ..

**વલસાડ**

ચોમાસામાં જ્યાં આભ ફાટે છે અને જેને આખા ગુજરાતનું 'ચેરાપુંજી' કહેવામાં આવે છે, તે વલસાડ જિલ્લાનું કપરાડા આજે ટીપું-ટીપું પાણી માટે રીતસર તરસવા મજબૂર બન્યું છે. અતિભારે વરસાદ માટે જાણીતા આ આદિવાસી વિસ્તારમાં ઉનાળો આકરો બનતાની સાથે જ પાણીની ભયાનક કટોકટી સર્જાઈ છે. વહીવટી તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની ચાડી ખાતી આ ખતરનાક સ્થિતિમાં, સ્થાનિક મહિલાઓ પોતાના અને પરિવારના ગળા સુકાતા બચાવવા માટે દરરોજ મોતના કૂવામાં ઉતરી રહી છે.

કપરાડાના અંતરિયાળ ગામડાઓમાં પીવાના પાણીની સ્થિતિ એટલી હદે ઘાતક બની ચૂકી છે કે મહિલાઓ ૪૫-૪૫ ફૂટ ઊંડા સૂકા ભઠ્ઠ કૂવાઓમાં દોરડાના સહારે જીવના જોખમે નીચે ઉતરે છે. કૂવાના તળિયે બચેલું થોડું-ઘણું ડહોળું પાણી ભરવા માટે અહીં રોજ સવારથી જ મહિલાઓની લાંબી લાઈનો અને ભારે અફરાતફરી જોવા મળે છે. સહેજ પણ પગ લપસે તો સીધું મોત નક્કી હોવા છતાં, તરસ છિપાવવા માટે આ આદિવાસી પરિવારો દરરોજ પોતાની જિંદગી દાવ પર લગાવી રહ્યા છે.

આ કપરી પરિસ્થિતિએ સરકારની કરોડો રૂપિયાની નળ સે જલ અને પાણી પુરવઠાની યોજનાઓના ધજાગરા ઉડાવી દીધા છે. દુર્ગમ પહાડી વિસ્તારો સુધી પાણી પહોંચાડવાના મોટા-મોટા દાવાઓ સાથે શરૂ કરાયેલી અંદાજે ૫૮૬ કરોડ રૂપિયાની મહાકાય 'એસ્ટોલ યોજના' કપરાડામાં સંપૂર્ણપણે ફ્લોપ સાબિત થઈ છે. કરોડો રૂપિયાના આંધણ પછી પણ આજે સરકારી નળો શોભાના ગાંઠિયા સમાન બન્યા છે અને પાઈપલાઈનો સૂકી ભઠ્ઠ પડી છે.

સ્થાનિક આદિવાસી જનતામાં શાસકો અને વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો ૫૮૬ કરોડ રૂપિયા ખર્ચવા છતાં જનતાને પીવાનું ચોખ્ખું પાણી પણ ન મળતું હોય, તો આ કરોડો રૂપિયા કોના ખિસ્સામાં ગયા? એક તરફ આકાશી આફત જેવી ગરમી છે અને બીજી તરફ તંત્રની માનવસર્જિત બેદરકારી, જેણે કપરાડાના નાગરિકોને નરક જેવી સ્થિતિમાં ધકેલી દીધા છે. જો આગામી દિવસોમાં અહીં ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં નહીં આવે, તો સ્થિતિ વધુ સ્ફોટક બને તેવી પૂરેપૂરી આશંકા છે.

# કરજણ નજીક દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ હાઈવે પર ટેન્કરમાં ભીષણ આગ બાદ બ્લાસ્ટ

## વાહનચાલકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો

**કરજણ**

ભરૂચ-વડોદરાને જોડતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શુક્રવારે સાંજે એક મોટી અને ભયાનક દુર્ઘટના ઘટતા સહેજમાં અટકી હતી. કરજણ તાલુકાના સાપા-બોડકા ગામની સીમમાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે પર એક ખાલી કેમિકલ ટેન્કરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ એટલી તીવ્ર હતી કે જોતજોતામાં ટેન્કરમાં રહેલી મટીરીયલની ખાલી ટાંકીમાં એક જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ પ્રચંડ ધડાકાને કારણે સમગ્ર પંથકમાં અને હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિકો અને રાહદારીઓએ તુરંત જ ઈમરજન્સી સેવા ૧૧૨ પર કોલ કરીને આ અંગેની જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા જ કરજણ ફાયર ડિપાર્ટમેન્ટની ટીમ સહેજ પણ સમય બગાડ્યા વિના ફાયર ફાઈટરો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના બહાદુર જવાનોએ યુદ્ધના ધોરણે પાણીનો સતત મારો ચલાવીને ટેન્કરમાં લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ફાયર ટીમની સમયસૂચકતાને કારણે આગ વધુ પ્રસરતી અટકી હતી અને મોટી હોનારત ટળી હતી.



પ્રાથમિક અહેવાલો અને તંત્ર પાસેથી મળતી માહિતી અનુસાર, આ ભયાનક આગ અને બ્લાસ્ટની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી, જે એક મોટા રાહતના સમાચાર છે. જોકે, હાઈવે પર ટેન્કરમાં લાગેલી આગ અને બ્લાસ્ટને પગલે સુરક્ષાના ભાગરૂપે થોડા સમય માટે વાહન વ્યવહાર સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો અને હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

### અરજદારો સાથે રૂબરૂ સંવાદ કરી મેળવ્યો ગ્રાઉન્ડ રિપોર્ટ

# થરાદ પોલીસ સ્ટેશનમાં સરહદી રેન્જ IGP પરીક્ષિતા રાઠોડનું સરપ્રાઈઝ ચેકિંગ

## સીધી ચર્ચામાં ચારેય અરજદારોએ પોલીસ કામગીરી પર વ્યક્ત કર્યો સંતોષ : સમયસર ન્યાય મળતો હોવાની આપી પ્રતિક્રિયા

**થરાદ/બનાસકાંઠા**

સરહદી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બને તેમજ સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશનમાં કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી વહીવટી સપાટો બોલાવવામાં આવ્યો છે. સરહદી રેન્જના આઈજીપી (IGP) પરીક્ષિતા રાઠોડે તાજેતરમાં થરાદ પોલીસ સ્ટેશનની ઓચંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર કાગળ પરની સમીક્ષા પૂરતી સીમિત ન રહેતા, તેમણે ગ્રાઉન્ડ લેવલની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે નવો અભિગમ અપનાવ્યો હતો, જે પોલીસ તંત્રમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. મુલાકાત દરમિયાન IGP પરીક્ષિતા રાઠોડે પોલીસ સ્ટેશનના ચોપડા તપાસવાની સાથે ત્યાં હાજર ચાર અલગ-અલગ અરજદારો સાથે સીધી અને રૂબરૂ ચર્ચા કરી હતી. તેમણે અરજદારો પાસેથી તેમના કેસની વર્તમાન સ્થિતિ, પોલીસનો પ્રતિસાદ, તપાસની ઝડપ અને ન્યાય પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સામાન્ય રીતે પોલીસ સ્ટેશનના વાતાવરણથી ડરતા નાગરિકોને ઉચ્ચ અધિકારીએ પોતે સાંભળતા અરજદારોએ પણ ખુલ્લા મને વાત કરી હતી. તમામ અરજદારોએ થરાદ પોલીસની તટસ્થતા અને કામગીરી પ્રત્યે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કરી યોગ્ય ન્યાય મળ્યો હોવાનું જણાવ્યું હતું. અરજદારો તરફથી મળેલા આ સકારાત્મક અને ઉત્સાહવર્ધક પ્રતિસાદ બાદ, IGP પરીક્ષિતા રાઠોડે થરાદ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફની કામગીરીની પ્રશંસા કરી હતી.



### ભાવનગરમાં ખોફનો માહોલ

# "તેં જ જુગારની રેડ કરાવી છે" કહી ત્રણ શખ્સો છરીઓ લઈને યુવક પાછળ દોડ્યા!

- જુગારની બાતમી આપ્યાની શંકા રાખી અસામાજિક તત્વોએ ધોળા દિવસે મચાવ્યો આતંક; યુવકે માંડ-માંડ જીવ બચાવ્યો
- ચોક વિસ્તારમાં સરાજાહેર બનેલી ઘટનાથી લોકોમાં ફફડાટ; પોલીસે ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી



**ભાવનગર**

ભાવનગરમાં અસામાજિક તત્વો અને જુગારીયાઓ એટલા બેફામ બન્યા છે કે હવે તેમને કાયદા કે પોલીસનો કોઈ ડર રહ્યો નથી. શહેરમાં જુગારની રેડ કરાવી હોવાની માત્ર શંકા રાખીને ત્રણ માથાભારે શખ્સો હાથમાં ધારદાર છરીઓ લઈને એક નિર્દોષ યુવકને રહેંસી નાખવા માટે તેની પાછળ દોડ્યા હોવાની ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. સરાજાહેર બનેલી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારના રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, ભાવનગરના સ્થાનિક વિસ્તારમાં થોડા સમય પહેલાં પોલીસે જુગારના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. આ રેડ કોણે કરાવી તેની અદાવત રાખીને સ્થાનિક જુગારીયાઓ ફરતા હતા. દરમિયાન, ભોગ બનનાર યુવક જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક ત્રણ શખ્સોએ તેને ઘેરી લીધો હતો. આ શખ્સોએ યુવક પર આક્ષેપ કર્યો હતો કે, 'પોલીસને બાતમી તેં જ આપી છે અને રેડ કરાવી છે.'

યુવક કંઈ સમજે કે પોતાની સફાઈ આપે તે પહેલાં જ ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરીઓ કાઢી લીધી હતી. જીવલેણ હુમલો કરવાના ઈરાદે છરીઓ હવામાં લહેરાવીને આ શખ્સો યુવકને મારી નાખવા પાછળ દોડ્યા હતા.

હાથમાં ખુલ્લી છરીઓ જોઈને યુવક પોતાનો જીવ બચાવવા માટે રસ્તા પર ચીસાચીસ કરીને ભાગ્યો હતો. આસપાસના લોકો પણ આ ભયાનક દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. સદનસીબે, યુવકે સમયસૂચકતા વાપરીને દોડીને એક સુરક્ષિત જગ્યાએ આશરો લેતા તેનો જીવ બચ્યો હતો, પરંતુ અસામાજિક તત્વો તેને જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના આસપાસના સીસીટીવી (CCTV) કેમેરામાં પણ કેદ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઘટના અંગે ભોગ બનનાર યુવકે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ત્રણેય હુમલાખોરો સામે નામજોગ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રાયોટીંગ અને આર્મ્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સરાજાહેર બજારમાં છરીઓ લઈને દોડતા આવા તત્વો સામે ભાવનગર પોલીસ કેવો કડક સપાટો બોલાવે છે, તેના પર હવે જનતાની નજર મંડાયેલી છે.

### અંકલેશ્વર નગરપાલિકામાં નવા યુગનો પ્રારંભ


# જીજ્ઞેશ અંદાડિયાએ વિધિવત રીતે સત્તાનું સુકાન સંભાળ્યું..

## ભુદેવોના મંત્રોચ્ચાર, બ્રહ્માકુમારીઝ બહેનોના આશીર્વાદ અને દીકરી અહાનાના હસ્તે પૂજાવિધિ સાથે પ્રમુખે કાર્યભાર સંભાળ્યો

**અંકલેશ્વર**

અંકલેશ્વર નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ જીજ્ઞેશ અંદાડિયાએ ભારે હર્ષોલ્લાસ અને ભક્તિસભર વાતાવરણમાં સત્તાવાર રીતે કાર્યભાર સંભાળી લીધો છે. પાલિકા કાર્યાલય ખાતે યોજાયેલા આ ભવ્ય પદગ્રહણ કાર્યક્રમમાં ભુદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ પાવન પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના બહેનોએ ખાસ ઉપસ્થિત રહી નવનિયુક્ત પ્રમુખને તિલક કરીને સફળતાના આશીર્વાદ પાઠવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન એક અનોખો અને લાગણીસભર નજારો જોવા મળ્યો હતો, જ્યાં દીકરી અહાના દિપતેશભાઈ સોલંકીના હસ્તે વિધિવત રીતે પૂજાવિધિ અને આરતી કરવામાં આવી હતી. દીકરીના શુકનવંતા હસ્તે આરતી ઉતાર્યા બાદ, પ્રમુખ જીજ્ઞેશ અંદાડિયાએ પાલિકાની મુખ્ય ખુરશી પર બેસીને ચાર્જ સંભાળ્યો હતો.



પદભાર સંભાળતાની સાથે જ તેમણે અંકલેશ્વર શહેરના વિકાસ કાર્યોને વધુ ગતિ આપવાની અને પ્રજાલક્ષી પ્રશ્નોને પ્રાથમિકતા આપવાની મક્કમ નેમ વ્યક્ત કરી હતી. આ સાથે પાલિકાના નવનિયુક્ત ઉપપ્રમુખ વિરલબેન મકવાણા અને શાસક પક્ષના નેતા અશોક પટેલે પણ વિધિવત રીતે પોતાના પદ ગ્રહણ કર્યા હતા. આ ગરિમાપૂર્ણ અવસરે પાલિકાના વિવિધ સમિતિના સભ્યો, સ્થાનિક રાજકીય આગેવાનો, અગ્રણીઓ અને હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



### સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નવો વિડિઓ પોસ્ટ કર્યો

# એક્ટ્રેસ નેહલ વડોલિયાએ લાલો ફિલ્મના એક્ટર કરણ જોશીને ખુલ્લો પાડી દીધો


મુંબઈ

ટેલિવિઝન અને OTT અભિનેત્રી નેહા વાડોલિયાએ અભિનેતા કરણ જોશી પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેનો દાવો છે કે કરણે તેને ઈન્સ્ટાગ્રામ પર અશ્લીલ મેસેજ મોકલ્યા હતા. કરણે તેના આરોપોને નકારી કાઢ્યા હતા, અને કહ્યું હતું કે તેનું એકાઉન્ટ હેક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, તેણીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નવો વિડિઓ પોસ્ટ કર્યો, જેમાં કરણને પુરાવા બતાવવા કહ્યું કે શું તેનું એકાઉન્ટ ખરેખર હેક થયું હતું. નેહલે વિડિઓનું કેપ્શન આપ્યું, "ખરું સત્ય શું હતું, પુરાવા સાથે. હવે તમે નક્કી કરો કે કોણ સાચો હતો અને કોણ ખોટું. શું તે ખરેખર હેક થયું હતું, કે પછી તે ફક્ત પોતાને બચાવવા માટેનું નાટક હતું?" વીડિયોમાં, નેહાએ કરણ સાથેની તેની બધી ચેટ્સ બતાવી. તેણીએ કહ્યું કે તેના ઈન્સ્ટાગ્રામ ચેટ્સમાં કોઈ ગાયબ મેસેજ નહોતા. તેણે 27 જાન્યુઆરી, 2026 ના રોજ કરણના એક મિત્ર સાથેની ચેટ પણ બતાવી. નેહાએ કરણના હેક થયાના દાવાને નકારી કાઢ્યો અને તેની પાસેથી પુરાવા માંગ્યા. સ્ક્રીનશોટ બતાવતા, નેહાએ કહ્યું કે કરણે ફક્ત તેને જ નહીં પરંતુ અન્ય લોકોને પણ આવા ગંદા મેસેજ મોકલ્યા છે. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે નેહલે જાહેરમાં આરોપ લગાવ્યો કે 2026 ની શરૂઆતમાં કરણે તેને અશ્લીલ સંદેશાઓ મોકલ્યા હતા. નેહલે તેના સોશિયલ મીડિયા પર વીડિયો અને સ્ક્રીનશોટ શેર કર્યા, જેમાં જણાવ્યું કે કરણે શરૂઆતમાં તેના મિત્રને ચેટ્સ માટે દોષી ઠેરવ્યો અને પછી દાવો કર્યો કે તેનું ઈન્સ્ટાગ્રામ હેક થઈ ગયું છે. નેહલે એવો પણ આરોપ લગાવ્યો કે કરણે એક નિર્માતા, એક દિગ્દર્શક અને કેટલાક મિત્રોનો ઉપયોગ કરીને પોસ્ટ્સ ડિલીટ કરવા અને ચૂપ રહેવા માટે દબાણ કર્યું. જવાબમાં, કરણે બધા આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે પ્રમોશનલ તબક્કા દરમિયાન તેનું એકાઉન્ટ હેક કરવામાં આવ્યું હતું. અભિનેતાએ જણાવ્યું કે આ મામલો પહેલાથી જ એક ગ્રુપ કોલમાં ખાનગી રીતે ઉકેલાઈ ગયો હતો, અને આ વિવાદથી તેને અને તેના પરિવારને માનસિક તકલીફ થઈ છે. અહેવાલો અનુસાર, બંનેમાંથી કોઈએ પણ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવી નથી. નેહલ વાડોલિયા એક અભિનેત્રી અને મોડેલ છે જે હિન્દી અને ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં કામ કરે છે. તેણીને ગંદી બાત 3, જુલી અને રસીલી પડોસન જેવા શોથી ઓળખ મળી.

**તેણીએ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનાં બબીતાની મિત્ર નેહાની ભૂમિકા ભજવી હતી**

# કૂલ લાગતી સારા તેંડુલકર આગ બબૂલા થઈ

## એક વ્યક્તિએ સારાનો પાછળથી લીધેલો એક વીડિયો શેર કર્યો હતો અને કેપ્શનમાં સારા તેંડુલકરની બોડીને લઈને અભદ્ર ટિપ્પણી પણ કરી હતી



મુંબઈ

ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરની લાડકવાયી સારા તેંડુલકર એક પોપ્યુલર પબ્લિક ફિગર છે અને તે સોશિયલ મીડિયા પર પણ ખાસી એવી એક્ટિવ રહે છે. હાલમાં સોશિયલ મીડિયા પર સારા સાથે એક એવી ઘટના બની કે હંમેશા કૂલ લાગતી સારા તેંડુલકર આગ બબૂલા થઈ ગઈ હતી. એટલું જ નહીં સારાએ સોશિયલ મીડિયા પર જાહેરમાં જ આવી હરકત કરનારની ઝાટકણી પણ કાઢી હતી. સોશિયલ મીડિયા પર સેલિબ્રિટીઝના ફોટો-વીડિયો પોસ્ટ કરીને લાઈક્સ મેળવવાની ઘેલછામાં કેટલીક વખત લોકો તમામ લિમીટ્સ ક્રોસ કરતાં હોય છે. તાજેતરમાં જ એક વ્યક્તિએ સારા તેંડુલકરનો પાછળથી લીધેલો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો અને કેપ્શનમાં સારા તેંડુલકરની બોડીને લઈને અભદ્ર ટિપ્પણી પણ કરી હતી. યુઝરે સોશિયલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ કરતી વખતે કેપ્શનમાં અત્યંત અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા લખ્યું હતું કે, 'મોટીવાળી સારા છે, બાજુવાળી ભાભી છે.' સારા તેંડુલકરની નજર જેવી જ આ શરમજનક પોસ્ટ પર પડી, તેનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. સારાએ આ બાબતને નજરઅંદાજ કરવાને બદલે તેનો સ્ક્રીનશોટ પોતાની ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરીને ઓપન ફોરમમાં એ વ્યક્તિની ક્લાસ લીધી હતી. સારાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં તે સ્ક્રીનશોટ સાથે આકરા પ્રહાર કરતા લખ્યું હતું કે તમે એકદમ ઘૃણાસ્પદ છો, આ કોઈ પત્રકારત્વ નથી, અમને અમારા હાલ પર એકલા છોડી દો. સારાનું આ રૌદ્ર સ્વરૂપ અને ટિપ્પણી જોતાં જ યુઝરે ગભરાઈ ગઈ હતી અને તાત્કાલિક પોતાની પોસ્ટ સોશિયલ મીડિયા પરથી ડિલીટ કરી નાખી હતી. પરંતુ, સારા અહીં જ અટકી નહીં. તેણે એક બીજી સ્ટોરી શેર કરીને ટ્રોલરની પોલ ખોલતા આગળ લખ્યું હતું કે તમે ભલે તમારી પોસ્ટ ડીલીટ કરી નાખો, પરંતુ તેનાથી તમારી ઘૃણાસ્પદ માનસિકતા બિલકુલ ઓછી નહીં થઈ જાય. સારા તેંડુલકરે જે રીતે પબ્લિક પ્લેટફોર્મ પર આવીને બોડી શેમિંગ અને પ્રાઈવસીમાં દખલગીરી કરનારા પેપરાઝી કલ્ચર સામે અવાજ ઉઠાવ્યો છે.

# સોનાક્ષી-ઝહીર પર 'મેલોડી ટોફી' ટ્રેન્ડનો રંગ ચડ્યો!

## સોનાક્ષી સિન્હા અને તેનો પતિ ઝહીર ઇકબાલ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા 'મેલોડી' ટ્રેન્ડમાં સામેલ થઇ ગયા છે. બંનેએ ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર જેમાં ઝહીર મેલોડી ટોફીની પ્રખ્યાત ટેગલાઇન બોલતો જોવા મળી રહ્યો છે

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા અને તેનો પતિ ઝહીર ઈકબાલ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા 'મેલોડી' ટ્રેન્ડમાં સામેલ થઈ ગયા છે. બંનેએ બુધવારે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક મજેદાર વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં ઝહીર મેલોડી ટોફીની પ્રખ્યાત ટેગલાઈન બોલતો જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં, આ આખો ટ્રેન્ડ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીને મેલોડી ટોફી આપ્યા પછી શરૂ થયો છે. સોનાક્ષી જાણતી નથી કે પતિ તેને કેટલો પ્રેમ કરે છે જોઈન્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં શેર કરાયેલા આ વીડિયોમાં સોનાક્ષી તેના પતિ ઝહીરને પૂછે છે, 'તું શું પૂછવા માંગે છે?' તેના પર ઝહીર જવાબ આપે છે, 'તું સારી રીતે જાણે છે કે હું તને કેટલો પ્રેમ કરું છું.' જ્યારે સોનાક્ષી ચીડવતા કહે છે, 'ના'. ત્યારે ઝહીર તરત જ તેના ખિસ્સામાંથી મેલોડી ટોફી કાઢે છે અને કહે છે, 'મેલોડી ખાઓ, જાતે જ જાણી જાઓ પીએમ મોદી અને મેલોનીના વીડિયોથી શરૂ થયો ટ્રેન્ડ આ મેલોડી ટ્રેન્ડનું બેકગ્રાઉન્ડ ખૂબ જ રસપ્રદ છે. તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીનો એક વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં બંને નેતાઓ વચ્ચે હળવાશભર્યા અંદાજમાં વાતચીત થઈ રહી હતી. જી-7 સમિટ અથવા દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન પીએમ મોદીએ પીએમ મેલોનીને મેલોડી ચોકલેટ આપી હતી. ત્યારબાદથી જ આ મામલો ચર્ચામાં આવ્યો. 'મેલોડી ખાઓ, ખુદ જાન જાઓ' ની વાર્તા વીડિયોમાં ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની કહે છે કે, 'વડાપ્રધાન મોદી અમારા માટે એક ગિફ્ટ લઈને આવ્યા છે, આ ખૂબ સારી ટોફી છે.' આના પર પીએમ મોદી હસતા હસતા કહે છે કે, 'મેલોડી.' આ પછી બંને નેતાઓ હસવા લાગે છે. બંને દેશોના મોટા નેતાઓ વચ્ચે થયેલી આ વાતચીત પછી સોશિયલ મીડિયા પર મેલોડીને લઈને અલગ-અલગ રીલ્સ અને વીડિયો બનાવવાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો, જેમાં હવે બોલિવૂડના આ સેલિબ્રિટીઝ પણ સામેલ થઈ રહ્યા છે. નોંધનીય છે કે, સોનાક્ષી અને ઝહીરે વર્ષ 2024માં 'સ્પેશિયલ મેરેજ એક્ટ' હેઠળ લગ્ન કર્યાં હતાં. આ કાયદો અલગ-અલગ ધર્મના લોકોને ધર્મ બદલ્યા વિના લગ્ન કરવાની મંજૂરી આપે છે. આ એક આંતરધાર્મિક લગ્ન હોવાથી, સોશિયલ મીડિયા પર તેને લઈને ઘણી ચર્ચા અને દલીલો થઈ હતી.





# કરણે તેજસ્વીને આપ્યો દગો? એક્ટ્રેસે કર્યો મોટો ખુલાસો

## શોના એક એપિસોડમાં કરણ કુન્દ્રા અને વીજે અનુષા દાંડેકરના ભૂતકાળના સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો

મુંબઈ

ટીવી ઈન્ડસ્ટ્રીનું સૌથી પોપ્યુલર અને ચર્ચિત કપલ કરણ કુન્દ્રા અને તેજસ્વી પ્રકાશ ફરી એકવાર લાઈમલાઈટમાં આવી ગયા છે. નેટફ્લિક્સના નવા રિયાલિટી શો 'દેશી બ્લિંગ' માં કરણ કુન્દ્રાએ તેજસ્વી પ્રકાશને ખૂબ જ રોમેન્ટિક અંદાજમાં લગ્ન માટે પ્રપોઝ કર્યું છે. કરણ ઘૂંટણિયે બેસીને પંજાબી અંદાજમાં પ્રપોઝ કરતો જોઈને તેજસ્વી એકદમ ઈમોશનલ થઈ ગઈ હતી અને બંને ગળે મળીને રડવા લાગ્યા હતા. આ ડ્રીમી પ્રપોઝલ અને સગાઈના વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યા છે. આ શો દરમિયાન કપલે પોતાના લગ્નના પ્લાનિંગ વિશે ખુલીને વાત કરી હતી. આ સાથે જ શોના એક એપિસોડમાં તેજસ્વીને કરણના પાસ્ટ રિલેશનશિપ અને તેના પર લાગેલા ચીટિંગના ગંભીર આરોપોને લઈને પણ સવાલો કરવામાં આવ્યા હતા, જેનો એક્ટ્રેસે ખૂબ જ પરિપક્વતાથી જવાબ આપ્યો હતો.

શોના એક એપિસોડમાં કરણ કુન્દ્રા અને વીજે અનુષા દાંડેકર ના ભૂતકાળના સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કરણ અને અનુષાએ એકબીજાને આશરે 3 વર્ષ સુધી ડેટ કર્યા હતા, જે બાદ અનુષાએ સોશિયલ મીડિયા અને પોડકાસ્ટમાં ઈશારા-ઈશારામાં કરણ પર ચીટિંગ (ધોકો આપવાનો) આરોપ લગાવ્યો હતો. આ બાબતે શોમાં કરણનો બચાવ કરતાં તેજસ્વી પ્રકાશે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "દરેક વ્યક્તિનો એક ભૂતકાળ (Past) હોય છે. બસ એટલું જ છે કે કોઈકનો પાસ્ટ પબ્લિક સામે આવી જાય છે. કરણે ભૂતકાળમાં ચીટિંગ કર્યું હતું કે નહીં, તે આપણને નથી ખબર, કારણ કે કરણે આ વિશે મારી સાથે પર્સનલી વાત કરી છે અને તેની બાજુ મને જણાવી છે. કરણને એ વાતથી કોઈ ફરક નથી પડતો કે દુનિયા શું બોલે છે, પણ હા, એક પાર્ટનર તરીકે મને સાચું શું છે તે ખબર હોવી જરૂરી છે." કરણ કુન્દ્રા અને તેજસ્વી પ્રકાશના સંબંધોને હવે 4 વર્ષ પૂરા થઈ ગયા છે. આ કપલની લવ સ્ટોરી રિયાલિટી શો 'બિગ બોસ 15' દરમિયાન શરૂ થઈ હતી અને ત્યારથી લઈને આજ સુધી બંને સતત સાથે છે.

# TVની સંસ્કારી અભિનેત્રી નિમ્રિત કૌર આહલુવાલિયાને રિયલમાં બિકિનીમાં જોઈ ચાહકોને નવાઈ લાગી

મુંબઈ

નિમ્રિત કૌર આહલુવાલિયા ટેલિવિઝનની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તે ટીવી પર સંસ્કારી અને સારી રીતભાતવાળા પાત્રો ભજવવા માટે જાણીતી છે. આ દિવસોમાં અભિનેત્રી ફ્લોરિડામાં વેકેશન પર છે, જ્યાં ચાહકોને બીચ પર તેનો બોલ્ડ અવતાર જોવા મળ્યો. નિમરત કૌર બીચ પર બ્રાઉન બિકીની સેટમાં પોતાની બોલ્ડનેસથી ગરમી વધારતી જોવા મળી હતી.

અભિનેત્રી બિકીનીમાં આત્મવિશ્વાસપૂર્ણ અને સ્ટાઈલિશ દેખાતી હતી. તેણે બિકીની બ્રાને મેચિંગ બોટમ્સ સાથે જોડી હતી, જેનાથી તેણી ગ્લેમરસ દેખાતી હતી. આ તસવીરમાં તેણે શેલ ચોકર નેકપીસ પણ પહેર્યો હતો, જે બીચના મૂડ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતો હતો. લુકને પૂર્ણ કરવા માટે, નિમૃતે સ્ટાઈલિશ બ્રાઉન ટોપી પણ પહેરી હતી, જેનાથી તેનો બીચ ટ્રેન્ડી અને કુદરતી દેખાતો હતો.

ટીવીની સંસ્કારી વહુને બિકીનીમાં જોઈને ચાહકો દંગ રહી ગયા. એકે લખ્યું, "મને આની અપેક્ષા નહોતી," જ્યારે બીજાએ કહ્યું, "મૅડમ, તમે ગરમી વધારી દીધી છે."

બિકીની પહેરીને, નિમ્રીતે તેના ટોન ફિગરનો પણ ફ્લોન્ટ કર્યો, જેનાથી ચાહકો સ્તબ્ધ થઈ ગયા. એકે કોમેન્ટ કરી, "તમે કેટલું વજન ઘટાડ્યું છે?" અત્રે ઉલ્લેખનીય છે કે અભિનેત્રી નિમ્રિત કૌર આહલુવાલિયા હાલ વેકેશન મૂડમાં છે અને તે પોતાના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર અપલોડ કરતી રહી છે. ચાહકો પણ તેમના ફોટોની નીચે લાઈક અને કોમેન્ટ કરતા હોય છે. બિકીની પહેરીને, નિમ્રીતે તેના ટોન ફિગરનો પણ ફ્લોન્ટ કર્યો, જેનાથી ચાહકો સ્તબ્ધ થઈ ગયા. એકે કોમેન્ટ કરી, "તમે કેટલું વજન ઘટાડ્યું છે."



## ગુજરાતે IPL-2026ની ટ્રોફી જીતવા માટે સૌથી મજબૂત દાવેદાર છે તેની સાબિતી આપી

# IPLની સૌથી સ્માર્ટ ટીમ ગુજરાત ટાઈટન્સની પાંચ સિઝનમાં ચોથી વખત પ્લેઓફમાં એન્ટ્રી

નવી દિલ્હી

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુરૂવારે રાત્રે જે જોવા મળ્યું, તેણે બાકીની તમામ ટીમોના કેમ્પમાં ફફડાટ મચાવી દીધો છે. ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 89 રને સજ્જડ હાર આપીને માત્ર પ્લેઓફની રેસમાંથી બહાર નથી કરી, પણ પોતે આઈપીએલ 2026ની ટ્રોફી જીતવા માટે સૌથી મજબૂત દાવેદાર છે તેની સાબિતી આપી દીધી છે. આવો જાણીએ એ 4 મુખ્ય કારણો, જે આ સીઝનમાં ગુજરાત ટાઈટન્સને ચેમ્પિયન બનાવવા તરફ ઈશારો કરે છે. 1. શુભમન ગિલ અને સાઈ સુદર્શનની 'ક્લાસિક' ઓપનિંગ જોડી આજના ટી20 ક્રિકેટમાં જ્યાં ઓપનર્સ માત્ર અડેધડ બેટ ફેરવીને રન બનાવવાનો પ્રયાસ કરે છે, ત્યાં શુભમન ગિલ અને સાઈ ક્રિકેટના ક્લાસિક શોટ્સ રમીને રનનો પહાડ ઉભો કરી રહ્યા છે. સાઈ



સુદર્શને આ મેચમાં સતત પાંચમી હાફ સેન્ચુરી ફટકારી છે, જે તેની ગજબની કન્સિસ્ટન્સી દર્શાવે છે. બંને વચ્ચે 12 ઓવરમાં થયેલી 125 રનની ઓપનિંગ પાર્ટનરશિપે જ CSKની હાર નક્કી કરી દીધી હતી. 2. જોસ બટલરનો લોઅર-મિડલ ઓર્ડરમાં આતંક ગુજરાત ટાઈટન્સની સૌથી મોટી તાકાત એ છે કે જો ઓપનર્સ વિરોધી ટીમના બોલરોને થકવી દે, તો પાછળથી જોસ બટલર પણ જોરદાર બેટિંગ કરે છે. CSK સામે બટલરે માત્ર 27 બોલમાં અણનમ 57 રન ફટકારીને સ્કોર 229 સુધી પહોંચાડ્યો હતો. વાઈડ યોર્કર બોલને પણ કવર ઉપરથી સિક્સર મારવાની બટલરની ક્ષમતા તેને ડેથ ઓવર્સમાં સૌથી ખતરનાક બેટર બનાવે છે. 3. 'બેકબોન' જેવી ટેસ્ટ ક્લાસ બોલિંગ લાઈન-અપ ક્રિકેટમાં એક કહેવત છે: બેટર્સ સ્પોન્સરશિપ જીતાડે છે, પણ બોલર્સ ચેમ્પિયનશિપ જીતાડે છે. ગુજરાત ટાઈટન્સ આ ફોર્મ્યુલા પર જ કામ કરે છે. તેમની પાસે ટી20 ના કહેવાતા ગલી-ક્રિકેટ એક્સપર્ટ્સ નથી, પણ મોહમ્મદ સિરાજ, કાગીસો રબાડા, જેસન હોલ્ડર અને રાશિદ ખાન જેવા વર્લ્ડ ક્લાસ બોલર્સ છે, જેઓ ટી20 માં પણ ટેસ્ટ મેચ જેવી લાઈન-લેન્થથી બોલિંગ કરે છે. 4. સિરાજ અને રબાડાનો પાવરપ્લેમાં કાળ 230 રનના વિશાળ ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ચેન્નાઈની ટીમને મોહમ્મદ સિરાજે શરૂઆતમાં જ બે મોટા ઝટકા આપ્યા હતા. સિરાજે ઘાતક આઉટ-સ્વિંગર પર સંજુ સેમસનને પહેલા જ બોલે આઉટ કર્યો.

### ગુજરાતની ધમાકેદાર જીત, ચેન્નાઈ પ્લેઑફમાંથી બહાર

મુંબઈ

આઈપીએલ-2026માં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સામે 89 રન દમદાર જીત મેળવી છે. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને 20 ઓવરમાં ચાર વિકેટે 229 રન નોંધાવ્યા હતા, જેની સામે ચેન્નાઈની ટીમ માત્ર 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. ગુજરાત તરફથી સાંઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોશ બટલરે ફિફ્ટી ફટકારી જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તો મોહમ્મદ સિરાજ, કાગીશો રબાડા અને રાશિદ ખાને દમદાર બોલિંગ કરીને ચેન્નાઈને સસ્તમાં ઓલઆઉટ કરી દીધું છે. ગુજરાતની ટીમના ત્રણ ખેલાડીની ફિફ્ટી ગુજરાત ટાઈટન્સની ઈનિંગ્સમાં ઓપનિંગ બેટર સાઈ સુદર્શન 46 બોલમાં 7 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 68 રન, કેપ્ટન શુભમન ગિલે તોફાની બેટિંગ કરતા 37 બોલમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકારી 64 રન, જોસ બટલરે માત્ર 13 બોલમાં 1 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી અણનમ 28 રન નોંધાવ્યા હતા. ચેન્નઈ તરફથી શિવમ દુબેએ સૌથી વધુ આક્રમક બેટિંગ કરતા 17 બોલમાં 4 ફોર અને 4 સિક્સની મદદથી 47 રન ફટકાર્યા હતા. જ્યારે ઓપનિંગમાં આવેલા મેથ્યુ શોર્ટે 14 બોલમાં 3 ફોર અને 1 સિક્સ સાથે 24 રન, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે માત્ર 7 બોલમાં 1 ફોર અને 2 સિક્સ સાથે 16 રન, કાર્તિક શર્માએ 15 બોલમાં 3 ફોર સાથે 19 રન, અંશુલ કંબોજે 8 બોલમાં 1 ફોર અને 2 સિક્સની મદદથી 19 રન, ડેવાલ્ડ બ્રેવિસે 10 બોલમાં 8 રન, નૂર અહેમદ 5 બોલમાં 1 રન અને મુકેશ ચૌધરી 2 બોલમાં 2 રન બનાવ્યા હતા. જ્યારે સંજુ સેમસન, ઉર્વિલ પટેલ અને સ્પેન્સર જોહ્નસન શૂન્ય રને આઉટ થયો હતો. આઈપીએલ-2026ના લેટેસ્ટ પોઈન્ટ્સ ટેબલ અનુસાર, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 13 મેચોમાંથી 9 મેચ જીતી 18 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને, ગુજરાત ટાઈટન્સ 14 લીગ મેચોમાંથી 9 જીતી 18 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને, સનરાઈઝર્સ હૈદરાબાદ 13 મેચમાંથી 16 પોઈન્ટ સાથે ત્રીજા અને રાજસ્થાન રોયલ્સ 13 મેચમાંથી 14 પોઈન્ટ સાથે ચોથા સ્થાને પ્લેઓફની રેસમાં બનેલા છે

**100 મીટરથી વધુ લાંબા છગ્ગા પર 8 રન**

## IPLમાં આવી શકે છે આ મોટા નિયમો: મોટી જીત પર મળશે વધારાના પોઈન્ટ

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) તેની રોમાંચક અને ઉચ્ચ સ્કોરિંગ મેચો માટે જાણીતી છે. જોકે, છેલ્લા કેટલાક સીઝનમાં, બેટ્સમેનોએ IPL પર પ્રભુત્વ મેળવ્યું છે, અને 200 થી વધુના સ્કોર સામાન્ય બની ગયા છે. ફ્લેટ પિચ, ટૂંકા બાઉન્ડ્રી અને ઉચ્ચ સ્કોરિંગ મેચો વચ્ચે, બોલરોની ભૂમિકા મર્યાદિત લાગે છે. આ મુદ્દા અંગે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને વર્તમાન ક્રિકેટ નિષ્ણાત આકાશ ચોપરાએ BCCI માટે ત્રણ નવા નિયમો લાગુ કરવાનું સૂચન કર્યું છે. ચોપરાનું માનવું છે કે, આ નિયમો IPLમાં બેટ અને બોલ વચ્ચે સંતુલન પુનઃસ્થાપિત કરી શકે છે અને ટુર્નામેન્ટનો ઉત્સાહ નોંધપાત્ર રીતે વધારી શકે છે. ચાલો તે ત્રણ મુખ્ય સૂચનોનું અન્વેષણ કરીએ.



આકાશ ચોપરાનું પહેલું સૂચન બોલરોને વધુ તકો આપવાનું છે. હાલમાં, T20 ક્રિકેટમાં, એક બોલર વધુમાં વધુ ચાર ઓવર ફેંકી શકે છે. જોકે, ચોપરા માને છે કે જો કોઈ બોલર ચાર ઓવરના સ્પેલમાં ત્રણ વિકેટ લે છે, તો તેને વધારાની પાંચમી ઓવર ફેંકવાની તક આપવી જોઈએ. તેમનું કહેવું છે કે આનાથી સારું પ્રદર્શન કરનારા બોલરોને પુરસ્કાર મળશે અને બેટ્સમેન પર દબાણ પણ ઓછું થશે. આકાશ ચોપરાનું બીજું સૂચન પોઈન્ટ સિસ્ટમ સંબંધિત છે. તેમનું માનવું છે કે જો કોઈ ટીમ શાનદાર રીતે મેચ જીતે છે, તો તેને વધારાના પોઈન્ટ મળવા જોઈએ. ઉદાહરણ તરીકે, જો કોઈ ટીમ 15-16 ઓવરમાં લક્ષ્ય પ્રાપ્ત કરે છે અથવા 40 થી વધુ રનના મોટા માર્જિનથી જીતે છે, તો તેને બેને બદલે ત્રણ પોઈન્ટ મળવા જોઈએ.

## IPLમાં કેપ્ટન તરીકે શુભમન ગિલે રચ્યો ઈતિહાસ

### સચિન તેંડુલકર અને વિરાટ કોહલીના ખાસ ક્લબમાં સામેલ

મુંબઈ

આઈપીએલ-2026માં ગુજરાત ટાઈટન્સે ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું છે. 2022માં પહેલી જ સિઝનમાં ચેમ્પિયન બનેલી અને 2023માં ફાઈનલમાં પહોંચેલી ગુજરાતની ટીમે આ વર્ષે પણ પ્લેઓફમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે જ ટીમે તેની શરૂઆતની પાંચ સિઝનમાંથી ચોથી વખત પ્લેઓફમાં પહોંચવાનો રેકોર્ડ બનાવ્યો છે. ટીમની આ સફળતા પાછળ તેનું લાંબા ગાળાનું આયોજન અને મેદાન પર ખેલાડીઓનું સારું પ્રદર્શન મુખ્ય કારણ છે.

ગિલના પ્રદર્શનથી ફ્રેન્ચાઈઝી ખુશ

આ સફરમાં કેપ્ટન શુભમન ગિલની ભૂમિકા સૌથી મહત્વની રહી છે. 2022માં ટીમ સાથે જોડાયેલા ગિલે 2023ની સિઝનમાં 890 રન બનાવ્યા હતા. ફ્રેન્ચાઈઝીએ તેના પર કેપ્ટન તરીકે



ભરોસો મૂક્યો અને તેના નેતૃત્વમાં ટીમે આ સિઝનમાં પણ જોરદાર પ્રદર્શન કર્યું છે. ગુજરાતની ટીમ પોતાની છેલ્લી મેચ પહેલા 16 પોઈન્ટ સાથે પોઈન્ટ્સ ટેબલમાં બીજા સ્થાને મજબૂત સ્થિતિમાં છે. શુભમન ગિલે આ સિઝનમાં બેટિંગમાં પણ કમાલ કરતા 12 મેચમાં 552 રન બનાવ્યા છે, જેમાં પાંચ અડધી સદી સામેલ છે. આ સાથે જ તે સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને ડેવિડ વોર્નર જેવા દિગ્ગજોની યાદીમાં સામેલ થઈ ગયો છે, જેમણે કેપ્ટન તરીકે આઈપીએલમાં એકથી વધુ વખત 500થી વધુ રન બનાવ્યા હોય. કેપ્ટન તરીકે ગિલનો જીતનો રેકોર્ડ 56.41 ટકા છે, જે આઈપીએલ ઈતિહાસમાં 30થી વધુ મેચોમાં કેપ્ટન્સી કરનાર ખેલાડીઓમાં ચોથો સૌથી શ્રેષ્ઠ છે. આ યાદીમાં તેની આગળ માત્ર એમએસ ધોની, સચિન તેંડુલકર અને સ્ટીવ સ્મિથ છે. ગિલે મેન્સ ટી-20 ક્રિકેટમાં 6 હજાર રન પૂરા કર્યા. તેણે 185 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી. ગિલ સૌથી ઝડપી 6 હજાર રન પૂરા કરનારા ખેલાડીઓની યાદીમાં 7મા નંબર પર છે. ક્રિસ ગેલ 162 ઈનિંગ્સ સાથે પહેલા નંબર પર છે. IPLમાં ઓપનિંગ જોડી તરીકે સૌથી વધુ રન બનાવવાની બાબતમાં ગિલ અને સુદર્શન બીજા નંબર પર પહોંચી ગયા છે. બંનેએ 1942 રન જોડ્યા છે. તેમણે વિરાટ કોહલી અને ફાફ ડુ પ્લેસિસની જોડીને પાછળ ધકેલી. ડેવિડ વોર્નર અને શિખર ધવન 2220 રન સાથે ટોચ પર છે. ગિલ અને સુદર્શને IPLની સતત બીજી સિઝનમાં 600થી વધુ રન બનાવ્યા. બંનેએ ચેન્નઈ સામે ફિફ્ટી ફટકારી. ગુજરાતના ઓપનર્સે 2025 માં પણ 600થી વધુ રન બનાવ્યા હતા. સતત સૌથી વધુ સિઝનમાં આ આંકડો પાર કરનારાઓમાં ક્રિસ ગેલ, ડેવિડ વોર્નર, કેએલ રાહુલ અને વિરાટ કોહલીનો સમાવેશ થાય છે.



### પેટ્રોલ-ડીઝલની અછતની અટકળો વચ્ચે ઈન્ડિયન ઓઈલનો આદેશ

# સપ્લાય રોકશો નહીં, ગ્રાહકોને પૂરતું ઈંધણ આપો

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક વૈશ્વિક તણાવની સીધી અસર દુનિયાભરના એનર્જી સપ્લાય પર પડી રહી છે. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, જેની અસર ભારતમાં પણ જોવા મળી રહી છે. ગ્રાહકોને ઓછું તેલ આપશો તો કાર્યવાહી કરાશે: ઈન્ડિયન ઓઈલ એવામાં દેશની સૌથી મોટી સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને મેદાનમાં આવીને તમામ પેટ્રોલ પંપો માટે કડક આદેશ જાહેર કર્યો છે.

ઈન્ડિયન ઓઈલે પોતાના તમામ પેટ્રોલ પંપ ડીલર્સને આંતરિક આદેશ મોકલીને સ્પષ્ટ ચેતવણી આપી છે. કંપનીએ જણાવ્યું છે કે જ્યાં સુધી રાજ્ય




સરકાર અથવા સ્થાનિક પ્રશાસન તરફથી કોઈ વિશેષ લેખિત આદેશ ન મળે, ત્યાં સુધી કોઈ પણ પેટ્રોલ પંપ પર ઈંધણની વેચાણ મર્યાદા નક્કી કરી શકાશે નહીં. જો કોઈ ડીલર સપ્લાય રોકશે અથવા ગ્રાહકોને ઓછું તેલ આપશે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. IOCLનો દાવો હે કે દેશ તેલનો કોઈ સ્ટોક ખૂટ્યો નથી. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પેટ્રોલ પંપોની માંગમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે જે મોટા અને જથ્થાબંધ ગ્રાહકો સીધા કંપનીઓ પાસેથી તેલ ખરીદતા હતા, તેઓ હવે સીધા સામાન્ય રિટેલ પેટ્રોલ પંપ પર આવીને લાઈનો લગાવી રહ્યા છે, જેના કારણે સામાન્ય જનતામાં અફવાઓ ફેલાઈ રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક વૈશ્વિક તણાવની સીધી અસર દુનિયાભરના એનર્જી સપ્લાય પર પડી રહી છે. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, જેની અસર ભારતમાં પણ જોવા મળી રહી છે. જો કોઈ ડીલર સપ્લાય રોકશે અથવા ગ્રાહકોને ઓછું તેલ આપશે, તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પેટ્રોલ પંપોની માંગમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે.

**બજેટ કારથી લઈને લક્ઝરી મોડલ્સના ભાવ વધશે**

## મારુતિ સુઝુકીની ગાડીઓ મોંઘી થઈ : કંપનીએ રૂપિયા 30 હજાર સુધી તોતિંગ ભાવ વધારો કર્યો

મુંબઈ

જો તમે આવતા મહિને મારુતિ સુઝુકીની નવી કાર ઘરે લાવવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે એક મોટા અને થોડા ખર્ચાળ સમાચાર છે. દેશની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા એ જાહેરાત કરી છે કે તે જૂન 2026થી તેના તમામ મોડલ્સની કિંમતોમાં વધારો કરવા જઈ રહી છે. કંપની તેની કારની કિંમતો 30,000 રૂપિયા સુધી વધારવાનું મન બનાવી ચૂકી છે. મારુતિ સુઝુકીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ નિર્ણયની સત્તાવાર જાણકારી આપી. કંપનીનું કહેવું છે કે સતત વધી રહેલા ખર્ચના દબાણને કારણે તેમને આ પગલું ભરવાની ફરજ પડી છે. સતત વધી રહેલો ખર્ચ કંપનીએ જણાવ્યું, 'છેલ્લા કેટલાક મહિનાઓથી કંપની ખર્ચ ઘટાડવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી હતી, જેથી ગ્રાહકો પર વધતી કિંમતોની અસર



ઓછી રહે. પરંતુ, વર્તમાન સમયમાં મોંઘવારીનું સ્તર ઘણું ઊંચું થઈ ગયું છે અને ખર્ચ સતત વધી રહ્યો છે. આવા સંજોગોમાં કંપની પાસે વધેલા ખર્ચનો એક ભાગ બજાર પર નાખવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.' કઈ ગાડીઓની કિંમતો વધી? મારુતિ સુઝુકી, જે ભારતની સૌથી મોટી કાર કંપનીઓમાંની એક છે, તે તેની સસ્તીથી લઈને લક્ઝરી ગાડીઓ સુધી માટે જાણીતી છે. કંપની એસ-પ્રેસો જેવી બજેટ કારથી લઈને ઈન્વિક્ટો જેવા પ્રીમિયમ મોડેલ સુધી વેચે છે. હાલમાં આ ગાડીઓની કિંમત લગભગ 3.49 લાખ રૂપિયાથી શરૂ થઈને 28.7 લાખ રૂપિયા સુધી જાય છે. પરંતુ હવે કંપની જૂન 2026થી તેની કારોના ભાવ વધારવા જઈ રહી છે. અલગ-અલગ મોડેલ અને વેરિઅન્ટ મુજબ કિંમતોમાં લગભગ 30,000 રૂપિયા સુધીનો વધારો જોવા મળી શકે છે. દેશમાં ડીઝલ એસયુવી અને સ્ટ્રોંગ હાઈબ્રિડ કાર ખરીદવી મોંઘી પડશે. પ્લેટિનમ પર અસરકારક આયાત ડ્યુટી 6.4%થી વધીને 15.4% થવું તેનું કારણ છે. તેની અસર એવી ગાડીઓ પર થશે, જેમાં પ્રદૂષણ નિયંત્રણ માટે કિંમતી મેટલનો ઉપયોગ થાય છે.

# સોનાના વાયદામાં રૂ.626 અને ચાંદીના વાયદામાં રૂ.3082ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.51 તેજ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.22620.28 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.190706.93 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13389.72 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.213327.22 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.22620.28 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.190706.93 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2039.89 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13389.72 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.159498ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159498 અને નીચામાં રૂ.158816ના મથાળે અથડાઈ, રૂ.159606ના આગલા બંધ સામે રૂ.626 ઘટી રૂ.158980 થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.323 ઘટી રૂ.127457ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.54 ઘટી રૂ.15945ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.505 ઘટી રૂ.158500ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.158650ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159051 અને નીચામાં





રૂ.158281ના સ્તરને સ્પર્શી, રૂ.159066ના આગલા બંધ સામે રૂ.513 ઘટી રૂ.158553 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.273800ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.275225 અને નીચામાં રૂ.271566ના મથાળે અથડાઈ, રૂ.274883ના આગલા બંધ સામે રૂ.3082 ઘટી રૂ.271801ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.2392 ઘટી રૂ.276196ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.2462 ઘટી રૂ.276132ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 4780.78 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.95 ઘટી રૂ.1340.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.2.45 વધી રૂ.369.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો 65 પૈસા વધી રૂ.387.4ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો કોઈ ફેરફાર વગર રૂ.203.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 4377.95 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4772ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4807 અને નીચામાં રૂ.4712ના સ્તરને સ્પર્શી, રૂ.26 વધી રૂ.4798 થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.9415ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9555 અને નીચામાં રૂ.9330ના મથાળે અથડાઈ, રૂ.9342ના આગલા બંધ સામે રૂ.51 વધી રૂ.9393ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.54 વધી રૂ.9393 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.2.9 ઘટી રૂ.287.2 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.2.8 ઘટી રૂ.287.3ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.986ના ભાવે ખૂલી, રૂ.2.5 ઘટી રૂ.981ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2722ના ભાવે ખૂલી, રૂ.1 ઘટી રૂ.2722ના સ્તરે પહોંચ્યો હતો.

## રૂપિયાને બચાવવાનો પ્રયાસ દેશ માટે નુકસાનકારક: નાણા પંચ અધ્યક્ષ

- **'100 તો ફક્ત એક નંબર છે, રૂપિયાને પડવા દો...' RBIને નાણા પંચના અધ્યક્ષની ચોંકાવનારી સલાહ**

મુંબઈ

મિડલ ઈસ્ટના ઈંધણ સંકટ અને વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલી ભારે ઉથલપાથલ વચ્ચે ભારતીય ચલણ 'રૂપિયા' (Rupee) ના મૂલ્યમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ડૉલર સામે રૂપિયો 100 ની ઐતિહાસિક સપાટી તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ભારતીય રિઝર્વ બેંક (RBI) ને દેશના 16મા નાણા પંચના અધ્યક્ષ અને જાણીતા અર્થશાસ્ત્રી અર્વિંદ પનગઢિયાએ એક ચોંકાવનારી સલાહ આપી છે. મિડલ ઈસ્ટમાં હોર્મુઝની ખાડી બંધ થવાના કારણે ઉભા થયેલા તેલ સંકટ વચ્ચે ભારતીય રૂપિયો સતત નબળો પડી રહ્યો છે. આરબીઆઈ રૂપિયાને 100 ના મનોવૈજ્ઞાનિક સ્તરે પહોંચતો રોકવા માટે અબજો ડૉલર ખર્ચી રહી હોવાના અહેવાલો વચ્ચે દેશના નાણા પંચના અધ્યક્ષ અર્વિંદ પનગઢિયાએ સેન્ટ્રલ બેંકને આગ્રહ કર્યો છે કે તેઓ રૂપિયાને બચાવવાનો પ્રયાસ ન કરે. પનગઢિયાએ તર્ક આપ્યો છે કે, '100 એ માત્ર એક આંકડો છે, જેમ 99 અને 101 છે. વર્તમાન વૈશ્વિક તેલ સંકટના જવાબમાં કરન્સીનું નબળું પડવું એ જ અર્થતંત્ર માટે કુદરતી અને યોગ્ય ઉપાય છે.' તેમણે ઉમેર્યું કે, જો આ ઈંધણ કટોકટી ટૂંકા ગાળા (3 મહિનાથી 1 વર્ષ) માટે હશે, તો રૂપિયો અત્યારે ભલે ઘટે, પણ આગળ જતાં તેલ આયાત બિલ ઓછું થતાં જ રૂપિયો આપમેળે મજબૂત થઈ જશે. વળી, રૂપિયો સસ્તો થવાથી વિદેશી મૂડી ભારતમાં રોકાણ માટે આકર્ષાશે. પરંતુ, જો આ સંકટ લાંબુ ચાલશે, તો રૂપિયાને બચાવવાના તમામ સરકારી પ્રયાસો નિષ્ફળ જશે. આરબીઆઈ ગમે તેટલા ડૉલર માર્કેટમાં ઠાલવશે, વિદેશી હૂંડિયામણ ભંડાર (Forex Reserve) એક દિવસ ખાલી થઈ જશે.

## સરનામાં વગરના શેલ્ટર હોમ ! : સેવા કે પબ્લિકી સ્ટંટ?

# ગરમીમાં નિરાશ્રિતો માટે AMCએ શરુ કર્યા 35 શેલ્ટર હોમ

**AMCએ પશ્ચિમ ઝોનના માત્ર એક 'વાસણા આશ્રયગૃહ'નો ઉલ્લેખ કરીને ત્યાં 11 લોકોને રોજગારી આપ્યાની અને નાઈટ ડ્રાઈવ કરીને 53 લોકોને શિફ્ટ કર્યાની પીઠ થાબડવામાં આવી પરંતુ બાકીના 34 શેલ્ટર હોમ શહેરના કયા ખૂણે આવેલા છે, તેની કોઈ યાદી કે સંપર્ક નંબર જાહેર કરાયો નથી**





અમદાવાદ

દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારા 'નીટ' (NEET) પરીક્ષા વિવાદે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. એક તરફ દેશનું ભવિષ્ય ઘોર અંધકાર તરફ ધકેલાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સમાજને માર્ગદર્શન આપતા મોટા સંતો, લોકસાહિત્યકારો અને કલાકારોના મૌન સામે જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર અત્યારે એક ધારદાર કવિતા અને કટાક્ષ ભારે વાયરલ થઈ રહ્યો છે, જે પ્રજાની વેદના અને સેલિબ્રિટીઝની કથિત લાચારીને ઉજાગર કરે છે.

વાયરલ થયેલી પંક્તિઓમાં ગુજરાતના ટોચના કલાકારો અને સંતોના મૌન પર સીધા પ્રહારો કરવામાં આવ્યા છે:

'નીટ પરના ના તો કિર્તીદાન બોલશે,
ના જગુ દાદા ના મોરારી જુબાન ખોલશે,
રાજો શું જાણે રૈયત ની હાલત,
ના ખવડ રાજ ખોલશે ના બ્રિજદાન બોલશે...'

આ પંક્તિઓ દ્વારા જનતા પૂછી રહી છે કે, જ્યારે સામાન્ય પ્રજા અને ગરીબ વિદ્યાર્થીઓ (રૈયત) મુશ્કેલીમાં છે, ત્યારે ડાયરાઓમાં મોટી-મોટી વાતો કરનારા કલાકારો કે વ્યાસપીઠ પરથી જ્ઞાન વહેંચનારા સંતો કેમ મૌન સેવીને બેઠા છે? શાસકોને પ્રજાની વાસ્તવિક પરિસ્થિતિની કોઈ પરવા નથી, તેવો આક્રોશ પણ આ શબ્દોમાં છલકાય છે.

કવિતામાં આગળ સામાજિક વ્યવસ્થા પર આકરા પ્રહારો કરતા લખાયું છે કે, દેશનું ભવિષ્ય જ્યારે અંધકારમાં છે ત્યારે પવિત્ર ગણાતા સંતો અને સતીઓ ક્યાં ગાયબ છે? લોકો કટાક્ષ કરી રહ્યા છે કે જ્યારે પોતાના અંગત સ્વાર્થ કે કરોડોની 'માયા' (ધન-દોલત) ભેગી કરવાનો સમય આવશે, ત્યારે જ આ 'માયા' (માયાવી તત્વો) પોતાની દુકાનો અને સ્ટેજ પ્રોગ્રામો ખોલશે, પરંતુ પ્રજાના હક માટે કોઈ આગળ નહીં આવે.

સૌથી ગંભીર કટાક્ષ શિક્ષણ અને સંસ્કૃતિના નામે થઈ રહેલા દેખાડા પર કરવામાં આવ્યો છે:

આ વાયરલ કવિતા માત્ર શબ્દો નથી, પરંતુ સિસ્ટમ અને સમાજના કહેવાતા મોભીઓ સામે જનતાનો બળવો છે.

શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને તેના પર પથરાયેલું સ્મશાનવત મૌન આવનારી પેઢી માટે ખતરનાક સાબિત થઈ શકે છે. હવે સમય આવી ગયો છે કે દેશના યુવાનો જાગૃત થાય અને ભ્રષ્ટ તત્વો સામે અવાજ ઉઠાવે.

---

### ખોટા દસ્તાવેજો અને છેતરપિંડીનો કારસો

## અપ્સરા-આરાધના થિયેટરના સંચાલકોનો મોટો ખેલ : બિલ્ડર સાથે કરી નાખી કરોડોની છેતરપિંડી

અમદાવાદ

અમદાવાદના જાણીતા અને ઐતિહાસિક એવા અપ્સરા-આરાધના થિયેટરના સંચાલકો દ્વારા એક બિલ્ડર સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. થિયેટરની જમીન અને તેના ડેવલપમેન્ટના નામે બિલ્ડરને વિશ્વાસમાં લઈ, કરોડો રૂપિયાનું આંધણ કરાવીને છેલ્લી ઘડીએ સંચાલકોએ આખો ખેલ ફેરવી નાખતા મામલો હવે કાયદાકીય ગૂંચવણમાં ફસાયો છે અને પોલીસ મથકે પહોંચ્યો છે.




મળતી વિગતો અનુસાર, કનકાઈ કન્સ્ટ્રક્શનના બિલ્ડરે અપ્સરા અને આરાધના સિનેમાના સંચાલકો સાથે આ મિલકતની ખરીદી અને રિ-ડેવલપમેન્ટ માટે કરોડો રૂપિયાનો સોદો કર્યો હતો. બિલ્ડરે નિયમ મુજબ સંચાલકોને મોટી રકમનું ચૂકવણું પણ કરી દીધું હતું. જોકે, પૈસા પડાવી લીધા બાદ થિયેટરના સંચાલકોની દાનત બગડી હતી. તેમણે કરાર મુજબ બિલ્ડરને જમીનનો કબજો સોંપવા કે આગળની કાયદાકીય પ્રક્રિયા પૂરી કરવાના બદલે બિલ્ડરનું કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવી નાખ્યું હતું.

બિલ્ડરનો આક્ષેપ છે કે થિયેટરના સંચાલકોએ મિલકત અંગેના ખોટા વાયદાઓ કર્યા હતા અને જે જમીન પર સોદો થયો હતો, તેના દસ્તાવેજોમાં પણ ગેરરીતિ આચરી હતી. બિલ્ડરે જ્યારે પોતાના પૈસા અથવા જમીનનો હક માંગ્યો, ત્યારે સંચાલકોએ હાથ ઊંચા કરી દીધા હતા અને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

આ કરોડોના કૌભાંડ અંગે ભોગ બનનાર બિલ્ડરે આખરે થિયેટરના સંચાલકો વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ખોટા દસ્તાવેજો બનાવવા અંગેની કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે આ હાઈપ્રોફાઈલ કેસની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે અમદાવાદના બિલ્ડર લોબી અને રિયલ એસ્ટેટ માર્કેટમાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસ આગામી દિવસોમાં થિયેટરના સંચાલકોની આકરી પૂછપરછ કરીને તેમની ધરપકડ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

---

## અમદાવાદમાંથી ચોરાયેલી કરોડોની 'મર્સિડીઝ' કાર સાથે એક શખ્સ ઝડપાયો

અમદાવાદ

શહેરમાં વાહન ચોરીના ગુનાઓ ડામવા માટે એક્શન મોડમાં આવેલી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદના લક્ઝુરિયસ કાર ચોરીના હાઈપ્રોફાઈલ ગુનાનો પર્દાફાશ કરીને ક્રાઈમ બ્રાન્ચે કરોડોની કિંમતની ચોરાયેલી 'મર્સિડીઝ' કાર સાથે એક રીઢા આરોપીને દબોચી લીધો છે.

મળતી વિગતો મુજબ, અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાંથી થોડા દિવસો પહેલાં એક કિંમતી મર્સિડીઝ કારની ચોરી થઈ હતી. આ હાઈપ્રોફાઈલ ચોરીને પગલે સ્થાનિક પોલીસ સહિત ક્રાઈમ બ્રાન્ચની ટીમો એલર્ટ થઈ ગઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવીને ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસ (બાતમીદારો) સક્રિય કરવામાં આવ્યા હતા. સીસીટીવી ફૂટેજ અને ગુપ્ત બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ વોચ ગોઠવીને ચોરીની મર્સિડીઝ કાર સાથે એક ઈસમને આબાદ ઝડપી લીધો હતો. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં આ ફોર-વ્હીલર ચોરીનો ભેદ સંપૂર્ણપણે ઉકેલાઈ ગયો છે. પોલીસે આરોપી પાસેથી ચોરીની મર્સિડીઝ કાર રિકવર કરી છે અને તેની કડક પૂછપરછ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી આ મોંઘીદાટ કાર ક્યાં સગેવગે કરવાનો હતો અને તેની સાથે આ નેટવર્કમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે નહીં, તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

---

### સંયુક્ત ઓપરેશનની મોટી સફળતા

## તંત્રની મોટી કાર્યવાહી : દાણીલીમડામાં ગેરકાયદેસર કતલખાના પર બુલડોઝર ફર્યું

અમદાવાદ

શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને દબાણો સામે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને પોલીસ પ્રશાસને લાલ આંખ કરી છે. અમદાવાદના સંવેદનશીલ ગણાતા દાણીલીમડા વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા એક મોટા ગેરકાયદેસર કતલખાના પર તંત્ર દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને તેને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, દાણીલીમડાના રામરહીમના ટેકરા પાસે, નગીના મસ્જીદની બિલકુલ સામે અને ઢોરબજારના કોટને અડીને આવેલા વિસ્તારમાં આ ગેરકાયદેસર કતલખાનું ધમધમી રહ્યું હતું. આ અંગે સ્થાનિક સ્તરેથી મળેલી ફરિયાદો અને ગુપ્ત બાતમીના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને દાણીલીમડા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે ત્રાટક્યો હતો.



કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો. AMCની ટીમે જેસીબી અને અન્ય મશીનરીની મદદથી આ ગેરકાયદેસર બાંધકામને સંપૂર્ણપણે તોડી પાડ્યું હતું.

આ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાનાને કારણે સ્થાનિક રહીશોમાં લાંબા સમયથી રોષ જોવા મળી રહ્યો હતો તેમજ આરોગ્ય અને સુરક્ષા સામે પણ પ્રશ્નાર્થો ઊભા થતા હતા. તંત્રની આ કડક અને અચાનક થયેલી કાર્યવાહીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ અગાઉ ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપી સમીર ઉર્ફે પમો સાબીરભાઈ ખોખર (રહે. રામરહીમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા) અને શાહરૂખ સબીરભાઈ કુરેશી (રહે. નગીના મસ્જીદ પાસે રામરહીમનો ટેકરો દાણીલીમડા) દ્વારા રામરહીમના ટેકરો નગીના મસ્જીદ સામે ઢોરબજારના કોટને અડીને ગેરકાયદેસર બાંધકામ ઉભું કરી તે સ્થળનો ઉપયોગ ગેરકાયદેસર રીતે પશુ કતલ કરવા માટે કરતા હતા.

ગેરકાયદેસર રીતે બાંધકામ ઊભું કરી અને ત્યાં જ પશુના કતલ કરતા હોવાને લઈને માહિતી મળી હતી, તેમ જ કેટલાક અસામાજિક તત્વો પણ આ જગ્યા નો ઉપયોગ કરતા હતા.

---

## SVPI ઍરપૉર્ટ પરથી 20 કરોડના ગાંજા સાથે મુસાફરની ધરપકડ કરાઈ



**પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઉત્તર પ્રદેશના સહારનપુરનો વતની 'કેરિયર' તરીકે કામ કરતો હતો, તે અગાઉ દિલ્હીથી બેંગકોક ગયો હતો અને ત્યાંથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદ આવ્યો હતો, જ્યાંથી તેનો પ્લાન ફરી દિલ્હી જવાનો હતો**

અમદાવાદ

ઈન્ટરનેશનલ માર્કેટમાં 20 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ગાંજાનો મોટો જથ્થો અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પરથી ઝડપાયો છે. કસ્ટમ્સ અને એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા વિદેશથી આવેલા એક ભારતીય પેસેન્જર પાસેથી અંદાજે 20 કિલો જેટલો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરીને તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

ડાયરેક્ટોરેટ ઑફ રેવેન્યુ ઈન્ટેલિજન્સને મળેલી ચોક્કસ બાતમીને પગલે, 20 અને 21 મે 2026ની મધરાતે બેંગકોકથી થાઈ એરવેઝની ફ્લાઈટ મારફતે આવેલા આ મુસાફરને ઍરપૉર્ટ પર જ અટકાવવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઉત્તર પ્રદેશના સહારનપુરનો વતની એક 'કેરિયર' તરીકે કામ કરતો હતો. તે અગાઉ દિલ્હીથી બેંગકોક ગયો હતો અને ત્યાંથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદ આવ્યો હતો, જ્યાંથી તેનો પ્લાન ફરી દિલ્હી જવાનો હતો.

શંકાસ્પદ મુસાફરના સામાનની તપાસ કરવામાં આવતા તેની ટ્રોલી બેગમાંથી લીલા રંગના સૂકા છોડ ભરેલા કુલ 19 વેક્યુમ-સીલબંધ પેકેટો મળી આવ્યા હતા. જેનું ટેસ્ટિંગ કરતાં તે ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. અધિકારીઓએ કુલ 20.366 કિલોગ્રામ વજનનો આ જથ્થો ઘટનાસ્થળે જ કબ્જે કર્યો છે. આ ગેરકાયદેસર હેરાફેરી કરવા બદલ આરોપી પેસેન્જર સામે NDPS ઍક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## અમદાવાદના પોશ એરિયામાં આગ લાગી ને ફાયર વિભાગની પોલ ખુલી

માહિતી મુજબ, 22મેએ આજે બપોરે એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડીંગના બી વિંગના ત્રીજા માળે ગીતા પાવર નામની કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી

અમદાવાદ

અમદાવાદમાં એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડીંગના બી વિંગના ત્રીજા માળે આજે અચાનક આગ લાગી હતી. જે આગ ત્રીજા માળથી ચોથા અને પાંચમા માળ સુધી પહોંચી હતી. અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા જ ફાયર વિભાગને આગની ઘટનાની જાણ કરવામાં આવી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી છે. જાનહાનિના કોઈ સમાચાર નથી પરંતુ ચીફ ફાયર ઓફિસરે આપેલી માહિતી પ્રમાણે 50 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જેમને ફાયર વિભાગે CPR આપી મદદ કરી હતી.



ઉલ્લેખનીય છે કે આગ લાગી તે બિલ્ડિંગ સોલિટેર કોર્પોરેટ પાર્કથી પ્રહલાદનગર ફાયર સ્ટેશનનું અંતર માત્ર 1 કિલોમીટર જેટલું છે એટલે કે કોલ મળતાં જ ફાયર ફાયટર 3 મિનિટમાં જ ઘટનાસ્થળે પહોંચી જવું જોઈએ, પરંતુ ફાયર ફાઈટરે પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી સોલિટેર કોર્પોરેટ પાર્ક વચ્ચેનું 3 મિનિટનું અંતર કાપવામાં 21 મિનિટ લીધી. આ સમગ્ર ઘટનાક્રમ અમદાવાદના સૌથી પોશ વિસ્તાર કહેવાતા એસ.જી.હાઈવે મકરબામાં બની છે. આમ મસમોટા દાવા કરતા ફાયર વિભાગની પોલ ખુલી ગઈ છે. મળતી માહિતી મુજબ, 22મેએ આજે બપોરે એસ.જી હાઈવે પર સોલિટેર બિલ્ડીંગના બી વિંગના ત્રીજા માળે ગીતા પાવર નામની કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જે આગ જોતજોતામાં ત્રીજા અને ચોથા માળ સુધી પહોંચી હતી. આગના કારણે ચોથા અને પાંચમા માળે નુકસાન થયું છે. આ દરમિયાન આસપાસના લોકો પણ ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. આગને કારણે બિલ્ડિંગના કાચ ધડામ કરતા કડડભૂસ થવા લાગ્યા હતા.

---

### ઈસનપુરમાં કાયદો-વ્યવસ્થાના ધજાગરા

## અસામાજિક તત્વોએ ઘરમાં ઘૂસી તોડફોડ કરી દીકરીની લાજ લૂંટવાનો પ્રયાસ કર્યો..!

**સોશિયલ મીડિયા પર ન્યાય માટે ઉઠ્યો જનઆક્રોશ : 18 તારીખે અરજી આપવા છતાં પોલીસ કેમ સુષુપ્ત અવસ્થામાં?**

અમદાવાદ

શાંઘાઈ અને સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે અમદાવાદ પૂર્વના વિસ્તારોમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલી મિલતનગર, ઢાલ રફીક હોટલ પાછળ બનેલી મારામારી અને તોડફોડની એક ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી છે. આ મામલે પીડિત મહિલાએ સ્થાનિક અસામાજિક તત્વો સામે જે ગંભીર આક્ષેપો કર્યા છે, તે સાંભળીને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર મોટા સવાલો ઉભા થાય છે. પીડિત મહિલાના જણાવ્યા અનુસાર, કેટલાક માથાભારે અને અસામાજિક તત્વો અચાનક તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા. આ શખ્સોએ ઘરમાં રાખેલી ઘરવખરી તેમજ બહાર પાર્ક કરેલા વાહનોમાં નિર્દયતાપૂર્વક તોડફોડ કરી આતંક મચાવ્યો હતો. આટલેથી ન અટકતા, મહિલાએ અત્યંત ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ઉન્મત્ત બનેલા આ શખ્સોએ તેની દીકરી સાથે અત્યંત ગેરવર્તન કર્યું હતું, તેની છેડતી કરી કપડાં પણ ફાડી નાખ્યા હતા. આ ઘટનાને પગલે આખો પરિવાર ભારે આઘાત અને ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. આ સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારી અને શંકાસ્પદ બાબત પોલીસની ઢીલી કામગીરી છે. પીડિત




મહિલાએ આક્રોશ સાથે જણાવ્યું કે, આ અમાનવીય ઘટના અંગે ગત તારીખ ૧૮ મે ૨૦૨૬ ના રોજ જ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી હતી. પરંતુ, ગુનાની ગંભીરતા હોવા છતાં ૪ દિવસ વીતી ગયા પછી પણ પોલીસે હજુ સુધી સત્તાવાર FIR (ગુનો) નોંધી નથી. પોલીસ દ્વારા કોઈ નક્કર પગલાં ન ભરાતા આખરે પીડિત પરિવારે ન્યાય મેળવવા સોશિયલ મીડિયાનો સહારો લીધો છે. ઘટનાના વીડિયો અને મહિલાની આપવીતી ઈન્ટરનેટ પર વાયરલ થતાં જ જનતામાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, સ્ત્રી સુરક્ષાની વાતો વચ્ચે એક દીકરીની લાજ લૂંટવાનો પ્રયાસ કરનારા ગુંડાઓ હજુ સુધી જેલના સળિયા પાછળ કેમ નથી? શું ઈસનપુર પોલીસ કોઈના દબાણ હેઠળ કામ કરી રહી છે? પીડિત પરિવારે તાત્કાલિક ન્યાય અને કડક કાર્યવાહીની માંગ કરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI